# કૌટુંબિક વેદી

અથવા

# કુટુંબની ભક્તિસભા



સંયોજક : સ્વ. પ્રોફે. ધનજીભાઈ ફકીરભાઈ

બી.એસ.સી, બી.ડી.

15BGrk2 90.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# THE FAMILY ALTER

## કૌટુંબિક વેદી

અથવા

## કુટુંબની ભક્તિસભા

સંયોજક :
પ્રોફે. ધનજીભાઈ ફકીરભાઈ
બી.એસ.સી., બી.ડી.

સુધારેલી બીજી આવૃત્તિ તૈયાર કરનાર
રેવ. દેવદત્ત બી. ચૌહાણ

જાન્યુઆરી ૧૯૯૯

# પ્રસ્તાવના

એકલા રહેવામાં અને કુટુંબમાં રહેવામાં ફેર છે, તેમજ વ્યકિતગત અને કૌટુંબિક પ્રાર્થનામાં પણ ફેર છે. અંગત પ્રાર્થનાની જરૂર છે ; પણ અંગત પ્રાર્થના કુટુંબની પ્રાર્થનાનું સ્થાન લઈ શકે નહિ. તેમજ એકલી કૌટુંબિક પ્રાર્થના પણ પૂરતી નથી ; દરેક જણને પોતાની અંગત પ્રાર્થના સારુ સમય હોવો જોઈએ.

હું પ્રાર્થનાનાં પુસ્તકો તથા પ્રાર્થનાઓના સંગ્રહ કરવા પાછળ પડેલો હતો. તેની જાણ રેવ. જે. એચ. ડેવી સાહેબને પડતાં તેમણે મને ખ્રિસ્તી કુટુંબમાં પ્રાર્થના માટે ઉપયોગી થાય એવો એક સંગ્રહ તૈયાર કરવા ભલામણ કરી. વળી તેમણે પ્રાર્થનાનાં કેટલાક પુસ્તકો પણ મેળવી આપ્યાં. એ રીતે આ પુસ્તકનો આરંભ થયો. તેમના પ્રોત્સાહન તથા સહાય માટે હું તેમનો ઋણી છું. વળી ગુજરાત ટ્રેક્ટ એન્ડ બુક સોસાયટીએ આ પુસ્તક છાપી પ્રગટ કરવાનું માથે લીધું તેથી તેના બધા સભાસદોનો આભાર માનું છું. એ ઉપરાંત રેવ. ડિકી સાહેબ તથા રેવ. જયાનંદ આઈ. ચૌહાનની વ્યવહારુ સૂચનાઓ માટે તથા જે જે ભાઈઓએ નાની મોટી મદદ કરી છે તેમનો પણ ઉપકાર માનું છું. આ પુસ્તકથી ગુજરાતના ખ્રિસ્તી કુટુંબોને થોડો પણ લાભ થશે તો મને ઘણો હર્ષ થશે મુખ પૃષ્ટ પરના ચિત્રમાં દર્શાવેલા હાથ અને આંગળીઓ પેઠે દરેક કુટુંબનાં બધાં માણસો પરમેશ્વરની સન્નિધમાં સદા જોડાયેલા રહો.

કેટલાક ધર્મો પ્રમાણે મંદિરમાં કે ઘરોમાં પવિત્ર અગ્નિ સતત સળગતો રાખવામાં આવે છે. ખ્રિસ્તી કુટુંબની વેદી ઉપર પ્રાર્થનાનો અગ્નિ નિત્ય સળગતો રહે, અને સ્તુતિના ધૂપ અને ભકિત તથા સેવાના યજ્ઞ ચાલુ ચઢાવવામાં આવે એ બહુ અગત્યનું છે. એ હેતુ અર્થે પરમેશ્વર આ પુસ્તકને વાપરો, એ જ પ્રાર્થના.

ખ્રિસ્ત જયંતી, ૧૯૪૯,
કલ્યાણ સોસાયટી, એલીસબ્રીજ,
અમદાવાદ—૬

ધનજીભાઈ ફકીરભાઈ

# બે બોલ

પ્રોફેસર ધનજીભાઈ ફકીરભાઈએ તૈયાર કરેલી ' કૌટુંબિક વેદી  નામની પુસ્તિકાના હસ્તલેખનો મેં અભ્યાસ કર્યો છે. તેમની એ સેવા માટે હું તેમનો હાર્દિક આભાર માનું છું. મને ખાતરી છે, કે તે પુસ્તિકા આપણા બધા જ લોકોના ઉપયોગમાં આવશે અને આશા પણ રાખું છું કે ઘેરેઘેર તેનો અવશ્ય આવકાર થશે.

મરહૂમ રેવ. જે. એસ. સ્ટીવનસન સાહેબે કૌટુંબિક પ્રાર્થનાને માટે જે નાની પુસ્તિકા પ્રગટ કરી હતી તેની આવૃત્તિ ઘણાં વરસથી ખલાસ થઈ ગએલી છે અને હાલ ગુજરાતીમાં તેના જેવી બીજી કોઈપણ પુસ્તિકા નથી. તેથી પ્રોફેસર ધનજીભાઈની આ નવી પુસ્તિકાથી તે ખોટ જરૂર પૂરી પડશે. મિ. ધનજીભાઈની પુસ્તિકા મરહૂમ રેવ. જે. એસ. સ્ટીવનસન સાહેબની પુસ્તિકા કરતાં મોટી છે અને તેમાં દરરોજને માટે ખાસ વાચન, સૂચના, વિચાર અને પ્રાર્થનાઓ સમાએલાં છે. પ્રાર્થના સ્પષ્ટ, સરળ, ટૂંકી અને સુંદર છે. મને ખાતરી છે કે કૌટુંબિક ભજનસેવા માટે દરેક ખ્રિસ્તી કુટુંબમાં આ પુસ્તિકા ઉપયોગી થઈ પડશે અને નાનાં બાળકો સુદ્ધાં બધાંજને તે જરૂર આશીર્વાદિત તથા પ્રિય થઈ પડશે.

૧૯–૯–૫૦ આર. એસ. ડીકી

રાજકોટ

# આવકાર

આપણા જાણીતા સાહિત્યકાર પ્રોફે. ધનજીભાઇ ફકીરભાઇએ ઘણું ઉપયોગી સાહિત્ય ખ્રિસ્તી સમાજ માટે પ્રસિધ્ધ કર્યું છે. પ્રાર્થના એ વિષય પર તેમણે ખૂબ મનન કર્યું છે. પ્રાર્થનાંજલિ એ પણ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે.

આ પુસ્તકમાં કુટુંબના બધા સભ્યો સાથે બેસી પ્રાર્થનામાં સામૂહિક અને વ્યક્તિગત કેવી રીતે જોડાઇ શકે, પ્રાર્થનાની સળગતી વેદી પાસે પોતાના અર્પણો ચઢાવી શકે તેનો એક ખ્યાલ રાખવામાં આવ્યો છે. ' Many things are wrought by prayer that the world dream of ' દુનિયા ધારે તે કરતાં પ્રાર્થના દ્વારા વધુ વસ્તુઓ સિદ્ધ થઇ શકે છે. તેનું આ પુસ્તક એક ઉમદા ઉદાહરણ છે. આશરે ૫૦ વર્ષ પછી આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે તે આનંદની વાત છે.

આ પુસ્તકના પ્રકાશન માટે સ્વ. પ્રોફે. ધનજીભાઇ ફકીરભાઇના દીકરાઓ શ્રી સૌરભભાઇ ધનજીભાઇ અને શ્રી સોલોમન ધનજીભાઈ તરફથી રૂ. ૧૦,૦૦૦ નું ઉદાર દાન મળ્યું છે.

સ્વ. પ્રોફે. ધનજીભાઇ ફકીરભાઇએ પોતાનું આખું ટ્રસ્ટ કર્યું છે તે આખું ટ્રસ્ટ હવે ટ્રાક્ટ સોસાયટીને મળ્યું છે તે માટે પણ સ્વર્ગસ્થના કુટુંબીજનોના આભારી છીએ.

**ભગવતપ્રસાદ ચૌહાણ**
**સેક્રેટરી**

# વિષયાનુક્રમ

## ઈશ્વરનું કુટુંબ


પૃષ્ટ

પુસ્તકના ઉપયોગ અંગે કેટલીક સૂચનાઓ .... .... ૧ થી ૫

૧લું અઠવાડિયું ( વિષય ) ખ્રિસ્તી ઘર .... .... ૭ થી ૨૬

૧લાથી ૭મો દિવસ.

૨જું અઠવાડીયું ( વિષય ) ખ્રિસ્તી મંડળી .... .... ૨૭ થી ૫૦

૮માથી ૧૫મો દિવસ.

૩જું અઠવાડીયું ( વિષય ) માનવસમાજ અને સુવાર્તા.... ૫૧ થી ૭૧

૧૬માથી ૨૨મો દિવસ.

૪થું અઠવાડીયું ( વિષય ) ઈશ્વરનું રાજય .... .... ૭૨ થી ૯૮

૨૩માથી ૩૧મો દિવસ.

પ્રાસંગિક પ્રાર્થનાઓ .... .... ૯૯

કેટલાક ખ્રિસ્તી તહેવારો .... .... ૧૦૩

પ્રાર્થનાના વિષયોની કક્કાવારી .... .... ૧૦૪ થી ૧૧૨

# આ પ્રાર્થનાના પુસ્તકના ઉપયોગ અંગે કેટલીક સૂચનાઓ

કુટુંબની ભકિતસેવા એટલે આગેવાન કે ચલાવનારની અંગત પ્રાર્થના ન થઈ જવી જોઈએ, અથવા એક જણ પ્રાર્થના કરે અને બીજાં બધાં સાંભળ્યાં કરે એમ પણ ન હોવું જોઈએ.ઘરની મુખ્ય વ્યકિત કૌટુંબિક પ્રાર્થનામાં આગેવાની કરે, છતાં દરેક જણ તેમાં બને તેટલો ભાગ લઈ શકે એવી વ્યવસ્થા રાખવી જોઈએ. બને તેટલા માણસો કૌટુંબિક પ્રાર્થનામાં ક્રિયાત્મક ભાગ લે એ બાબત ધ્યાનમાં રાખીને આ પ્રાર્થનાઓની યોજના કરેલી છે. આગેવાની કરનારે પણ એ બાબત ધ્યાનમાં રાખીને બને તેટલા એક સાથે ભાગ લે તેમ ચલાવવું અને તેને માટે ગોઠવણ કરતાં રહેવું જોઈએ. કૌટુંબિક ભકિતસભામાં પોતે ક્રિયાત્મક ભાગ લીધો એમ દરેકને પોતાને થવું જોઈએ. અંગત જરૂરિયાતો માટે વિનંતી અને માગણી પ્રાર્થનામાં આવશ્યક છે જ; પણ સમૂહ પ્રાર્થનામાં આપણે કેવળ અંગત બાબતોથી આગળ વધીને એકબીજા વિષે વિચાર કરવાનો છે અને એકબીજા માટે પ્રાર્થના કરવાની છે, અને એકતા, સહકાર અને સંઘભાવના કેળવવાની જરૂર છે. કૌટુંબિક પ્રાર્થનામાં આ બધું ખીલવું જોઈએ. કૌટુંબિક ભકિતસભા એ એક શાળા છે, જેમાં નાનાં મોટાં બધાં પોતપોતાની શકિત પ્રમાણે ભાગ લઈ શકે છે અને વિકાસ સાધી શકે છે.

દરરોજની કૌટુંબિક પ્રાર્થનાના ૧૦ વિભાગ પાડયા છે તેનો ખુલાસો આ પ્રમાણે છે :–

(૧) ગીત ગાવું એ સ્તુતિ અને ભકિત માટે જરૂરનું છે, અને તે સાથે તેમાં સૌ ભાગ લે એવી રીતે તે થવું જોઈએ. ચાહે તો એક જણ ગીત ગાય અને બીજાં ઝીલે; એ રીતે પણ બધાંને ભાગ લેતાં કરવાં જોઈએ. એથી ગીતો મુખપાઠ પણ થઈ જશે. જો ગીત ન ગવાય તો ગીતશાસ્ત્રમાંથી સ્તોત્ર વાંચવું. વારાફરતી કલમો વાંચવામાં આવે એટલે એક કલમ આગેવાન વાંચે અને બીજી કલમ બીજાં બધાં સાથે વાંચે (જેમ ભજનસંગ્રહને છેડે વાંચનો રાખ્યાં છે તેમ.) અથવા કુટુંબના વાંચી શકે તેવા પ્રત્યેક જણ શાસ્ત્રવાચનની થોડી કલમો એક પછી એક વાંચે, અને એમ શાસ્ત્રવાચનમાં ભાગ લે. આથી કૌટુંબિક સેવા ખરેખરી સમૂહ સેવા થશે. જો સવારે સ્તોત્ર વંચાય તો સાંજે ગીત ગવાય, એવી પણ ગોઠવણ થઈ શકે.

(૨) શાસ્ત્રવાચનમાં પણ વારાફરતી બધાં ભાગ લે એવી ગોઠવણ ઉપયોગી થઈ પડશે. રોજ એક જ જણ વાંચે તેને બદલે જે જે વાંચી શકે તે દરેક જણ વારાફરતી એક પછી એક દિવસે શાસ્ત્ર વાંચે. અથવા કુટુંબમાંથી વાંચી શકે તેવા પ્રત્યેક જણ શાસ્ત્રવાચનની થોડી થોડી કલમો એક પછી એક વાંચે અને એ રીતે શાસ્ત્રવાચનમાં

ભાગ લે. શાસ્ત્રવાંચનાર આગળથી તૈયારી પણ કરી રાખે. દરેક કુટુંબ પોતે પોતાની ઈચ્છા પ્રમાણે શાસ્ત્રવાચન માટે વ્યવસ્થા કરે. કેટલાંક કુટુંબ શાસ્ત્ર એક છેડેથી બીજા છેડા સુધી સળંગ વાંચે છે ; કેટલાંક કોઈ શાસ્ત્રવાચનની યોજનાને અનુસરે છે ; કેટલાંક પોતાને ગમતાં પુસ્તકો કે અધ્યાયો પસંદ કરે છે ; વગેરે.

(૩) પ્રાર્થનામાં ઈશ્વરનો આભાર માનવો, તેની સ્તુતિ કરવી, તેના નામને માન ને મહિમા આપવાં એ આવશ્યક છે, અને દરેક દિવસ માટે ઉપકારસ્તુતિ આપવામાં આવી છે. મહાવરો થશે તેમ તેના કેટલાક ભાગ બધાંને મુખપાઠ થઈ જશે, તો તે બધાં સાથે બોલી પણ શકશે. અહીં એવી વ્યવસ્થા રાખી છે કે આગેવાન અમુક ભાગ બોલે અને **પ્રત્યુત્તર** બધાં સાથે આપે. બધાંએ સાથે બોલવાનો ભાગ **મોટા અક્ષરોમાં** છાપવામાં આવ્યો છે, અને તે મોઢે થઈ જાય એમ મહાવરો કરી લેવો. એક જણ બોલ્યા કરે ને બીજા સાંભળ્યા કરે એમ નહિ થવું જોઈએ, પણ બધા જાગૃત અને ચેતન રહીને પ્રાર્થનામાં ભાગ લે એવું આ યોજનાથી થશે. ૩જાને ૫મા વિભાગમાં આવી ગોઠવણ ખાસ રાખેલી છે. (૪) રોજની વિનંતી, (૫) કેટલીક યાચના, (૬) તે દિવસ માટેનો " વિચાર, (૭) મધ્યસ્થતાની પ્રાર્થના, (૮) ખાસ માગણીઓ ને રાતની પ્રાર્થના, (૯) મા વિભાગમાં પ્રભુની પ્રાર્થના બધાએ સાથે બોલવાની છે. પ્રભુની પ્રાર્થના ખરેખરી સમૂહ પ્રાર્થના છે. એમાં " મારા " મારું " મને એમ નથી, પણ બધી વાતમાં " અમારાં, " અમારું, " અમને, એમ છે. માટે આપણે પોતા માટે જ નહિ પણ બધાંને માટે માગણી કે વિનંતી કરીએ છીએ, એ ભાવના ખાસ યાદ રાખવાની છે. (૧૦) મા વિભાગમાં છેવટનો આશીર્વાદ છે.

સાથે સાથે પવિત્ર શાસ્ત્રનાં વાકયો અને વિચારો દઢ થાય એ પણ દષ્ટિ રાખી છે. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૦ વિભાગમાંથી અનેક વાકયો મુખપાઠ થઈ જશે. પ્રાર્થના વગેરેમાં પોતાના શબ્દો કરતાં ઈશ્વરના જીવંત શબ્દોનો ઉપયોગ થાય એ વિશેષ યોગ્ય છે, તેથી શાસ્ત્રવચનોનો છૂટથી ઉપયોગ કર્યો છે. કેટલાંક કુટુંબોમાં કલમો, શાસ્ત્રવાકયો, સોનેરી વચનો મોઢે કરવાનો રિવાજ હોય છે. એમ રોજની કલમ કે સાબ્બાથશાળામાં મોઢે કરેલી કલમ શાસ્ત્રવાચન પછી બોલી જવામાં આવે તો તે પણ કૌટુંબિક પ્રાર્થનાસભાનો એક ભાગ બની જશે અને તેથી બધાંને લાભ પણ થશે. શાસ્ત્ર એ કૌટુંબિક સેવાનું એક જીવંત અંગ બની જવું જોઈએ. છતાં આવી પધ્ધતિના ઉપયોગથી લાભને બદલે હાનિ ન થાય તેના પર ધ્યાન રાખવાની જરૂર છે, એટલે કે કુટુંબની ભકિતસભા કેવળ મૌખિક રટણ કે કર્મકાંડ કે પ્રાર્થના–પદ્ધતિ જેવું ન થઈ જાય તેની સંભાળ રાખવી. નિયમિતતા, વ્યવસ્થા, દોરવણી, સૂચના માટે

આવું પુસ્તક ઉપયોગી છે ; પણ તે જ ભકિતનું સ્થાન લઈ લે એમ ન થવું જોઈએ. કૌટુંબિક પ્રાર્થના દરમિયાન આપણામાં ખરેખરો ભકિતભાવ જાગે, આત્મિક ઉર્મિઓ, ભાવનાઓ, લાગણીઓ જાગૃત થાય, સારા વિચાર અને નિશ્ચયો બંધાય, સ્તવન, ભજન, આરાધના, ઉપકારસ્તુતિ, મધ્યસ્થતા, વગેરેથી ખરેખરૂં ભકિતભાવવાળું વાતાવરણ જામે, એ જરૂરનું છે. વળી કુટુંબની તથા સગાંસ્નેહી મિત્રોની ખાસ જરૂરિયાતો અને માગણી ભૂલી જવામાં ન આવે, એને સારૂ ૪થા વિભાગમાં ખાસ સ્થાન રાખેલું છે. એટલે, લખેલી ઉપરાંત પોતાની પ્રાર્થનાઓ પણ કરવાની છે. વળી, ૮મો વિભાગ તો ખાસ એને માટે જ જુદો રાખેલો છે. કુટુંબની તેમ જ બીજી પ્રાસંગિક અને સ્થાનિક જરૂરિયાતો પણ પ્રાર્થનામાં લાવવી જોઈએ. એ તારીખે કંઈ ખાસ પર્વ કે યાદગીરી હોય તો તે ભૂલવું નહિ. આ તારીખે કયા મહિનામાં કયો તહેવાર કે ખાસ દિવસ આવે છે તેના નમૂના છેડે પરિશિષ્ટમાં આપ્યા છે. એ જ રીતે કેટલાક કૌટુંબિક પ્રસંગોની પણ તારીખ અને મહિના સાથે નોંધ રાખી શકાય. તારીખ પ્રમાણે મહિના લખી જેનો જેનો જન્મદિવસ; વરસગાંઠ હોય તે લખી રાખવાથી તેને માટે ખાસ પ્રાર્થના તે દિવસે થઈ શકે. તેમ જ લગ્નનો દિવસ, પ્રિયજનોનાં મરણનો દિવસ, બાપ્તિસ્મા, અથવા ખાસ આત્મિક અનુભવની તારીખ અને બીજા યાદદાસ્ત પ્રસંગો પણ નોંધ રાખવા, જેથી તે તારીખે તેનું સ્મરણ કરી ઈશ્વરની ઉપકારસ્તુતિ અને વિનંતી કરી શકાય. વળી જેમના હિતમાં અંગત મધ્યસ્થી કે વિનંતી કરવાની હોય કે જેમને પ્રાર્થનામાં યાદ કરવાનાં હોય તેમનાં નામ પણ વ્યવસ્થિત રીતે ફૂટનોટમાં નોંધી રાખી શકાય. જુદા જુદા વિષયો માટે પ્રાર્થનાની આવી વ્યવસ્થાથી રોજ બધી બાબતનો ખીચડો નહિ થાય પણ વ્યવસ્થિત રીતે દરેક બાબત ને પૂરતો વિચાર અને સમય આપી શકાશે.

સ્તુતિ, આભારદર્શન અને અંગત વિનંતીઓ પેઠે મધ્યસ્થતાની પ્રાર્થના પણ ઘણો અગત્યનો ભાગ છે, અને મધ્યસ્થતાની પ્રાર્થનામાં બધાં માટે સામાન્ય માગણી ઉપરાંત જે એ કામમાં હોય તેનાં નામ લઈને અંગત માગણી પણ કરી શકાય. તે રોજને માટે ૭મા વિભાગમાં આપી છે. આખા મહિના માટે ૩૧ દિવસોની પ્રાર્થનાઓ છે. પુસ્તકની શરૂઆત કરવા પહેલી તારીખ સુધી રાહ જોવાની જરૂર નથી, ગમે તે તારીખે તે તારીખની પ્રાર્થનાથી શરૂઆત કરવી. સવારની તેમ જ સાંજની કૌટુંબિક પ્રાર્થના માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો રોજની પ્રાર્થનાઓને બે ભાગમાં વહેંચીને તેમ કરી શકાશે. સવાર માટે (૧) ગીત અથવા સ્તોત્ર અને (૨) શાસ્ત્રવાચન (૩) અને (૪, ૫) વિભાગ અને (૯, ૧૦) વિભાગ વાપરવામાં આવે. સાંજ માટે (૧) ગીત કે સ્તોત્ર અને (૨) શાસ્ત્રવાચન પછી (૬, ૭, ૮) વિભાગ અને અંતે (૯,

૧૦) વિભાગનો ઉપયોગ કરવો. એથી બહુ લંબાણ પણ નહિ થાય અને સવારની તેમ જ સાંજની પ્રાર્થનાની ગોઠવણ થઈ શકશે. રોજરોજ આખા દિવસની જરૂરિયાત અને મદદ માટેની પ્રાર્થના ૪થા વિભાગને છેડે છે ; અને દિવસના અંતની પ્રાર્થના ૮મા વિભાગમાં છે.

આ ૩૧ દિવસની પ્રાર્થનાઓના ક્રમમાં ઉત્તરોત્તર વિકાસ સમાયેલા છે. કૌટુંબિક ભકિતસેવાનો મધ્યસ્થ વિચાર અને દષ્ટિબિંદુ તે '' ઈશ્વરનું કુટુંબ  છે. એ વિચારની આજુબાજુ બધી રચના કરવામાં આવી છે. એ યોજના જો દષ્ટિ સમક્ષ રહે તો ઘણી સ્પષ્ટતા થશે અને દોરવણી મળશે.

આ વિચારના દોરા કે સૂત્રમાં બધા દિવસોના મણકા પરોવેલા છે. બધી પ્રાર્થનાઓમાં એ એક મધ્યવર્તી સૂત્ર છે. કુટુંબ જેમ વ્યકિત (છૂટક છૂટક માણસો)ની સાથે જોડાયેલું છે, તેમ કુટુંબ મંડળીની સાથે, સમાજની સાથે અને રાષ્ટ્રની સાથે સંકળાયેલું છે. દરેક માણસની સાથે તેમજ નાગરિકપણામાં તેમજ સ્વર્ગના રાજય અને ઈશ્વરની વિશ્વયોજનાની સાથે કુટુંબ જોડાયેલું છે. તેથી એ સંબંધ ધ્યાનમાં રાખીને કૌટુંબિક પ્રાર્થના થવી જોઈએ.

૧. ઘર એ ઈશ્વરનું કુટુંબ છે.કુટુંબના માણસો અને ઘરમાં જે રહેતાં હોય તે આશ્રિતો, નોકરચાકર સુદ્ધાં ; વળી સગાં, મિત્રો, પડોશીઓ, આથી પહેલા ૭ દિવસ કે પહેલા અઠવાડિયાનો મુખ્ય વિષય ખ્રિસ્તી ઘર છે અને તે દિવસોની પ્રાર્થના, મધ્યસ્થતા, '' વિચાર  વગેરે એ વિષયને અનુલક્ષીને આપેલા છે.

૨. મંડળી એ ઈશ્વરનું કુટુંબ છે,  અને મંડળીની સાથે આપણો સંબંધ, તેમાંનાં કુટુંબો, સભાસદો, તેમાં સેવા કરનારાઓ, તેની વિવિધ પ્રવૃત્તિઓ, વળી બીજી મંડળીઓ, બધા દેશોની મંડળીઓ, સંયુકત મંડળી, સર્વ દેશ, સર્વ જમાનાની મંડળી, સાર્વત્રિક મંડળી, એને લગતા '' વિચાર,  પ્રાર્થના વગેરે '' બીજા અઠવાડિયા  માં રાખ્યા છે.

૩. માનવસંઘ, સમૂહ કે જનતા એ ઈશ્વરનું કુટુંબ છે. સામાજિક એકમો, સમાજ, પ્રજા, રાષ્ટ્ર, દેશ, બધી પ્રજાઓ, રાષ્ટ્રો, જાતિઓ, અને માનવજાતિ, આંતરરાષ્ટ્રસંઘ, તેમના પ્રશ્નો, રાજતંત્ર અને એકતા, માનવ બંધુત્વ, વિશ્વબંધુત્વ, નાગરિકતા અને આંતરરાષ્ટ્રીય નાગરિકતા, તેમની સેવા, સુવાર્તાપ્રચાર અને બીજાં કર્તવ્યો, તેમાં ખ્રિસ્તી સદાચરણ ને વર્તન એ ત્રીજા અઠવાડિયામાં આપ્યું છે.

**૪. સઘળાને સંકેલી લેતું ઈશ્વરનું રાજય એ ઈશ્વરપિતાનું કુટુંબ છે.** મનોમાં, મંડળીમાં, સમાજમાં, વહેવારમાં, રાજયમાં, ઈતિહાસમાં, કુદરતમાં,

વિશ્વમાં, સ્વર્ગમાં અને પૃથ્વીમાં ઈશ્વરની સત્તા, પ્રેમ, ન્યાય, સમાનતા, અને ખ્રિસ્તના રાજ્યમાં આખા વિશ્વની પર્યાપ્તિ એ છેલ્લા અઠવાડિયાનો વિષય છે.

આ મોટી યોજના જોઈ શકાય, તેનો કાર્યક્રમ સમજાય અને તેમાં ભાગ લેતા થવાય તેને સારુ છઠા વિભાગમાં ઉત્તરોત્તર વિકસતો " આજને માટેનો વિચાર આપવામાં આવ્યો છે. પહેલા સમૂહમાં સાત દિવસ ખ્રિસ્તી દષ્ટિએ કુટુંબ શું છે તે દર્શાવનારા " વિચાર આપ્યા છે. બીજા સમૂહમાં મંડળી વિષેના વિચાર આપ્યા છે. ત્રીજા સમૂહમાં માનવ સમાજ અને સુવાર્તાના વિચાર છે. ખ્રિસ્તી નાગરિકતા, રાષ્ટ્ર કે રાજ્યમાં નાગરિકતાની ફરજો, ન્યાય નીતિની સ્થાપનાને લગતા વિચાર છે. પૃથ્વી પર અને વિશ્વમાં ઈશ્વરનું રાજ્ય, ખ્રિસ્તનું રાજ્ય, તેના આદર્શ, તેના સ્વરૂપના વિચાર છે. આવી રીતે વિચારોની સળંગ શૃખંલા (સાંકળ) છે ; એ બરાબર સમજવામાં આવે તો આખો વિકાસક્રમ સમજી શકાય. રોજના એ " વિચારો (વિભાગ ૬) માં કુટુંબ, મંડળી, સમાજ અને સુવાર્તા, તથા ઈશ્વરી રાજ્યનો ચોખ્ખો ખ્યાલ આવે છે. એમ દરેક અઠવાડિયાનું એક એક વિચારજૂથ છે, અને બધાં જૂથ સંગઠિત થઈને આખા મહિનાનો એક મધ્યવર્તી વિચાર બન્યો છે. જો આગેવાન ચાહે તો રોજના આ વિચાર ઉપર થોડો પ્રકાશ પાડે, થોડું મનન કરે, ટૂંકું પ્રવચન કરે, તો તે પણ બની શકે એમ છે. મધ્યસ્થતા માટે આ ક્રમે ક્રમે વિકસતું વિશાળ ક્ષેત્ર ધ્યાનમાં રાખીને તેને લગતી જુદી જુદી બાબતો માટે " મધ્યસ્થતાની પ્રાર્થના ૭મા વિભાગમાં આપવામાં આવી છે. આમ કરવાથી કુટુંબમાં થતી પ્રાર્થના એ વ્યવહારથી અલાયદી, કેવળ શોભા કે લાગણીની બાબત નહિ, પણ રોજના જીવન અને વ્યવહાર સાથે ઓતપ્રોત થયેલું અગત્યનું કાર્ય થશે.

પ્રાર્થના એ કેવળ સ્વાર્થી માગણીઓ જ નથી. ભકિત અને ભજન માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવા સારુ ગાયન, વાચન, સ્તવન, ઉપકારસ્તુતિ થાય ; ઈશ્વરની સંનિધતા, મહત્તા, સામર્થ્ય, પ્રેમ, દયા અને સહાયનું ભાન થાય ; સ્વર્ગી રાજ્ય, ઈશ્વરી યોજના, અને બૃહત મંડળીનું દર્શન થાય ; અને તેની સફળતા માટે, સુવાર્તા, સેવા અને બીજાં કાર્ય માટે, અને માનવતા તથા દુનિયાના આંતરિક સંબંધો માટે પ્રાર્થના અને વિનંતી કરવામાં આવે ; એ બૃહત કુટુંબની પ્રાર્થનાનું વિશાળ ક્ષેત્ર છે.

મહિનાના દિવસો ઉપરાંત કેટલાક કૌટુંબિક ખાસ પ્રસંગો માટેની પ્રાર્થનાઓ પુસ્તકને છેડે ઉમેરી છે, જે માર્ગદર્શક થઈ પડશે. વળી અંતે પ્રાર્થનાના વિષયોની કકાવારી મૂકી છે, તેની મદદથી અમુક વિષયો સંબંધીની પ્રાર્થના કયાં છે તે શોધી શકાશે.

# THE FAMILY ALTER

## કૌટુંબિક વેદી અથવા કુટુંબની ભકિતસભા

### પહેલું અઠવાડિયું

### ખ્રિસ્તી ઘર

# પહેલો દિવસ

## ૧. ગીત

ગીતો, સ્તોત્રો, તથા આત્મિક ગાયનોથી એકબીજાની સાથે વાતો કરીને (કૃપાસહિત) તમારાં હ્રદયોમાં પ્રભુનાં ગાયનો તથા ભજનો ગાઓ.

(ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું)

## ૨. શાસ્ત્રવાચન

યહોવાહ દેવ જે બોલ્યો છે તે હું સાંભળીશ. હે પ્રભુ, બોલ, કેમકે તારો સેવક સાંભળે છે. (શાસ્ત્રવાચન કરવું)

## ૩. ઉપકારસ્તુતિ

હે પ્રભુ, તેં અમને આજ દિવસ સુધી જીવાડયાં છે અને ટકાવી રાખ્યાં છે, તેને માટે તારો આભાર માનીએ છીએ. હે પ્રભુ, તેં અમને બીજા નવા દિવસનો પ્રકાશ આપ્યો છે, તેને માટે તારો આભાર માનીએ છીએ. દર સવારે અમારા પર તારી કૃપા નવી થાય છે, તેને માટે તારો આભાર માનીએ છીએ. આખો દિવસ તું અમારી રક્ષા કરે છે અને અમને ધરી રાખે છે, તેને માટે અમે તારો આભાર માનીએ છીએ.

## ૪. વિનંતી

પ્રભુ ઈસુ, તેં અમને વચન આપ્યું છે, કે " જયાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય, ત્યાં તેઓની વચમાં હું છું. અત્યારે અમે તારે નામે ભેગાં મળ્યાં છીએ. અમારી મધ્યે તું હાજર થા. અમારું ગાવું, વાંચવું, સ્તુતિ, પ્રાર્થના, સર્વ તને માન્ય થાઓ. તું અમારી પ્રાર્થના સાંભળ ; પણ વિશેષે કરીને તું જે બોલે તે સાંભળ વાને અમને વધારે તત્પર કર. તું અમારા અંતરમાં બોલ, તારા પવિત્ર શાસ્ત્ર મારફતે અમારી સાથે વાત કર. તારા સેવકો દ્વારા અમને તારો સંદેશો કહેવડાવ. જે કુટુંબીજનો હ્યાં હાજર છે, અને જેઓ હાજર નથી તેઓની સાથે તું રહે. દયા કરીને આજનો દિવસ પાપથી અમારી રક્ષા કર. (સગાંસ્નેહી, કુટુંબીજનો માટે ખાસ માગણીઓ અને વિનંતીઓ હોય તો તે કરવામાં આવે.)

## આખા દિવસ માટે પ્રાર્થના

આજે તારી દોરવણી અને રક્ષાને અમે એવી રીતે આધીન થઈએ કે અમારા માર્ગમાં જે જોખમો આવે તેથી ડરીએ નહિ, પણ આનંદી અને શ્રદ્ધાવાન થઈને પૂર્ણ હ્રદયથી તારા બળમાં અમારી મુસાફરીમાં આગળ વધીએ. પ્રભુ ઈસુને નામે. આમીન.

## ૫. ઈશ્વરી પ્રેમને માટે સ્તુતિ

દેવે જગત પર એટલી પ્રીતિ કરી, કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. **હે પ્રભુ, તારા પ્રેમને માટે તારી સ્તુતિ થાઓ.**

ખ્રિસ્તે મારા પર પ્રેમ કર્યો, ને મારે સારુ પોતાને આપ્યો. તેણે આપણા પર પ્રેમ રાખ્યો, અને પોતાના રકત વડે આપણને પાપથી મુકત કર્યા. **હે પ્રભુ, તારા પ્રેમને માટે તારી સ્તુતિ થાઓ.**

જુઓ, પિતાએ આપણા પર એટલો બધો પ્રેમ રાખ્યો, કે આપણે દેવનાં છોકરાં કહેવાઈએ. જેણે આપણા પર પ્રેમ રાખ્યો છે, તેને આશરે આપણે બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ. **હે પ્રભુ, તારા પ્રેમને માટે તારી સ્તુતિ થાઓ.**

કોઈ પણ સૃષ્ટ વસ્તુ દેવની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડી શકશે નહિ. **હે પ્રભુ, તારા પ્રેમને માટે તારી સ્તુતિ થાઓ.**

(પ્રભુની પ્રાર્થના અને આશીર્વચન. ૧, ૨. સાંજે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન ૧,૨.

## ૬. આજને માટે વિચાર

તમે હવે પારકા નથી, પણ પવિત્રોની સાથેના એક નગરના રહેવાસી તથા દેવના કુટુંબના માણસો છો. માટે જેમ પ્રસંગ મળે તેમ આપણે બધાઓનું અને વિશેષે કરીને વિશ્વાસના કુટુંબનાં જે છે, તેઓનું સારું કરીએ. તમારી પોતાની પરીક્ષા કરો, સંપૂર્ણ થાઓ, પુરુષાર્થ કરો, વિશ્વાસમાં દઢ રહો, બળવાન થાઓ, એક દિલના થાઓ, શાંતિમાં રહો.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પ્રભુ, અમે અમારા પોતાને માટે, અને તારા લોકને માટે, અને વિશેષે કરીને સાર્વત્રિક મંડળીના હિતને માટે પ્રાર્થના કરીએ છીએ ; તારો દયાળુ આત્મા સર્વને એવી રીતે દોરે તથા ચલાવે કે જેઓ પોતાને ખ્રિસ્તી કહેવડાવે છે તેઓ બધાં સત્યના માર્ગમાં ચાલે અને આત્માની એકતા તથા મેળાપના બંધન તથા ધાર્મિક ચાલ વડે વિશ્વાસને ઝાલી રાખે. અમારી મંડળીના બધા સભાસદો માટે પ્રાર્થના કરીએ છીએ કે અમે બધાં ખ્રિસ્તમાં આગળ વધી એકતામાં રહીએ અને પહાડ પર વસાવેલા નગર જેવા, તથા દીવી પર મૂકેલા દીવા જેવા થઈએ. ઘરમાં, મંડળીમાં અને જગતમાં અમે અજવાળારૂપ થઈએ અને અમારી રહેણીકરણી જોઈને સૌ અમારા આકાશમાંના બાપની સ્તુતિ કરે. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ

(ખાસ પ્રસંગ, તહેવાર, પ્રયત્ન કે કામ માટે અને મુશ્કેલી, જરૂરિયાત, માંદગી, વગેરે માટે પ્રાર્થના). નવા મહિના માટે પ્રાર્થના.

## રાતની પ્રાર્થના

રાતની શાંતતા અને મૌનને સમયે હે પિતા, તું અમારી સાથે રહેજે. જેમ માતા બાળકોને શીખવે છે તેમ અમને તું શીખવજે. અમારાં બિછાનાંમાં તું અમારા વિચાર અને ચિંતનનો વિષય થજે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલે) ઓ આકાશમાંના અમારા બાપ ...........

## ૧૦. આશીર્વચન

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તી કૃપા, દેવબાપની પ્રીતિ અને પવિત્ર આત્માની સંગત આપણ બધાંની સાથે, હમણાં અને સર્વકાળ સુધી થાઓ. આમીન.

---

# બીજો દિવસ

## ૧. ગીત

આવો આપણે યહોવાહની આગળ ગાઈએ, આપણા તારણના ખડકની આગળ હર્ષનાદ કરીએ. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું.)

## ૨. શાસ્ત્રવાચન

તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારકવાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ. ધર્મલેખો સમજવા સારૂ તેણે તેઓનાં મન ખોલ્યાં. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

હે પ્રભુ, આભારી હૃદયથાં અમે તારી પાસે આવ્યાં છીએ. અમને જન્મ અને નવો જન્મ આપવા માટે અમે તારા આભારી છીએ. અમને જીવન, નવું જીવન અને અધિક જીવન આપવા માટે અમે તમારા આભારી છીએ. અમને તારો પુત્ર અને તેના વડે ઉદ્ધાર આપવા માટે અમે તારા આભારી છીએ. અમને તારો પવિત્ર આત્મા અને તેની શકિત તથા દોરવણી આપવા માટે અમે તારા આભારી છીએ.

## ૪. વિનંતી

પ્રભુ, તારું વચન છે કે, ‘‘માગો અને તમને મળશે, એ માટે કે તમારો આનંદ સંપૂર્ણ થાય. તારા વચન પ્રમાણે તારે નામે અમે પ્રાર્થના કરીએ છીએ. અમારા માગવા પહેલાં તું બધું જાણે છે, અને અમારી સર્વ જરૂરિયાતોથી તું માહિતગાર છે. તારા સર્વજ્ઞપણાથી અને તારી અનંત કૃપા પ્રમાણે તું અમને આપ. અહીં એકઠા થયેલા દરેક જણની ગરજ અને જરૂરિયાત તું પૂરી કર. જે કુટુંબીજનો (નામ લઈને) અહીં હાજર નથી તેમની જરૂરિયાતો તારા વચન પ્રમાણે પૂરી કર. તેમને તારી રક્ષા તળે સાચવી રાખ. અમારાં બધાં સગાંસ્નેહીઓ, સંબંધી તથા મિત્રોને તારી કૃપા તળે મૂકીએ છીએ. તેઓ પર દયા કર અને તેમને તારો આશીર્વાદ આપ. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા બીજાં સગાંસંબંધી, મિત્રો માટે ખાસ માગણી તથા પ્રાર્થના કરવી.)

## આખા દિવસ માટે પ્રાર્થના

અમે તારા નામથી ઓળખાઈએ છીએ, માટે તારા નામને ખાતર અમારી રક્ષા કર, અમને ન્યાયીપણાને માર્ગે ચલાવ અને અમારી મારફતે તારા નામનો મહિમા કરાવ. આમીન.

## ૫. આજ્ઞા પાળવાનાં મન માટે યાચના

(દશ આજ્ઞા એક પછી એક બોલવી, અને દરેક આજ્ઞા કે ત્રણ ત્રણ આજ્ઞા પછી નીચે પ્રમાણે બોલવું) (પહેલી આજ્ઞા) એક જ દેવને માનવો ; હે પ્રભુ, અમારા પર દયા કરીને આ આજ્ઞા પાળવાનું મન તું અમને આપ. (બીજી આજ્ઞા વગેરે.)

હે ઈશ્વર, અનેકવાર અમે તારી આજ્ઞાઓ તોડી છે. તેને માટે અમે ખરા મનથી પશ્ચાતાપ કરીએ છીએ. અમને ખ્રિસ્તમાં માફ કર. તારા તરફથી માફી પામીએ છીએ ત્યારે બીજાઓને માફી આપવાનું મન અમને આપ. આમીન. (પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન ; ૯, ૧૦.)

(સાંજે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

ખ્રિસ્તની શાંતિ કે જે પામવા સારુ તમે એક શરીર થવા સારુ તેડાયેલા છો, તે તમારાં હૃદયોમાં રાજ કરે. તમે ખ્રિસ્તનું શરીર અને તેના જુદા જુદા અવયવો છો. શરીરમાં ફાટફૂટ ન પડે પણ બધા અવયવો એક બીજાને માટે એક સરખી ચિંતા કરે. હે પ્રભુ, તારાં અંગો તરીકે અમે એક બીજા સાથે સુમેળમાં રહીએ અને તને માન આપીએ એવું તું થવા દે. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે ઈશ્વર, આ રવિવારે તારી ભક્તિસભામાં ભાગ લેવાને માટે તું અમારાં મનોને તૈયાર કરજે. અમે અને તારા સર્વ લોકો આત્માથી તથા સત્યતાથી તને ભજીએ અને તારી ભજનસેવાના સારા લાભ મેળવી શકીએ એવું કર. દરેક ભક્તિસભા ચલાવનાર તથા બોધ કરનારની સાથે તું રહેજે. તેમના મુખથી તારો સંદેશો આપજે કે જેથી તારા લોકોને કૃપા પ્રાપ્ત થાય અને આત્મિક અન્ન મળે. બાપ્તિસ્મા લેવા, પૂર્ણ સભાસદ થવા કે સ્થિરિકરણ પામવા અથવા પવિત્ર સંસ્કાર – પ્રભુભોજન–પાળવા સાર જેઓ તૈયારી કરે છે તેઓને તારા આત્માથી તૈયાર કર. તેઓ પૂરી આસ્થા, ગંભીરતા અને પ્રેમથી તે સ્વીકારે એવું તું કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

(ખાસ તહેવાર, પ્રસંગ, ઉત્સવ, કામ કે પ્રયત્ન હોય તો તેને માટે પ્રાર્થના. ખાસ જરૂરિયાત, મુશ્કેલી, માંદગી વગેરે માટે પ્રાર્થના.) હે શાંતિના પિતા, દિવસના

શ્રમ પછી આજે રાત્રે તું અમને સંપૂર્ણ શાંતિ અને વિશ્રાંતિ આપજે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલે) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

પિતા, પુત્ર તથા પવિત્ર આત્માને મહિમા થાઓ. જેવો આરંભમાં હતો, હમણાં છે અને સદાકાળ યુગોયુગ રહેશે. જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર નિષ્કપટ પ્રીતિ રાખે છે તેઓ સર્વ પર કૃપા થાઓ. આમીન.

---

# ત્રીજો દિવસ

## ૧. ગીત

યહોવાહ દેવ મારું સામર્થ્ય તથા મારું સ્તોત્ર છે, અને તે મારું તારણ થયો છે. મારા હૃદયમાં અત્યાનંદ થાય છે. ગાયનથી હું તેની ઉપકારસ્તુતિ કરીશ. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

મારી રુચિને તારાં વચન કેવાં મીઠાં લાગે છે ! તેઓ મારા મોઢાને મધના કરતાં વધુ મીઠાં છે. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

તેં અમને ભેગા રહેવાને સારુ મધુર ઘર આપ્યું છે, **તેને સારુ, પિતા, તારી સ્તુતિ કરીએ છીએ.** તેં અમને પરસ્પર પ્રેમ કરવાને વહાલાંઓ આપ્યાં છે **તેને સારુ, પિતા, તારી સ્તુતિ કરીએ છીએ.** કુટુંબમાં આનંદ આપનાર બાળકો, પ્રફુલ્લતા આપનાર જુવાનો અને સલાહ આપનાર વૃદ્ધો આપ્યાં છે, **તેને સારુ, પિતા, તારી સ્તુતિ કરીએ છીએ.** આનંદમાં ભાગ લેનાર, દુઃખમાં દિલાસો દેનાર અને માંદગીમાં સેવા કરનાર કુટુંબીજનો આપ્યાં છે, **તેને સારુ, પિતા, તારી સ્તુતિ કરીએ છીએ.** કુટુંબમાં અમને સુખશાંતિ અને હર્ષના ઘણા દિવસો આપ્યા છે, **તેને સારુ, પિતા, અમે તારી સ્તુતિ કરીએ છીએ.**

## ૪. વિનંતી

હે પ્રભુ, અમારા આકાશમાંના બાપ, સર્વસમર્થ તથા સનાતન દેવ, તેં આજની સવાર સુધી અમને સાજાંતાજાં રાખ્યાં છે. તું મારા મહા બળથી આખો દિવસ અમારું રક્ષણ કર, આજે અમે કોઈ પણ પાપમાં અથવા સંકટમાં પડીએ નહિ, પણ અમારાં બધાં કામો તારા અધિકાર વડે ચાલે, એવું તું કર. જેથી તારી નજરમાં જે સારું હોય તેજ અમે સર્વદા કરીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને લીધે. ઈશ્વરપિતા, ઈશ્વરપુત્ર, ઈશ્વર પવિત્ર આત્મા આપણ બધાંને તથા આપણાં સગાંવહાલાંઓને આશીર્વાદ આપો, અને હમણાં તથા સદાકાળ સુધી સાચવી રાખો, અને રક્ષા કરો.

(હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે પ્રાર્થના.)

## આખા દિવસ માટે પ્રાર્થના

હે ઈશ્વર, અમારા પ્રેમાળ બાપ, અમને હંમેશાં તારી પડખે રાખ કે તારાથી અમને બળ, શાંતિ અને વિશ્વાસ પ્રાપ્ત થાય. આમીન.

## પ્રેરિતોનું વિશ્વાસનામું

(બધાં સાથે બોલે.)

(પ્રભુની પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦)

(સાંજે વાપરી શકાય. ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

તે તેઓને ભાઈઓ કહેવાને શરમાતો નથી. છોકરાં માંસ તથા લોહીનાં બનેલાં હોય છે. માટે તે પણ તેજ રીતે તેઓનો ભાગીદાર થયો. તેથી તેને સઘળી બાબતોમાં પોતાના ભાઈઓના જેવું થવું જોઈતું હતું. ખ્રિસ્ત તો પુત્ર તરીકે દેવના ઘર પર વિશ્વાસુ હતો. આપણે તેનું ઘર છીએ.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત, તેં કહ્યું છે કે " જે કોઈ દેવનાં વચન સાંભળે છે તથા પાળે છે તેજ મારી મા તથા ભાઈ, તથા બહેન છે. તું એવું કર કે તારાં વચન પાળીને અમે તારાં સાચાં સંબંધીઓ થઈએ, અને એકબીજાના સાચા સગપણમાં આવીએ. તારા પ્રેમથી અમે એકબીજા પર પ્રેમ કરીએ જેથી અમારો પ્રેમ સાચો, નિઃસ્વાર્થી અને સ્વાર્પણ કરનાર પ્રેમ થાય. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે દયાળુ પ્રભુ, બધાં બાળકોને આશિષ આપ. તેમની સંભાળ કરનારા અને દેખરેખ રાખાનારાઓને ડહાપણ, ધીરજ અને પ્રેમ આપ, જેથી જે ઘરોમાં તેઓ ઊછરે છે તે તેમને સ્વર્ગના રાજયના નમૂના જેવું લાગે. માબાપો અને સંભાળ કરનારાઓની કાળજી તે બાળકોને તારા પ્રેમના નમૂના જેવી લાગે. અમે અહીંની શાબ્બાથશાળામાં તથા બધી શાબ્બાથશાળાઓમાં ભણનારા માટે પ્રાર્થના કરીએ છીએ. તેમની કુમળી વયમાં તેઓ તને ઓળખીને તારણ પામે એવું કર. તેમને શિખવનારાંઓને તારણનો અનુભવ તથા આત્માનું પરાક્રમ આપ, કે તેઓ તારાં હલવાનોને યોગ્ય પોષણ આપે. સર્વ નવા શોધકોને તું મળ અને તેમના વિશ્વાસને દઢ કરીને તેમને હિંમત આપ. બધા નવા શિષ્યોને તારામાં ટકાવીને આગળ વધાર. તારા પોતાના નામમાં માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાતને માટે પ્રાર્થના

(ખાસ પ્રસંગ, તહેવાર, કામ કે મુશ્કેલી, જરૂરિયાત કે માંદગી, વગેરે માટે પ્રાર્થના.)

અમારા સ્વર્ગમાંના બાપ, તેંજ દિવસ અને રાત બનાવ્યાં છે અને તે તારી સારી વ્યવસ્થાનું પરિણામ છે. રાતે અમારાં થાકેલાં શરીર અને મન આરામ પામે

છે અને આવતી કાલના કામને માટે અમે તાજા, તંદુરસ્ત ને બળવાન થઈએ છીએ. દિવસે કામ અને રાતે વિશ્રામને સારુ અમે તારો આભાર માનીએ છીએ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલે) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

દેવ આપણા બાપ તરફથી તથા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી આપણને કૃપા તથા શાંતિ હો. સર્વસમર્થ તથા દયાળુ પ્રભુ બાપ, પિતા, પુત્ર અને પવિત્ર આત્મા આપણને આશીર્વાદ આપો, અને આપણી રક્ષા કરો. આમીન.

---

# ચોથો દિવસ

## ૧. ગીત

યહોવાહની આગળ ગાઓ. તેના નામને સ્તુત્ય માનો દિનપ્રતિદિન તેનું તારણ પ્રગટ કરો. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુદ્ધ કરી શકે ? તારાં વચન પ્રમાણે સાવધ રહેવાથી. હું તારી વિરૂદ્ધ પાપ ના કરું માટેં મેં તારું વચન મારા હૃદયમાં રાખી મૂકયું છે. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

હે પવિત્ર આત્મા, તું આખી દુનિયાને ભરે છે ; કુદરતી અને કૃપાનાં સર્વે દાનોનું તું મુળ છે ; **અમે તારું ભજન અને આરાધના કરીએ છીએ.** તેં અમને જન્મ આપ્યો છે અને તું અમને નિભાવી રાખે છે, તું અમારું ખમે છે અને અમને પુનઃસ્થાપન કરે છે ; **અમે તારું ભજન અને આરાધના કરીએ છીએ.** તું અમને સમજણ આપે છે અને ઠપકો દે છે, તું અમને શીખવે છે અને સર્વ સત્યમાં દોરે છે; **અમે તારું ભજન અને આરાધના કરીએ છીએ.**

## ૪. વિનંતી

હે પ્રભુ, સાંભળ ; હે પ્રભુ ક્ષમા કર ; હે પ્રભુ, લક્ષ દે, ને અમારી અરજ ફળીભૂત કર. વિલંબ ન કર, હે મારા દેવ, તારી પોતાની ખાતર એ પ્રમાણે કર, કેમકે તારા લોકોનું નામ તારા નામ પરથી પડેલું છે.

હે સર્વશકિતમાન તથા મહા દયાળુ બાપ, અમે પાપ કર્યું છે, અને ભૂલા પડેલા ઘેટાની પેઠે ભટકી ગયાં છીએ, અમે તારા પવિત્ર નિયમો તોડયા છે. અમારે. જે કરવું જોઈતું હતું, તે અમે કર્યું નથી ; પણ જે કરવું જોઈતું ન હતું તે અમે કર્યું છે. અમારામાં કંઈ સાજાપણું નથી. હે પ્રભુ, અમ દીન પાપીઓ પર દયા કર, અમે જેઓ અહીં તારી આગળ હાજર થયાં છીએ, અને જેઓ હાજર નથી, તે બધાંને તારા વચન પ્રમાણે તારામાં અને તારા મહિમાને અર્થે સદા ટકાવી રાખ. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો, સગાંસ્નેહીઓ વગેરે માટે ખાસ વિનંતીઓ.)

## આખા દિવસ માટે પ્રાર્થના

પ્રભુ, તારા લોકોને તાર અને તારા વારસાને આશીર્વાદ દે. તેઓનું પોષણ કરીને આજે તથા સદા તેઓને ઊંચકી રાખ. આમીન.

## ૫. ધન્યતા મેળવવા યાચના

જેનું ઉલ્લંઘન માફ થયું છે, તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે, તેને ધન્ય છે. **હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું તું કર.**

જેને યહોવાહ અન્યાયી ગણતો નથી અને જેના આત્મામાં કંઈ કપટ નથી, તે માણસને ધન્ય છે. **હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું તું કર.**

જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે. **હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું તું કર.**

જે દરિદ્રીની ચિંતા કરે છે તેને ધન્ય છે ; સંકટને સમયે યહોવાહ તેને છોડાવશે. **હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું તું કર.** આમીન.

(પ્રભુની પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦) (સાંજે વાપરી શકાય, ગીત અને શા. વા. ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

ત્રાતા પ્રભુ ઈસુ કહે છે : "જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ખખડાવું છું. જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ ને તે મારી સાથે જમશે.

હે પ્રભુ ઈસુ, અમે અમારાં હૃદયો તારી આગળ ખોલીએ છીએ, તેમજ અમારા ઘર તથા કુટુંબમાં તને સત્કારીએ છીએ. અમારા કુટુંબીજન તરીકે અમે તારી સંગતમાં રહીશું. અમારા ઘરના શિરપતિ તરીકે અમે તને આધીન રહીશું. તું અમારી સાથે જમ અને અમને આત્મિક અન્ન જમાડ. તું મહેમાન તરીકે આવે તો અમે તારી મહેમાનગીરી કરીશું. તું અભ્યાગત અતિથિ તરીકે આવે તો અમે તારી સેવા કરીશું. અમારા ઘરનું બારણું અમે સદા તારે સારુ ઉઘાડું રાખીશું. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

અમારા ગામના, ગુજરાતના, ભારતના અને આખી દુનિયાના ખ્રિસ્તી જુવાનોને આશીર્વાદ આપ. તેઓ પોતાની યુવાવસ્થામાં પોતાના ઉત્પન્નકર્તાને યાદ રાખે, તેને આધીન થાય, તેની સેવા કરે. યુવક મંડળ, પ્રયત્નવર્ધક મંડળ, વાય. એમ. સી. એ., વાય. ડબલ્યુ. સી. એ., ખ્રિસ્તી વિદ્યાર્થીમંડળ, એસ. સી. એ., સ્ટુડન્ટ ક્રિશ્ચિયન મુવમેન્ટ, વગેરે યુવક પ્રવૃત્તિઓ અને કામો તારામાં અને તારે અર્થે થાય.

તેમનાં દરેક કામ ઉપર તારો આશીર્વાદ આપ અને તેને સફળ કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના મહિમાને અર્થે એવું કર. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, તહેવાર, કામ, પ્રવૃત્તિ, અને મુશ્કેલી, જરૂરિયાત અને માંદગી વગેરે સારુ પ્રાર્થના) આજના દિવસને માટે તેં તારી કોમળ દયા બક્ષી તેને સારુ, હે અમારા પ્રભુ પરમેશ્વર, તને માન, મહિમા અને સ્તુતિ થાઓ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલે) ઓ આકાશમાંના અમારા બાપ .......

## ૧૦. આશીર્વચન

પ્રભુ ઈસુનો પ્રેમ આપણને તેના તરફ આકર્ષો, પ્રભુ ઈસુનું સામર્થ્ય આપણને તેની સેવા માટે શકિત આપો, પ્રભુ ઈસુનો આંનદ આપણા આત્માઓને ભરો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા આપણા આત્માની સાથે થાઓ. આમીન.

# પાંચમો દિવસ

## ૧. ગીત

હે સિયોનની પુત્રી, ગાયન તથા આનંદ કર ; કેમકે યહોવાહ કહે છે, જો, હું આવું છું અને હું તારી સાથે કરીશ. (ગીત ગાવું અને ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

યહોવાહ કહે છે કે તેમની સાથે મારો કરાર તે આ છે ; મારાં વચનો જે મેં તારા મુખમાં મૂક્યાં છે તે તારા મુખમાંથી, તારા સંતાનના મુખમાંથી તથા તારા સંતાનોના સંતાનના મુખમાંથી હમણાંથી તે સર્વકાળ સુધી જતાં રહેનાર નથી, એમ યહોવાહ કહે છે. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

અમારી સઘળી અરજ, ગરજ અને નબળાઈ લઈને તારી પાસે આવવાનો અમને હક આપ્યો છે તેને માટે હે **પરમેશ્વર, અમે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ.** અગત્યના પ્રસંગે સહાયને સારુ કૃપા પ્રાપ્ત કરવાને તારા કૃપાસન પાસે આવવાનો અમને હક આપ્યો છે તેને માટે હે **પરમેશ્વર, અમે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ.**

બાપની પાસે અમારે સારુ મધ્યસ્થતા કરવાને તું સદા જીવતો છે, **તેને માટે હે પરમેશ્વર, અમે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ.**

## ૪. વિનંતી

હે પ્રભુ ઈસુ, તું બાળક બન્યો હતો ; તારી પેઠે આ કુટુંબનાં બાળકો જ્ઞાનમાં તથા કદમાં, દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતાં જાય એવું કર. આ કુટુંબના જુવાનો તને, માતપિતાને અને વડીલોને આધીન રહે અને આત્મામાં બળવાન થતાં જાય એવું બક્ષ. આ કુટુંબનાં પ્રૌઢ સ્ત્રીપુરુષો બધાંને નમૂનારૂપ અને તારા નામને મહિમા આપનારાં થાય એવું કર. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો, સગાંસ્નેહીઓ વગેરે માટે ખાસ માગણીઓ)

### આખા દિવસ માટે પ્રાર્થના

આજનો આખો દિવસ અમે પ્રેમાળ, મિત્રતાભર્યા અને બધાંને મદદ કરનારાં થઈ શકીએ એવું કર. આમીન.

## ૫. ઉદ્ધાર માટે યાચના

પ્રભુ ઈસુ, તારા પવિત્ર દેહધારણપણાના ભેદને લીધે, તારા જન્મ,

બાપ્તિસ્મા, ઉપવાસ અને પરીક્ષણને લીધે, હે દયાળુ પ્રભુ અમને તાર. તારી વ્યાકુળતા અને લોહીના પરસેવાને લીધે, તારા વધસ્તંભ, અને દુઃખસહનને લીધે, તારા મૂલ્યવાન મોત અને દફનને લીધે હે દયાળુ પ્રભુ, અમને તાર. તારા મહિમાવાન પુનરુત્થાન અને આકાશગમનને લીધે અને પવિત્ર આત્માના આવવાને લીધે હે દયાળુ પ્રભુ, અમને તાર. આમીન.

## ૬. આજને માટે વિચાર

ખ્રિસ્તનું ભય રાખીને એક બીજાને આધીન રહો. પતિઓ જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો. જેમ ખ્રિસ્ત મંડળીનું શિર છે, તેમ પતિ પત્નીનું શિર છે. સ્ત્રીઓ પોતાના પતિનું માન રાખે. છોકરાં, પ્રભુમાં તમારાં માબાપની આજ્ઞા માનો.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

પ્રભુ, કૃપા કરીને એવું કર કે અમારી બધી શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓ, બધી ખ્રિસ્તી શાળાઓ, કોલેજો, ઉદ્યોગગૃહો, બોર્ડિંગો, હોસ્ટેલો, છાત્રાલયો, અનાથાશ્રમોનું કામ તારા આશીર્વાદથી સફળ થાય. તેઓમાં રહીને સેવા કરનારાઓ, શિક્ષકો તથા શીખનારા તારી પવિત્ર મરજી સદા પોતાની આગળ રાખે અને તારા સત્યના જ્ઞાનમાં તેઓ વધતા જાય, જેથી તારી મંડળી અને પ્રજાજનો તેમના અભ્યાસ વડે સુધારો પામે, અને તેઓ પોતે અનંતજીવનમાં ભાગ પામવાને લાયક થાય. ખ્રિસ્ત પ્રભુના મહિમાને અર્થે માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, તહેવાર, મુશ્કેલી, જરૂરિયાત કે બનાવો વગેરે માટે પ્રાર્થના)

દિવસ પૂરો થાય અને સાંજ પડે ત્યારે હે મહા દયાળુ તારનાર, તું અમારી સાથે રહે. જયાં સુધી તું અમારી સાથે હાજર છે ત્યાં સુધી અમે પ્રકાશમાં છીએ. તારો પ્રકાશ અંધકારમાં પ્રકાશવા દે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

આશાનો દેવ, વિશ્વાસ કરવામાં આપણને સર્વ આનંદ તથા શાંતિથી ભરપૂર કરો, જેથી પવિત્ર આત્માના સામર્થ્યથી આપણે આશાથી ભરપૂર થઈએ. સર્વશકિતમાન દેવ, પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો આશીર્વાદ આપણા પર થાઓ, અને સર્વદા આપણી સાથે રહો. આમીન.

# છઠ્ઠો દિવસ

## ૧. ગીત

યહોવાહની આગળ નવું ગીત ગાઓ ; કેમકે તેણે આશ્ચર્યકારક કૃત્યો કર્યા છે. યહોવાહનાં સ્તોત્ર ગાઓ. તેણે ઉત્તમ કામો કર્યા છે તે આખી પૃથ્વીમાં વિદિત થાઓ. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

જે કોઈ તેનું વચન પાળે છે તેનામાં દેવ પ્રત્યેનો પ્રેમ સંપૂર્ણ થયો છે. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

હે પ્રભુ, તું સદા જાગતો છે અને અમારી ચોકી કરે છે. રાતે અમે શાંતિએ અને સહીસલામતીમાં ઊંધ્યાં, **તેને સારુ, પ્રભુ, તારો આભાર માનીએ છીએ.** તેં અમારાં શરીરોને આરામ તથા તાજગી આપી, **તેને સારુ, પ્રભુ, તારો આભાર માનીએ છીએ.** અમારાં જીવનોને સારુ નવી તક અને એક નવો દિવસ આપ્યો છે, **તેને સારુ, પ્રભુ, તારો આભાર માનીએ છીએ.** આજે તું અમને નવો આશીર્વાદ, નવી શકિત અને નવી સહાય આપવા તૈયાર છે, **તેને સારુ, પ્રભુ, તારો આભારં માનીએ છીએ.**

## ૪. વિનંતી

હે પ્રભુ, તું તારા પોતાને અમારી આગળ પ્રગટ કર. હે પવિત્ર આત્મા, તું ખ્રિસ્તને અમારાં અંતરોમાં પ્રગટ કર. હે ઈશ્વરપુત્ર, તું પિતાને અમારી આગળ પ્રગટ કર કે અમે બાપને ઓળખીએ. હે શાંતિના દેવ, અમને દરેક કામમાં એવા સંપૂર્ણ કર, કે અમે તારી ઇચ્છા પ્રમાણે કરીએ અને તારી દૃષ્ટિમાં જે સંતોષકારક છે, તે ઈસુ ખ્રિસ્ત દ્વારા અમારી પાસે કરાવ, જેથી તને સદાસર્વકાળ ગૌરવ મળે. જેઓની વચ્ચે અમે રહીએ છીએ અને જેમની સાથે કામધંધો કરીએ છીએ તેઓને તારો આશીર્વાદ આપ. અમે પોતપોતાની જગાએ અને કામધંધામાં તને માન અને મહિમા આપીએ. અમારા શબ્દો સત્ય અને માયાભર્યા હોય, અમારાં કામ ઉદ્યમી અને તારે અર્થે હોય અને અમારા વિચાર શુદ્ધ અને હિતકારક હોય એવું કર. (હાજર તથા ગેરહાજર કુંટુંબીજનો, સગાંસ્નેહીઓ માટે વિનંતી.)

## આખા દિવસ માટે પ્રાર્થના

આજે દરેક જરૂરિયાતમાં અમે તારી તરફ વળીએ, દરેક પરીક્ષણમાં તારા

પર અઢેલીએ અને દરેક કસોટીમાં અમે તારી રક્ષા તળે રહીએ એવું કર. આમીન.

## ૫. બધાં કુટુંબો માટે પ્રાર્થના

અમે અમારા પડોશીઓનાં કુટુંબો માટે પ્રાર્થના કરીએ છીએ. **હે પ્રભુ, તું સૌને તારો આશીર્વાદ આપ.** અમે અમારા મિત્રોનાં કુટુંબોને માટે પ્રાર્થના કરીએ છીએ. અમે અમારાં સગાંઓનાં કુટુંબો માટે પ્રાર્થના કરીએ છીએ. **હે પ્રભુ, તું સૌને તારો આશીર્વાદ આપ.** અમે દરેક ખ્રિસ્તી કુટુંબો માટે પ્રાર્થના કરીએ છીએ. હે પ્રભુ, **તું સૌને તારો આશીર્વાદ આપ.** અમે પૃથ્વી પરના દરેક ઘર તથા કુટુંબને માટે પ્રાર્થના કરીએ છીએ. હે **પ્રભુ, તું સૌને તારો આશીર્વાદ આપ.** તારો પવિત્ર આત્મા સૌનાં ઘરોમાં તથા હૃદયોમાં વસો. જેઓ માંદાં હોય તેઓને તું સાજાં કર, જેઓ દુઃખમાં હોય તેઓને દિલાસો દે, જેમના ઉપર જીવનનો ભાર અસહ્ય પડે છે તેમનો ભાર, તું ઉપાડ. આમીન.

સાંજને માટે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨.

## ૬. આજને માટે વિચાર

પ્રભુ ઈસુએ કહ્યું, કે '' હું તો દ્રાક્ષાવેલો છું અને તમે ડાળીઓ છો. જે મારામાં રહે છે અને હું તેનામાં એજ ઘણાં ફળ આપે છે, મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી. હરેક ડાળી જેને ફળ આવે છે તેને વધારે ફળ આવે માટે બાપ તેને શુદ્ધ કરે છે. ડાળી પેઠે, હે પ્રભુ, તું અમને તારામાં રાખ, શુદ્ધ કર અને ફળવંત બનાવ. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

ખ્રિસ્તી સમાજ તથા લોકોને માટે કામ કરતી બધી સંસ્થાઓને અમે યાદ કરીએ છીએ. ગુજરાત ખ્રિસ્તી પ્રતિનિધિ સભા, ભારતભરની ખ્રિસ્તી પ્રતિનિધિ સભા, સમસ્ત મિશનરી કોન્ફરન્સો, ગુજરાત ખ્રિસ્તી સંમેલન, ઇન્ડીયન ક્રિશ્ચિયન એસોસીએશનો વગેરે સંસ્થાઓના કાર્યકર્તાઓ તથા સભાસદોને એવી કૃપા તથા દોરવણી આપ, કે તેઓ આ દેશમાં તારું માન વધારે અને તારા લોકની અને તે દ્વારા તારી સાચી સેવા કરે. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, પર્વો, જરૂરિયાતો , મુશ્કેલીઓ, બનાવો વગેરે માટે પ્રાર્થના)

પ્રભુ અમે ઊંઘીએ તોપણ મૂર્ખ કુમારિકાઓની પેઠે નહિ ; પણ અમારી કુપ્પીઓમાં તેલ તૈયાર રાખીને આરામ લઈએ, જેથી જો મધરાતે પણ વરરાજા આવે

તો અમારા દીવા સળગાવીને તેને વધાવી શકીએ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

હવે આપણને જે ઠોકર ખાવાથી બચાવવા તથા પોતાના ગૌરવની સમક્ષ આપણને પરમાનંદ સહિત નિર્દોષ રજૂ કરવા સમર્થ છે, એટલે આપણો તારનાર જે એકલો દેવ, તેને ગૌરવ, મહત્ત્વ, પરાક્રમ તથા અધિકાર અનાદિકાળથી હમણાં તથા સદાસર્વકાળ હોજો. આમીન.

---

# સાતમો દિવસ

## ૧. ગીત

હું ખરા હૃદયથી તારી ઉપકારસ્તુતિ કરીશ ; હું દેવોની આગળ તારાં સ્તોત્રો ગાઈશ. હું મારા ભાઈઓમાં તારું નામ પ્રગટ કરીશ ; મંડળીમાં હું તારી સ્તુતિ કરીશ. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

તમારામાં મારો આનંદ રહે અને તમારો આનંદ સંપૂર્ણ થાય એ માટે મેં તમને એ વચનો કહ્યાં છે. (શાસ્ત્રવાચન કરવું)

## ૩. ઉપકારસ્તુતિ

હે માનવપુત્રો, પ્રભુને ધન્યવાદ દો, તેને સ્તવો અને સર્વકાળ મોટો માનો. હે પ્રભુના સેવકો, પ્રભુને ધન્યવાદ દો, તેને સ્તવો, અને સર્વકાળ મોટો માનો. હે પવિત્ર અને નમ્ર હૃદયના લોકો, પ્રભુને ધન્યવાદ દો, તેને સ્તવો, અને સર્વકાળ મોટો માનો. મારી સાથે યહોવાહને મોટો માનો ; આપણે એકઠા મળીને તેનું નામ બુલંદ માનીએ. હે દેવ, તારાં વર્ષો અનાદ્યનંત છે. તું એવો ને એવો રહે છે અને તારાં વરસોનો અંત કદી આવશે નહિ. તારા સેવકોના પરિવાર ટકી રહેશે.

## ૪. વિનંતી

" તમે યહોવાહની પાસે આવો અને તે તમારી પાસે આવશે.

હે બાપ, અમે ખાલી હાથે તારી પાસે આવીએ છીએ ; પણ તું અમને ખાલી હાથે પાછાં નહિ કાઢે. અમે તરસ્યાં થઈને તારી પાસે આવ્યાં છીએ ; અમને જીવનનું જળ આપ, કે અમને ફરી તરસ ન લાગે. અમારા ભૂખ્યા આત્મા તારી પાસે આવ્યા છે. તું જીવનની રોટલી છે ; અમને તૃપ્ત કર. અમારા પુણ્યકર્મ મેલાં ચીંથરાંના જેવા છે ; તું અમને ન્યાયીપણાનાં વસ્ત્ર પહેરાવ. અમે અમારાં પાપ સંતાડતા નથી, પણ ખુલ્લી રીતે તારી આગળ કબૂલ કરીએ છીએ ; તું અમને અમારાં પાપ માફ કરવા તથા અમને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને વિશ્વાસુ તથા ન્યાયી છે. અમે માફી કરતાં વિશેષ માગીએ છીએ ; એટલે તારા પવિત્ર આત્માથી તું અમને એવા ભર કે પાપ અમારા પર રાજ ન કરે. આજે અમે તારી પ્રેમાળ સંભાળ તળે પોતાને મૂકીએ છીએ. અમ દરેકને માટે જેની જેની જરૂર તું જુએ છે, તે તે અમારે સારુ કર.

(હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતી)

## આખા દિવસ માટે પ્રાર્થના

હે પિતા, આજનો દિવસ તું અમને ધરી રાખજે. તું અમને ધરી રાખી શકે છે, કારણ કે અમારી સઘળી મુશીબતો કરતાં તું બળવાન છે. આમીન.

## ૫. આજ્ઞાઓનો સાર

પ્રભુ આપણો દેવ તે પ્રભુ એકજ છે. તારા પૂરા હૃદયથી, તારા પૂરા જીવથી અને તારી પૂરી બુદ્ધિથી અને તારા પૂરા સામર્થ્યથી પ્રભુ તારા દેવ પર તું પ્રીતિ કર. **હે પ્રભુ, અમારા પર દયા કર અને આ આજ્ઞા પાળવાને અમારાં હૃદયોને વાળ.** જેવી પોતા પર તેવી તારા પડોસી પર પ્રીતિ કર. **હે પ્રભુ, અમારા પર કૃપા કરી અમારાં હૃદયોને પાપથી વાળ.** જેમ તમે ચાહો કે બીજાં માણસો તમારા પ્રત્યે વર્તે તેમ તમે પણ તેઓ પ્રત્યે વર્તો. **હે પ્રભુ, અમારા પર કૃપા કરી પાપથી અમારાં હૃદયોને વાળ.** તમે કોઈને દોષિત ન ઠરાવો. જેવો તમારો બાપ દયાળુ છે તેવા તમે દયાળુ થાઓ. **હે પ્રભુ, અમારા પર કૃપા કરી પાપથી અમારાં હૃદયોને વાળ. આમીન.**

(સાંજને માટે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

તમે દેવનું મંદિર છો અને તમારામાં દેવનો આત્મા વસે છે, એ શું તમે નથી જાણતા ? દેવનું મંદિર પવિત્ર છે અને તે તમે છો. તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને દેવ પાસેથી મળેલો છે, તેનું મંદિર તમારું શરીર છે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે દયાળુ પ્રભુ, તું જે સર્વ સ્થળે છે, અમારાં વહાલાંઓ, જેઓ અમારાથી દૂર વસે છે તેઓને તું તારી પિતાતુલ્ય સંભાળ તળે સાચવી રાખ. અમારા જે ગુજરાતી ખ્રિસ્તીઓ જેઓ પરદેશોમાં વસે છે તેમને તારી રક્ષા તળે રાખ અને તેમની સાથે વસ. પોતાના કામધંધા અંગે કે બીજાં કારણોને લીધે જે ખ્રિસ્તીઓ અને ખ્રિસ્તી કુટુંબો એકલવાયાં રહે છે અથવા ગામડાંઓમાં તથા છૂટાંછવાયાં વસે છે, તેઓની તું ખાસ મુલાકાત લે. તેઓનો સાથી, મિત્ર અને આગેવાન થઈને તેમને ટકાવી રાખ. તેમને દિલાસો દે, તેમની ગરજો પૂરી કર. તેમને જોખમો તથા પરીક્ષણોથી બચાવીને તારા પ્રત્યે વિશ્વાસુ રાખ. તેઓ પોતાનાં કુટુંબોમાં અને નાની ટોળીઓમાં તારું ભજન કરવાનું ના ચૂકે. તું તેમનો પાળક થા. ખ્રિસ્તી ખેડૂતો અને ખ્રિસ્તી પરામાં રહેતા લોકો સાચું અને નમૂનેદાર ખ્રિસ્તી જીવન ગાળે અને તારા લોકો જયાં જયાં વસે છે ત્યાં

ત્યાં તેઓ તારા મહિમાને અર્થે જીવે. તારા નામને ખાતર એવું કર. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, તહેવાર, સુવાર્તિક કામ, મુશ્કેલી, જરૂરિયાત વગેરે માટે પ્રાર્થના).

અમારા અંધકારને તું પ્રકાશ કરી નાખ. તારી ઘણી દયાથી આજ રાતનાં બધાં સંકટ તથા ભયથી અમારું રક્ષણ કરજે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) **ઓ આકાશમાંના અમારા બાપ .....**

## ૧૦. આશીર્વચન

આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે અને દેવ આપણો બાપ, જેણે આપણા પર પ્રેમ રાખ્યો અને કૃપા કરીને આપણને સર્વકાળનો દિલાસો અને સારી આશા આપ્યાં તે આપણાં હૃદયોને દિલાસો આપો અને દરેક સારા કામમાં તથા વચનમાં આપણને દઢ કરો. આમીન.

---

# બીજું અઠવાડિયું

# ખ્રિસ્તી મંડળી

## આઠમો દિવસ

### ૧. ગીત

આભાર માનતાં માનતાં તેની ભાગળોમાં અને સ્તવન કરતાં તેનાં આંગણામાં આવો. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

### ૨. શાસ્ત્રવાચન

તારી આજ્ઞાઓમાં હું આનંદ માનીશ ; તેઓ પર મેં પ્રેમ કર્યો છે. (શાસ્ત્રવાચન કરવું.)

### ૩. ઉપકારસ્તુતિ

મેં યહોવાહની શોધ કરી અને તેણે મને ઉત્તર આપ્યો અને મારા સર્વ ભયમાંથી મને છોડાવ્યો. આ કંગાળ પુરુષે પોકાર કર્યો અને યહોવાહે તેનું સાંભળીને તેનાં સર્વ સંકટમાંથી તેને બચાવ્યો. હું સર્વ સમયે યહોવાહને ધન્યવાદ આપીશ. મારી સાથે યહોવાહને મોટો માનો. યહોવાહે મારા કાલાવાલા સાંભળ્યા છે, તેથી હું તેના પર પ્રીતિ રાખું છું. તેણે મારા ભણી પોતાનો કાન ધર્યો છે, માટે જિંદગી પર્યંત હું તેની પ્રાર્થના કરીશ.

### ૪. વિનંતી

આવો તેને ભજીએ તથા નમીએ આપણા કર્તા યહોવાહની આગળ ઘૂંટણીએ પડીએ. કેમકે તે આપણો દેવ છે, આપણે તેના ચારાના લોક તથા તેના હાથનાં ઘેટાં છીએ. જો આજે આપણે તેની વાણી સાંભળીએ તો કેવું સારું ! હે પ્રભુ ઈસુ, અમે ખોવાયેલા હતા ત્યારે અમને શોધવા તથા તારવા સારુ તું આવ્યો. તારાં ઘેટાંને સારુ, અમ દરેક જણને સારુ તેં તારો જીવ આપ્યો. હવે કૃપા કરીને તું અમને સહીસલામત દોરી જા. અમે તારો સાદ સાંભળીએ અને તારી પાછળ ચાલીએ એવું થવા દે. (કુટુંબના હાજર તથા ગેરહાજર માણસો તથા સગાસંબંધીઓ માટે પ્રાર્થના.)

### આખા દિવસ માટે પ્રાર્થના

તારી કૃપા રોજ સવારે નવી થાય છે. તારી નવી કૃપા પામીને આજે અમે નવું જીવન જીવીએ એવું કર. આમીન.

## ૫. ગરજવાનો માટે યાચના

દયા કરીને જેટલાં ભટકી ગયાં છે તથા ઠગાઈ ગયાં છે તે બધાંને સત્યના માર્ગમાં લાવ. હે દયાળુ પ્રભુ, **અમારું સાંભળ.** દયા કરીને જેઓ સ્થિર છે તેઓને બળ આપ. નબળા મનવાળાને દિલાસો અને સહાય આપ અને પડી ગએલાને ઉઠાડીને ઊભા કર અને છેવટે શેતાનને અમારા પગ તળે કચડી નાખ. હે **દયાળુ પ્રભુ, અમારું સાંભળ.** દયા કરીને જેઓ ભયમાં, અડચણમાં અને દુ:ખમાં હોય તે બધાંની સંભાળ તથા સહાય કર અને દિલાસો આપ. હે **દયાળુ પ્રભુ, અમારું સાંભળ.** આમીન. (પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦) સાંજને માટે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨.

## ૬. આજને માટે વિચાર

પ્રભુ ઈસુ કહે છે, " તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું. હું ઉત્તમ ઘેટાંપાળક છું અને પોતાનાને ઓળખું છું. મારાં પોતાનાં મને ઓળખે છે. મારાં બીજાં ઘેટાં પણ છે, તેઓ આ વાડામાંના નથી ; તેઓને પણ મારે લાવવાની જરૂર છે અને તેઓ મારો સાદ સાંભળશે અને એક ટોળું, એક ઘેટાંપાળક થશે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

ખ્રિસ્તી મંડળીઓમાં, ખ્રિસ્તી દેશોમાં અને ખ્રિસ્તી કુટુંબોમાં હજુ જેઓનું તારણ થયું નથી તેઓ ખ્રિસ્તને જાણે અને તારણ પામે એવું કર. જેઓ પાપમાં પડેલા છે અને પાપમાં જીવન ગાળે છે તેઓને તું સાવચેત કર. પોતાના આત્મા વિષે જેઓ બેદરકાર છે, તેઓનાં દિલ સાથે તું વાત કર. ભટકેલાંઓને તારા પ્રેમ તરફ વાળ . જેઓનો પ્રેમ ઠંડો પડી ગયો છે તેઓને ફરી તારા પ્રેમ તરફ આકર્ષ. બધા કેથોલીક ખ્રિસ્તીઓ, ગ્રીક ચર્ચના અને જુદા જુદા મતવાળા ખ્રિસ્તીઓને માટે અમે પ્રાર્થના કરીએ છીએ. વળી જેઓ ભૂલ, ભ્રમણા અથવા ખોટા મતમાં પડેલા છે, તેમને તેમાંથી કાઢ ; તું એક ઘેટાંપાળકની રક્ષા તળે બધા એક ટોળું થાય, એમ જલદી કર. તારા પોતાના નામને ખાતર. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ દિવસો, પ્રસંગો, કામ, જરૂરિયાત, મુશ્કેલી વગેરે માટે પ્રાર્થના)

રાતે, ઘોર અંધકારમાં અને મરણછાયાની ખીણમાં અમારાં મન નિર્ભય અને અમારાં હૃદય શાંત છે, કારણ કે તું અમારો ઈમાનુએલ એટલે " ઈશ્વર અમારી સાથે છે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

યહોવાહ આપણને આશીર્વાદ આપો અને આપણું રક્ષણ કરો. યહોવાહ પોતાના મુખનો પ્રકાશ આપણા પર પાડો અને આપણા ઉપર કૃપા કરો. યહોવાહ પોતાનું મુખ આપણા પર ઊઠાવો અને આપણને શાંતિ આપો. આમીન.

-----------------

# નવમો દિવસ

## ૧. ગીત

યહોવાહની સ્તુતિ કરો, યહોવાહની આગળ નવું ગીત ગાઓ. વળી સંતોની સભામાં તેની સ્તુતિ કરો. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

તારા જેવો શિક્ષક કોણ છે ? સંબોધક એટલે પવિત્ર આત્મા, જેને બાપ મારે નામે મોકલી દેશે તે તમને બધું શિખવશે. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

યહોવાહની સ્તુતિ કરો. આકાશો તમે તેની સ્તુતિ કરો. તેના સર્વ દૂતો તમે તેની સ્તુતિ કરો. તેનાં સર્વ સૈન્ય તમે તેની સ્તુતિ કરો. હે દયાળુ પરમેશ્વર, આભારી હૃદયોનાં પ્રેમ અને સ્તુતિનાં અર્પણો સાથે અમે તારી પાસે આવ્યાં છીએ. તારા પ્રેમના અમે દેવાદાર છીએ ; તેથી અમારો સ્નેહયુકત આભાર દર્શાવવા અમારા સાથી માનવોની નિઃસ્વાર્થ સેવામાં અમે તને અર્પણ થઈએ છીએ. આમીન.

## ૪. વિનંતી

પ્રભુ ઈસુ, તેં કહ્યું છે કે " સર્વ ભારથી લદાએલા તમે મારી પાસે આવો. અમે અમારી ચિંતા અને બોજ તારા પર નાખીએ છીએ. અમારી બીક, ફીકર અને કાળજી તારી પાસે લાવીએ છીએ. જગતનો અને અમારો ભાર વહેનાર તું સદા જીવતો છે, એ યાદ રાખીને સર્વ ચિંતાથી અમે મુકત થઈએ. જીવનમાં તું અમને જુદા જુદા અનુભવો કરાવે છે, તે દરેક અનુભવમાં અમે તારી પાસેથી શીખીએ. દુઃખ અને આપદામાં પણ અમે આત્મામાં બળવાન થઈએ. તું જે કસોટી અને પરીક્ષા મોકલે તેથી અમે અગ્નિમાં પરખાયેલા સોના જેવા શુદ્ધ થઈએ ; અને તે સોનાનું અમે તને નજરાણું ધરીએ. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતીઓ.)

## આખા દિવસ માટે પ્રાર્થના

અમે વિનંતી અને પ્રાર્થના કરવા ભેગાં થયાં છીએ. પણ અમારી માગણીઓ સ્તુતિમાં પલટાઈ ગઈ છે, કારણ કે તું અમને મળ્યો છે અને સંપૂર્ણ રીતે મળ્યો છે, જેથી અમારે કંઈ માગવાનું રહેતું નથી. અમે બધો વખત તારી સ્તુતિ કરીએ છીએ. આમીન.

## ૫. મુકિત માટે યાચના

બધી ભૂંડાઈ અને હાનિઓથી અને શેતાનનાં કાવતરાં અને હુમલાઓથી, તારા કોપથી અને સદાકાળની દંડાજ્ઞાથી હે દયાળુ, **પ્રભુ અમને છોડાવ.** મનના બધા અંધાપાથી, અહંકારથી, વ્યર્થ શોભાની ઇચ્છાથી, ઢોંગથી, અદેખાઈથી, દ્વેષથી, વેરથી અને બધી અપ્રીતિથી હે **દયાળુ પ્રભુ, અમને છોડાવ.** વ્યભિચાર અને બધાં મોતકાર પાપથી, જગત, દેહ અને શેતાનની બધી ઠગાઈથી હે **દયાળુ પ્રભુ, અમને છોડાવ.** આમીન. (પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આર્શીવચન ૯, ૧૦) (સાંજે વાપરી શકાય. ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

"હે બાપ, જગતમાંથી જે માણસો તેં મને આપ્યાં છે તેઓને સારું હું વિનંતી કરું છું. જગતે તેઓના પર દ્વેષ કર્યો છે, કેમકે હું જગતનો નથી તેમ તેઓ પણ જગતના નથી. તું તેઓને જગતમાંથી લઈ લે એવી હું વિનંતી કરતો નથી, પણ તું તેઓને પાપથી બચાવે એવી હું વિનંતી કરું છું. સત્યથી તેઓને પવિત્ર કર, તારું વચન સત્ય છે. જેમ તેં મને જગતમાં મોકલ્યો છે તેમ મેં પણ તેઆને જગતમાં મોકલ્યા છે. હે ઈશ્વર, અમારા તારનાર ખ્રિસ્તની આ પ્રાર્થના અમારા તથા તારા સર્વ લોકના હકમાં પૂર્ણ કર. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે દયાળુ પિતા, તારા મિશનેરીઓ, સુવાર્તિકા, ધર્મોપદેશકો અને ખ્રિસ્તી લોકોની જયાં જયાં સતાવણી થાય છે ત્યાં ત્યાં તેઓની વહારે ધા અને તેમના સર્વ સંકટમાંથી તું તેઓને છોડાવ. જેઓને વિપરિત રાજકીય પરિસ્થિતિમાં, વિધર્મીઓનાં જોખમમાં, પરીક્ષણોની વચ્ચે, ખ્રિસ્તવિરોધી વિચારોની વચ્ચે કે અન્યાય તથા જુલમોની તળે રહેવું પડે છે તેમના સંકટમાં તેમને ધૈર્ય આપ, તેમની રક્ષા કર અને છેવટ સુધી વિશ્વાસુ રહેવાનું સામર્થ્ય આપ. વધસ્તંભે જડાએલા ખ્રિસ્ત પર અમારો વિશ્વાસ છે તે કબૂલ કરતાં અમે કદી શરમાઈએ નહિ એવું બક્ષ. તેના ઝંડા તળે પાપ, જગત અને દેહ સામે અમે પુરુષાતનથી લડીએ અને જીવનના અંત સુધી ખ્રિસ્તના વિશ્વાસુ સેવક અને સૈનિક બની રહીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને લીધે. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ દિવસો, પ્રસંગો, કામ, જરૂરિયાતો, મુશ્કેલીઓ વગેરે માટે માગણી અને પ્રાર્થના). રાત્રીની શાંતતાની જેમ અમે અમારા આત્માઓને તારી આગળ શાંત

કરીએ છીએ, જેથી ખ્રિસ્તનું પ્રતિબિંબ અમારાં હૃદયોમાં સ્વચ્છ રીતે પડે અને ખ્રિસ્તના મુખ દ્વારા ઈશ્વર પ્રકાશે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

પ્રભુ દેવ જે છે, જે હતો અને જે આવનાર છે, જે સર્વશકિતમાન છે, તે કહે છે, બી મા, પ્રથમ તથા છેલ્લો હું છું. પ્રેમ તથા શાંતિ આપનાર દેવ આપણી સાથે રહો. આમીન.

---

# દસમો દિવસ

## ૧. ગીત

જો કોઈ આનંદિત હોય તો તેણે ગીત ગાવું. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

## ૨. શાસ્ત્રવાચન

તું ઘરમાં બેઠો હોય ત્યારે અને રસ્તે ચાલતી વેળાએ અને સૂતી વેળાએ અને ઊઠતી વેળાએ (મારાં) વચન વિષે વાત કરીને તમે તમારાં છોકરાંને તે શીખવો. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

હે પરમેશ્વર, જગતમાં તેં પોતાને સાક્ષી વગર રાખ્યો નથી. તારું સનાતન પરાક્રમ અને દેવત્વ સર્જેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે, **એને સારુ અમે તારો આભાર માનીએ છીએ.** અમારી આજુબાજુની બધી વસ્તુઓ રોજ તારી ભલાઈ, શુભેચ્છા તથા પ્રેમનું સ્મરણ કરાવે છે, **એને સારુ અમે તારો આભાર માનીએ છીએ.** કલ્યાણ કરતાં અને આકાશથી વરસાદ તથા ફળવંત ઋતુઓ અમને આપતાં અને અન્નથી તથા આનંદથી અમારાં મન તૃપ્ત કરતાં, તું પોતાના વિષે સાક્ષી આપ્યા વગર રહ્યો નથી, **એને સારુ અમે તારો આભાર માનીએ છીએ.**

## ૪. વિનંતી

હે પવિત્ર પરમેશ્વર, તું અંતઃકરણની સત્યતા માગે છે, અમારાં પાપ તરફ તું નજર ન કર, અમારા સર્વ અન્યાય તું ભૂંસી નાખ. હે દેવ, અમારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર. અમારા આત્માને નવો તથા દૃઢ કર. તારી સંમુખથી અમને કાઢી મૂકતો નહિ. તારો પવિત્ર આત્મા અમારી પાસેથી લઈ લેતો નહિ, પણ ઉદાર આત્મા વડે અમને નિભાવી રાખ. હે ઈશ્વર, તું રાંક અને નમ્ર હૃદયને ધિક્કારીશ નહિ. ઉલ્લંઘન કરનારાઓને હું તારા માર્ગ શિખવીશ અને પાપીઓ તારી તરફ ફરશે અને મારું મુખ તારી સ્તુતિ પ્રગટ કરશે. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતી.)

## આખા દિવસ માટે પ્રાર્થના

હે પિતા, તું અમારી આજની જરૂરિયાતો બધી જાણે છે ; તે પૂરી કરવા સારુ અમે તારા તરફ તાકી રહીએ. તું અમારી બધી નબળાઈઓ જાણે છે ; બળ પામવા અમે તારા તરફ જોઈએ. આમીન.

## ૫. કાર્યકરો માટે યાચના

હે પ્રભુ દેવ, દયા કરીને તારી સાર્વત્રિક મંડળીને સત્યના ધોરણે ચલાવ. હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ. દયા કરીને બધા પાળકો, ધર્મસેવકો, ઉપદેશકો તથા વડીલોને, તારા વચનના ખરા જ્ઞાનથી અને સમજણથી પ્રકાશિત કર, કે તેઓ પોતાના ઉપદેશમાં તને દેખાડે અને પોતાની ચાલ વડે પણ તને પ્રગટ કરે. **હે દયાળ પ્રભુ, અમારું સાંભળ.** દયા કરીને આખા જગતમાં તારી મંડળીના કામની વૃદ્ધિ કર અને કાપણીને સારુ મજૂરો મોકલ. **હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ.** (પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦) (સાંજે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

આપણને એવો પ્રમુખ યાજક છે, કે જે આકાશમાં મહત્ત્વના રાજ્યાસનની જમણી તરફ બેઠેલો છે. જેઓ તેની મારફતે દેવની પાસે આવે છે તેઓને સંપૂર્ણ રીતે તારવાને તે સમર્થ છે, કેમકે એ તેઓને સારુ મધ્યસ્થતા કરવાને સદા જીવતો છે. જે આત્મિક યજ્ઞો ઈસુ ખ્રિસ્ત દ્વારા દેવને પ્રસન્ન છે, એ યજ્ઞો કરવાને માટે તમે પવિત્ર યાજકવર્ગ થયા છો. એમ દેવ, એટલે પોતાના પિતાને સારુ જેણે આપણને યાજકોનું રાજ્ય બનાવ્યું તેને મહિમા તથા અધિકાર સદાસર્વકાળ સુધી હોજો. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

અમારા બધા પાળકો અને સેવકો જેઓને તારી મંડળીઓ સોંપેલી છે તેઓને એવો આશીર્વાદ આપ કે તેઓ તારા ટોળાનું પાલન અને રક્ષણ કરે અને તેમને આશીર્વાદરૂપ બને. તેઓ નિર્દોષ અને નિષ્કલંક રીતે પોતાની સેવા પૂરી કરે, અને દુનિયાઈ લાભ તરફ નહિ, પણ ઉપરના ઈનામ તરફ નજર રાખે. મંડળીઓમાં વડીલો, સેવકો અને સર્વ વ્યવસ્થાપકોને તારો ખાસ આશીર્વાદ આપ કે તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થઈને પોતાની સેવા બજાવે. તારા સત્યના જ્ઞાનથી તું તેઓને એવા ભરી દે અને તેમને જીવનની નિર્દોષતાથી શણગાર, કે તેઓ વાતથી તથા સારા નમૂનાથી તારા નામના મહિમાને માટે અને તારી મંડળીની ઉન્નતિને માટે પોતપોતાની પદવીમાં વિશ્વાસુપણાથી તારી સેવા કરે. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, તહેવાર, મુશ્કેલી, માંદગી, કામ, જરૂરિયાત વગેરે માટે પ્રાર્થના) અમારા હાથોનું ઊંચું થવું સંધ્યાકાળના યજ્ઞ જેવું થાઓ. આજે અમારાં

પરીક્ષણોમાં તારી મદદને માટે, આજના અમારા અપરાધોની ક્ષમા આપવાને માટે, સારાં કામ કરવા સારુ તારી સહાયને માટે અમે તારો આભાર માનીને તારી સ્તુતિ કરીએ છીએ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

જે ધન્ય તથા એકલો સ્વામી છે, જે રાજાઓનો રાજ તથા પ્રભુઓનો પ્રભુ છે, તેને એકલાને અમરપણું છે. અગમ્ય પ્રકાશમાં જે રહે છે તેને સદાકાળ ગૌરવ તથા સામર્થ્ય હો. આમીન.

------------------

# અગિયારમો દિવસ

## ૧. ગીત

મારી જીભ તારા ન્યાયીપણા વિષે મોટેથી ગાશે. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચન કરવું.)

## ૨. શાસ્ત્રવાચન

લોભ ભણી નહિ પણ તારાં સાક્ષ્યો ભણી મારું મન વાળ. હજારો સોના રૂપા કરતાં તારા મુખનો નિયમ મારે વાસ્તે વધારે મૂલ્યવાન છે. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

હે દેવ, તારી કૃપા જે સર્વ માણસોને સારુ તારણ લાવે છે, તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ. જે કૃપા ઈસુ ખ્રિસ્તની મારફતે આવી છે અને અધિકાધિક થઈ છે, તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ. જે કૃપા અમારાં સઘળાં પાપને ઢાંકે છે, તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ. જે કૃપા અમારી નિર્બળતા અને જરૂરિયાતો માટે પૂરતી છે, તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ. જે કૃપા અમને સંપૂર્ણતા સુધી પહોંચાડે છે, તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ.

## ૪. વિનંતી

અમારાં હૃદયો અને મનોને, હે પ્રભુ, તારા તરફ ઊંચે ચઢાવ, જેથી દુનિયાઈ વાનાંના પ્રેમ તરફથી અમે સર્વ સ્વર્ગીય વાનાંની ઇચ્છા તરફ વળીએ. હે તારનાર, ભૂંડાઈ તરફની અમારી ઇચ્છા અને વાસનાને દૂર કર. પાપની મોજનો પ્રેમ અને નીચે પાડનારી બાબતો તરફનો ભાવ ટાળી દે. સહેલાઈથી ઘેરી લેનાર અને સપડાવનાર પાપથી બચાવ, અને ગુપ્ત દોષથી અમને તાર. આ લોકના જીવનને માટે અમને સબળ કર, અને પરલોકના જીવનને સારુ સિદ્ધ કર. તારા આત્મા વડે અમને આંતરિક મનુષ્યત્વમાં સામર્થ્યથી બળવાન કર. વિશ્વાસથી અમારાં હૃદયોમાં ખ્રિસ્ત વસે. અમે પ્રીતિમાં મૂળ ઘાલીને સર્વ સંતોની સાથે ખ્રિસ્તની પ્રીતિની પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકીએ અને દેવની સર્વ સંપૂર્ણતા પ્રમાણે અમે સંપૂર્ણ થઈએ એવું તું કર. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો માટે પ્રાર્થના.)

## આખા દિવસ માટે પ્રાર્થના

આજે આખો દિવસ તું અમારાં ઘરોમાં અમારી સાથે રહે જેથી અમારાં ઘરોમાં તારા પ્રેમના નિયમની સત્તા વ્યાપે. આમીન.

## ૫. ધન્યતા મેળવવા યાચના

જે પ્રજાનો દેવ યહોવાહ છે અને જે લોકોને તેણે પોતાના વારસાને સારુ પસંદ કર્યા છે તેઓને ધન્ય છે. હે પ્રભુ આ ધન્યતા અમારી થાય એવું તું કર. જેની સહાય યાકૂબનો દેવ છે, જેની આશા પોતાના દેવ યહોવાહ પર છે તેને ધન્ય છે. હે પ્રભુ આ ધન્યતા અમારી થાય એવું તું કર.અનુભવ કરો ને જુઓ કે યહોવાહ ઉત્તમ છે, જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે. હે પ્રભુ આ ધન્યતા અમારી થાય એવું તું કર. જેને તું પસંદ કરીને પાસે લાવે છે, જે તારા આંગણામાં વસે છે તેને ધન્ય છે. હે પ્રભુ આ ધન્યતા અમારી થાય એવું તું કરતારા મંદિરમાં રહેનારને ધન્ય છે. તેઓ નિરંતર તારું સ્તવન કરતા રહેશે. હે પ્રભુ આ ધન્યતા અમારી થાય એવું તું કર.

(પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦) (સાંજે વાપરી શકાય. ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨.)

## ૬. આજને માટે વિચાર

ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, એ સારું કે વચન વડે જળસ્નાનથી શુદ્ધ કરીને ખ્રિસ્ત મંડળીને પવિત્ર કરે અને જેને ડાઘ, કરચલી કે એવું કંઈ ના હોય, પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય એવી મંડળી તરીકે તે પોતાની આગળ રજૂ કરે. તેની કન્યાએ પોતાને તૈયાર કરી છે. તેને તેજસ્વી, સ્વચ્છ તથા બારીક શણનું વસ્ત્ર પહેરવા દીધું છે. તે બારીક શણનું વસ્ત્ર સંતોનાં ન્યાયી કૃત્યોરૂપ છે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે સર્વ સંતો તથા સુવાર્તિકના પ્રેરક પવિત્ર આત્મા, જેઓને તેં તારા કામને સાર પસંદ કર્યા છે તેઓને તું તારી સેવાને અર્થે જુદા કરીને તેડ અને તેઓને તારા સાક્ષી થવા માટે અને સુવાર્તા તથા ધર્મપ્રચારની સેવા અને લોકોના આત્મિક પોષણને સારુ તૈયાર કરીને મોકલ. જેઓ ઈશ્વરવિદ્યાશાળાઓ, ડિવિનિટિ કોલેજો, બાઈબલ કલાસો કે શાસ્ત્રના વર્ગમાં અભ્યાસ કરે છે અને સુવાર્તિક બનવાની તૈયારી કરે છે તેઓ પ્રથમ તને સમર્પણ અને આધીન થાય. વળી તારાથી શીખેલા થઈને તેઓ તારા કામને સારુ ઉપરના પરાક્રમે વેષ્ટિત થાય એવું કર. અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુણ્યને લીધે. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, દિવસો, કામ, જરૂરિયાત, મુશ્કેલી, માંદગી વગેરે માટે ખાસ પ્રાર્થના.)

અમે દુનિયાની વાટોમાં આખો દિવસ રઝળ્યાં છીએ. અમને પગ ધોવાની જરૂર છે. અમે રાત્રિની શાંતિ ભોગવવા જઈએ તે પહેલાં, પ્રભુ, તું અમને ધોજે. અસત્ય વચન, અમાયાળુ કૃત્યો અને અશુદ્ધ વિચારો એ બધાંની અધમતા ધોઈ નાખીને અમને શુદ્ધ કર. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં આપણે સારુ પુષ્કળ કરી શકે છે તેને ખ્રિસ્ત ઈસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી દરપેઢી મહિમા હો. આમીન.

# બારમો દિવસ

## ૧. ગીત

હે પ્રભુ મારા દેવ, હું મારા ખરા હૃદયથી તારી ઉપકારસ્તુતિ કરીશ ; હું સદાકાળ તારા નામનો મહિમા ગાઈશ. મારી જીભ તારાં વચનો વિષે ગાયન કરો. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું.)

## ૨. શાસ્ત્રવાચન

દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે. તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને સારુ ઉપયોગી છે, જેથી દેવનો ભકત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ સારુ તૈયાર થાય. (શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

દેવ પિતા જેણે પ્રથમ આપણા પર પ્રેમ કર્યો અને પોતાના પ્રિય પુત્રમાં આપણને અંગીકાર કરવા જોગ કર્યા, **તેને હાલ તથા અનંતકાળ માટે માન તથા ગૌરવ થાઓ.** દેવપુત્ર જેણે આપણા પર પ્રેમ કર્યો, અને પોતાના રકતમાં ધોઈને આપણાં પાપથી આપણને શુદ્ધ કર્યા, **તેને હાલ તથા અનંતકાળ માટે માન તથા ગૌરવ થાઓ.** દેવ, પવિત્ર આત્મા જેણે આપણા અંતઃકરણમાં ઈશ્વરનો પ્રેમ વહેતો કર્યો, **તેને હાલ તથા અનંતકાળ માટે માન તથા ગૌરવ થાઓ.**

## ૪. વિનંતી

હે સર્વશકિતમા અને સનાતન ઈશ્વર, અમે પ્રાર્થના કરવા સારુ જેટલા તૈયાર હોઈએ તે કરતાં તું સાંભળવા સારુ વધારે તૈયાર રહે છે, અને અમારી માગણી કે લાયકી કરતાં વધારે આપવાની તારી રીત છે ; તારી દયા અમારા પર ઘણી થવા દે.

હે પ્રભુ, અમે તારી વેદી આગળ આવ્યા છીએ. અમારા મનનું અર્પણ તું સ્વીકાર અને સર્વ ઉત્તમ વાતોનો વિચાર કરતાં તું અમને શીખવ. અમારી ઈચ્છાશકિતનું અર્પણ તું સ્વીકાર અને અમને તારી આજ્ઞા તત્કાળ માનતાં શીખવ. અમારાં હૃદયોનું અર્પણ તું સ્વીકાર અને તારા પ્રેમના નિવાસ વડે એ હૃદયને તું પાવન કર. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે વિનંતી.)

## આખા દિવસ માટે પ્રાર્થના

અમારા શરીરને તારું મંદિર અને અમારા મનને તારી વેદી બનાવ, જયાં

યજ્ઞનો અગ્નિ સદા સળગતો રહે અને સેવાનાં અર્પણ તથા સ્તુતિના ધૂપ ચઢયા કરે. આમીન.

## ૫. ઈશ્વરપરાયણતા માટે યાચના યાચના

દયા કરીને અમને ખરો પસ્તાવો આપ. અમારાં બધાં પાપ, ભૂલચૂક અને અજ્ઞાનતાની અમને ક્ષમા કર. **હે દયાળુ પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ.**તારા પવિત્ર આત્માની કૃપા વડે અમને ભરપૂર કર, કે અમે પોતાની ચાલ તારા વચન પ્રમાણે સુધારીએ. **હે દયાળુ પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ.** દયા કરીને અમને એવું મન આપ કે અમે તારા પર પ્રીતિ રાખીએ, તારી બીક રાખીએ ને તારી આજ્ઞાઓ પ્રમાણે યત્નથી ચાલીએ. **હે દયાળુ પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળ.** દયા કરીને તારા બધા લોકો પર તારી કૃપા એવી વધાર કે તેઓ તારા વચનને નમ્રતાથી સાંભળે અને શુદ્ધ ભાવથી તેને માને અને આત્માનાં ફળ લાવે.

(પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦) (સાંજે વાપરી શકાય ગીત અને શાસ્ત્રવાચન ૧, ૨)

## ૬. આજને માટે વિચાર

'' બાપ, જેમ તું મારામાં અને હું તારામાં તેમ તેઓ પણ આપણામાં થાય કે તેં મને મોકલ્યો છે એવો જગત વિશ્વાસ કરે. જેવા આપણે એક છીએ તેવા તેઓ પણ એક થાય. હે પવિત્ર બાપ, તારું જે નામ તેં મને આપ્યું છે તે નામ દ્વારા આપણા જેવા એક થવા સારુ તેઓને સંભાળી રાખ. હું તેઓમાં અને તું મારામાં થાય, કે જેથી તેઓ સંપૂર્ણ થઈને એક થાય.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પવિત્ર બાપ, એવું કર કે ખ્રિસ્તની સાથે એક થઈને, અને તેનામાં એક બીજા સાથે એક થઈને અમે તારા પવિત્ર નામને યથાયોગ્ય મહિમા આપીએ.

સનાતન ઈશ્વર, તારી મંડળીના છિન્નભિન્ન શરીર તરફ કરુણાથી જો. તારા પ્રેમની દોરીઓથી એના સભાસદોને તારા તરફ અને એક બીજા તરફ ખેંચ, જેથી તારી મંડળીની એકતા પુનઃસ્થાપન થઈને પ્રજાઓમાં આરોગ્ય લાવે અને માનવજાતનું જીવન તારું ગૌરવ દર્શાવે.

જુદા જુદા નામ, મત અને મિશનોની મંડળીઓ એકતામાં આવે અને સહકાર સાધે એને માટે હે પ્રભુ, અમે તારી પ્રાર્થના કરીએ છીએ. ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં એને માટે જે જે પ્રયત્નો થયા છે અને થાય છે તેને હે બાપ, તું સ્વીકાર

અને સફળ કર. અમારા દેશમાં અને આખી પૃથ્વી પર ખ્રિસ્તની મંડળી એક મન તથા એક ચિત્તની થઈને તારો મહિમા પ્રગટ કરે એવું કર. બધા ખ્રિસ્તીઓ અને ખ્રિસ્તી સમાજ, સામાજિક, આર્થિક, રાજકીય, ઔદ્યોગિક અને કેળવણીના વિષયમાં ખ્રિસ્તી ભાવ અને સિદ્ધાંત પ્રમાણે સહકારથી કામ કરે અને પરસ્પર અણબનાવ, વિખવાદ, ફાટફૂટ, કજિયા, નિંદા અને વિચારોની ભિન્નતા દૂર કરીને પોતા કરતાં બીજાને અધિક ગણે એવું કર. તારા પોતાના મહિમાને અર્થે. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, દિવસ, કામ, જરૂરિયાત, મુશ્કેલી, માંદગી વગેરે માટે પ્રાર્થના)

આખા દિવસની વાટના અમારા સાથી, જયારે દહાડો નમવા આવે ત્યારે તું અમારી સાથે રાતવાસો કરવા આવજે. અંધારું જાય તેમ તું અમારી વધારે નજીક રહેજે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

પ્રભુ ઈસુનો પ્રેમ આપણને તેના તરફ આકર્ષો, પ્રભુ ઈસુનો પરાક્રમ આપણને તેની સેવા માટે સશકત કરો. પ્રભુ ઈસુની હાજરી આપણા આત્માને ભરપૂર કરો. આમીન.

---

## તેરમો દિવસ

### ૧. ગીત

ઉપકારસ્તુતિ સહિત તેની હજૂરમાં આવીએ અને ગીતોથી તેની આગળ હર્ષનાદ કરીએ. (ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

### ૨. શાસ્ત્રવાચન

માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોંમાંથી નીકળે છે, તેનાથી જીવશે. (શાસ્ત્રવાચન કરવું.)

### ૩. ઉપકારસ્તુતિ

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો દેવ તથા બાપ સ્તુત્ય હો. તેણે સ્વર્ગીય સ્થાનોમાં દરેક આત્મિક આશીર્વાદોથી આપણને ખ્રિસ્તમાં આશીર્વાદિત કર્યા છે, તેને માટે હે **ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ.** જીવનના આનંદોમાં અમારી સાથે તારી હાજરીને માટે અને પ્રેમભર્યા આશીર્વાદોને માટે, **હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ.** અમારી દૈહિક અને આત્મિક જરૂરિયાતો પૂરી કરવાને માટે, હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ. કુટુંબના પ્રેમમય જીવન અને ઘરની દિલાસાદાયક શાંતિને માટે, હે ઈશ્વર, અમે તારો આભાર **માનીએ છીએ.** સર્વ મિત્રોની સંગત, ભલાઈ અને દિલસોજીને માટે હે ઈશ્વર, **અમે તારો આભાર માનીએ છીએ.**

### ૪. વિનંતી

સર્વશકિતમાન દેવ, તારી આગળ બધાંનાં મન ઉઘાડાં છે ને તું બધી ભાવનાઓ જાણે છે, અને તારાથી કોઈ ભેદ છૂપાવી શકતો નથી ; તારા પવિત્ર આત્માની પ્રેરણા વડે અમારા મનના વિચારો શુદ્ધ કર. હે પ્રભુ, અમારા રોજના કામ અને ફરજોને માટે અમે તારી પાસેથી શકિત મેળવવા આવ્યાં છીએ. અમારા દરેકનાં કામધંધામાં આજે બધો વખત તું અમને દોરજે અને સહાય કરજે. અમારું દરેક કામ તારા નામમાં અને તારા મહિમાને અર્થે કરવાને સારુ તું અમારી મદદ કર. અમે પહેલાં તારા રાજયને અને તેના ન્યાયીપણાને શોધીએ, અને તારા વચન પ્રમાણે અમારી સઘળી જરૂરિયાતો તું પૂરી કરશે એવો સંપૂર્ણ ભરોસો રાખીએ. (હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે પ્રાર્થના.)

### આખા દિવસ માટે પ્રાર્થના

હે પ્રભુ, તું અમારા તથા તારા વિશ્વાસી લોકનાં મનોને ઉત્તેજિત કર કે તેઓ

સારાં કામોનાં ઘણાં ફળ લાવે અને તારી પાસેથી પુષ્કળ બદલો પામે. આમીન.

## ૫. પ્રીતિને સારુ યાચના

પ્રીતિ સહનશીલ તથા પરોપકારી છે, **હે પ્રભુ, અમને તારી પ્રીતિથી ભર.** પ્રીતિ અદેખાઈ કરતી નથી, આપ વડાઈ કરતી નથી, ફુલાઈ જતી નથી ; **હે પ્રભુ, અમને તારી પ્રીતિથી ભર.** પ્રીતિ અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ હિત જોતી નથી, ખિજવાતી નથી, અપકારને લેખવતી નથી ; **હે પ્રભુ, અમને તારી પ્રીતિથી ભર.** પ્રીતિ અન્યાયમાં હરખાતી નથી ; પણ સત્યમાં હરખાય છે, સઘળું ખમે છે, સઘળું ખરું માને છે. **હે પ્રભુ, અમને તારી પ્રીતિથી ભર.** પ્રીતિ સઘળાની આશા રાખે છે, સઘળું સહન કરે છે, પ્રીતિ કદી ખૂટતી નથી. **હે પ્રભુ, અમને તારી પ્રીતિથી ભર.** (પ્રભુએ શીખવેલી પ્રાર્થના અને આશીર્વચન ૯, ૧૦) (સાંજે વાપરી શકાય, ગીતશાસ્ત્રવાચન ૧, ૨).

## ૬. આજને માટે વિચાર

દેવે ખ્રિસ્તને સર્વ પર મંડળીના શિર તરીકે નિર્માણ કર્યો. મંડળી તો તેનું શરીર છે. શરીરના અવયવ ઘણા હોવા છતાં સર્વ મળીને એક શરીર બને છે. તેમ ખ્રિસ્ત પણ છે. પ્રેમથી સત્યને અનુસરીને ખ્રિસ્ત જે શિર છે, તેમાં સર્વ પ્રકારે વધીએ.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે મહા કૃપાવંત પ્રભુ ઈસુ, તારી વિનંતી કરીએ છીએ કે આખી પૃથ્વી પર તારું રાજય વધતું જાય ; તારા લોકો ખુશીથી તારી સાક્ષી આપે અને તારી મંડળી સેવાના કામમાં લાગી જાય. દરેક દેશ અને દરેક હૃદય ઉપર ખ્રિસ્તની સુવાર્તા પરાક્રમસહિત આવે. સુવાર્તાના દરેક સેવક અને મિશનેરીને આશીર્વાદ આપ અને તેઓને સહાય કર. અમારી મંડળીઓ તરફથી સુવાર્તા પ્રચારાર્થે જે જે પ્રયત્નો થાય છે તેને ફળદ્રુપ કર. કચ્છ વગેરે જે જે સ્થળે દેશી મિશનનું કામ ચાલે છે તેને સફળ કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને લીધે. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, દિવસ, કામ, મુશ્કેલી, જરૂરિયાત માંદગી, વગેરે માટે પ્રાર્થના) દિવસે વાડીની રખેવાળી પછી આદમ અને હવા સાંજને ઠંડે પહોરે તારો સાદ સાંભળતાં હતાં, તેમ દિવસના શ્રમ પછી અમે પણ તારો અવાજ સાંભળીએ. દિવસ દરમ્યાન અમે કંઈ અયોગ્ય કર્યું હોય તો તું અમને હાંક માર કે અમે કયાં છીએ તે જાણીએ, બીક કે શરમથી અમે સંતાઈએ નહિ કે કંઈ સંતાડીએ નહિ. તારી સંગત

એજ પૃથ્વી પર અમારું સ્વર્ગ થાઓ. અમીન.

## ૯. પ્રભુએ શીખવેલી પ્રાર્થના

(બધાં સાથે બોલો) ઓ આકાશમાંના અમારા બાપ .....

## ૧૦. આશીર્વચન

આપણને દ્રઢ કરવાને જે શકિતમાન છે તે એકલા જ્ઞાની દેવને ઈસુ ખ્રિસ્ત દ્વારા સર્વકાળ સુધી મહિમા હો. આમીન.

-----------------

## ચૌદમો દિવસ

### ૧. ગીત

આપણા દેવનાં સ્તોત્ર ગાવાં તે સારું તથા મનોરંજક છે, સ્તુતિ કરવી એ ઘટતું છે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું. )

### ૨. શાસ્ત્રવાચન

નવાં જન્મેલાં બાળકોની પેઠે નિષ્કપટ આત્મિક દૂધની ઈચ્છા રાખો જેથી તે વડે તારણ મેળવતાં સુધી વધો. ( શાસ્ત્રવાંચન કરવું. )

### ૩. ઉપકારસ્તુતિ

દૂતો તથા મુખ્ય દૂતો અને આકાશના સર્વ સમુદાય સાથે અમે તારા મહિમાવાન નામની સ્તુતિ અને વડાઈ કરતાં નિરંતર એ કરીને તેને વખાણીએ છીએ કે પવિત્ર, પવિત્ર, પવિત્ર સૈન્યોના દેવ, આકાશ તથા પૃથ્વી તારા મહિમાથી ભરપૂર છે હે પરાત્પર પ્રભુ, તારો જ મહિમા થાઓ. ઓ અમારા પ્રભુ તથા અમારા દેવ, મહિમા, માન, તથા સામર્થ્ય પામવાને તુંજ યોગ્ય છે; કેમકે તેં સર્વને ઉત્પન્ન કર્યાં. અને તારી ઈચ્છાથી તે હતાં ને ઉત્પન્ન થયાં. અમારા દેવને ધન્યવાદ તથા મહિમા તથા જ્ઞાન તથા ઉપકારસ્તુતિ તથા પરાક્રમ તથા સામર્થ્ય સદાસર્વકાળ હો. હે પરાત્પર પ્રભુ તારો જ મહિમા થાઓ. પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો મહિમા થાઓ ; જેઓ આરંભમાં હતો, હમણાં છે ને સદાકાળ યુગાનુયુગ રહેશે.

આમીન.

### ૪. વિનંતી

હે સ્વર્ગીય બાપ, તેં સારું પવિત્ર શાસ્ત્ર અમારા હાથમાં મૂક્યું છે માટે અમે ઉપકારસહિત તેનો લાભ લઈએ એવું કર. તારી ભજન સેવા અને સંગતને સારું તારું મંદિર આપ્યું છે માટે અમે ઉપકાર સહિત તેનો લાભ લઈએ એવું તું કર. તેં અમને તારો પવિત્ર દિવસ, સાબ્બાથવાર આપ્યો છે માટે અમે ઉપકારસહિત તેનો લાભ લઈએ એવું તું કર. તેં અમને તારું આત્મિક ભોજન કરવા સારુ પવિત્ર સંસ્કાર આપ્યો છે, માટે અમે ઉપકારસ્તુતિ સહિત એનો લાભ લઈએ એવું તું કર. અમને દોરવા સારું તારો પ્રકાશ આપ. અમને ટકી રહેવા હિંમત આપ અને એક થવા માટે પ્રીતિ આપ. (હાજર અને ગેરહાજર કુટુંબી જનો સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતી અને અંગત માંગણી.)

## આખા દિવસ માટે પ્રાર્થના

અમે તને નમ્રતાથી વિનવીએ છીએ કે જેમ તારી ખાસ કૃપા અમારી આગળ મોકલીને તું અમારાં મનોમાં સારી ઇચ્છા મુકે છે તેમ તારી જાથુ મદદ વડે અમે તારી ઇચ્છા ને સારાં કામ કરવામાં પૂરી કરીએ એમ થવા દે. આમીન.

## ૫. યહોવાહ આપણો પાળક

(બધાં સાથે બોલે : ) યહેવાહ મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ. તે લીલાં બીડમાં મને સુવાડે છે, તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. પોતાના નામની ખાતર તે મને ન્યાયપણાને માર્ગે ચલાવે છે. જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો પણ હું કઈ પણ ભૂંડાઈથી બીશ નહિ. કેમકે તું મારી સાથે છે; તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.

હે પ્રભુ, અમારાં પાપ અમને માફ કર, અમારી જરૂરિયાતો પૂરી કર, અને અમને અનંતજીવનમાં પહોંચાડ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને નામે આમીન.
( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન ૯,૧૦ ). (સાંજે વાપરી શકાય,૧,૨).

## ૬. આજને માટે વિચાર

જે જીવંત પથ્થર છે તેની પાસે આવીને તો પણ જીવંત પથ્થરોના જેવા આત્મિક ઘરમાં ચણાયા છો. પ્રેરિતો તથા પ્રબોધકોના પાયા પર તમે બંધાયેલા છો. ઈસુ ખ્રિસ્ત પોતે ખૂણાનો મુખ્ય પથ્થર છે. તેનામાં દરેક બાંધણી એકબીજાની સાથે યોગ્ય રીતે જોડાઈને પ્રભુમાં વધતાં વધતાં પવિત્ર મંદિર બને છે. તેનામાં તમે પણ પવિત્ર નિવાસને માટે આત્મામાં એકબીજાની સાથે જોડાઈને બંધાતા જાઓ છો.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પ્રભુ, જેઓ તારી સુવાર્તાપ્રચારને માટે જાુદે જાુદે સ્થળે જાય છે તેમની સાથે તું જા અને તેમના માર્ગ તૈયાર કર. તેમની સાથે ઊભો રહે. શું બોલવું અને શિખવવું તે તારા આત્માથી તેમને શીખવ. તેઓ વચનથીજ નહિ, પણ પોતાના વર્તનથી ધીરજ, નમ્રતા અને સહનશીલતાથી તને પ્રગટ કરે. જે વચનો તેઓ વાવે તેને ફળવંત કર અને તારી આનંદની સુવાર્તા જ્યાં જ્યાં સંભળાવવામાં આવી હોય ત્યાં ત્યાં તેને અસરકારક બનાવ. મુશ્કેલ સ્થિતિમાં તું તેઓનો રક્ષક, આધાર તથા દિલાસો આપનાર થા. સ્ત્રીસુવાર્તિકો, ચર્ચ સીસ્ટર અને મિશનના કામ ઉપર પુષ્કળ આશીર્વાદ આપ. છોકરા છોકરીઓ અને બાળકોમાં ધર્મનું કામ કરનારાઓને તારા આત્માથી ભર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( તહેવારો, ખાસ પ્રસંગો, કાર્યો, જરૂરીયાતો વગેરે માટે ખાસ પ્રાર્થના )

સૂર્ય સંદ્ર ઉત્પન્ન કર્યાં પહેલાં તેં અજવાળું બનાવ્યું. તું શબ્દ બોલ્યો અને પ્રકાશ થયો માટે દિવસ કે રાત અમને તારાથી અળગાં કરી શકતાં નથી. તારા શબ્દના પ્રકાશમાં તું અમને સર્વદા રાખ આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

સર્વસમર્થ પરમેશ્વર પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો આશીર્વાદ આપણા ઉપર રહો અને તેના નામમાં કરેલાં આપણાં બધાં કામ તથા ભજનસેવા પર તેનો આશીર્વાદ ઉતરો. આમીન.

# પંદરમો દિવસ

## ૧. ગીત

હું આત્માથી ગાઈશ અને સમજશકિતથી પણ ગાઈશ, આનંદથી યહોવાહની સેવા કરો; ગાતાં ગાતાં તેની આગળ આવો. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચન કરવું. )

## ૨. શાસ્ત્રવાચન

અસત્યનો માર્ગ મારાથી દૂર કર, મેં સત્યનો માર્ગ પસંદ કર્યો છે, મેં મારી નજરમાં તારાં ન્યાયવચનો રાખ્યાં છે. સત્યથી તેઓને પવિત્ર કર; તારું વચન સત્ય છે. ( શાસ્ત્રવાચન કરવું. )

## ૩. ઉપકારસ્તુતિ

સર્વ સંતો, શહિદો, સાધુપુરુષો, પ્રેરિતો અને સેવકો માટે **પ્રભુ, તારી, સ્તુતિ કરીએ છીએ.** તેમના પવિત્ર જીવન અને પ્રોત્સાહક ઉત્તમ નમૂના માટે **પ્રભુ તારી સ્તુતિ કરીએ છીએ.** તેમના અનુભવ, બોધ અને શિક્ષણ માટે **પ્રભુ તારી સ્તુતિ કરીએ છીએ.** તારા જે સંતો પૃથ્વી પર છે તેઓમાં મારો આનંદ છે. તેમના સંતસમાગમ માટે **પ્રભુ, તારી સ્તુતિ કરીએ છીએ.**

## ૪. વિનંતી

હે પ્રભુ, અમે વિચાર વાણી અને વર્તનથી તારી વિરુદ્ધ પાપ કર્યાં છે, તેને અમે કબૂલ કરીએ છીએ, તેને લીધે ખરા મનથી દુઃખી થઈએ છીએ. તારી આજ્ઞાઓ પાળીને કબુલ પાળીને તારા પવિત્ર માર્ગમાં ચાલતાં અમને શીખવ. જેવો તું દયાળ છે તેવા અમને દયાળુ કર. જેવો તું પવિત્ર છે તેવા અમને પવિત્ર કર. જેવો તું પૂર્ણ છે તેવા અમને પૂર્ણ કર. અમારા તારનાર પ્રભુ ઈસુને અમે વધારે સ્પષ્ટ રીતે ઓળખીએ, તેને વધારે ને વધારે હેતથી ચાહીએ, અને વધારે ને વધારે નિકટ રીતે અનુસરીએ એવું તું કર. અમને ખ્રિસ્ત જેવા બનાવ, અને બીજાની આગળ, તને વધારે ખરો કરી બતાવીએ એવું બળ આપ. ( હાજર તથા ગેરહાજર કુંટુંબીજનો તથા સગાં સ્નેહીઓ માટે પ્રાર્થના. )

## આખા દિવસ માટે પ્રાર્થના

અમારા આજના કામમાં અમે એકલા નથી, અથવા પોતાનાજ બળથી તે કરવાના નથી ; પણ તારી હાજરી અમારી સાથે આવશે અને તારી કૃપા અમારી કિલ્લેબંદી થશે એવી ધન્ય ખાતરી સારુ તારી ઉપકાર માનીએ છીએ. આમીન.

## ૫. સદાચરણ સારુ બળ માટે પ્રાર્થના

જે બાબતો શાંતિકારક છે તથા જે વડે એકબીજામાં સુધારો કરી શકીએ એવી બાબતની પાછળ આપણે લાગુ રહેવું. આપણામાંના દરેકે પોતાના પડોસીને તેના કલ્યાણને સારુ, તેની ઉન્નતિને અર્થે ખુશી કરવો. કેમકે ખ્રિસ્ત પોતે પણ પોતાની મરજી પ્રમાણે કરતો નહોતો. **પ્રભુ, તું અમને એમ કરવા તારું બળ આપ.** સારા કામમાં એકબીજાને ઉત્તે જન આપવા તૈયાર રહીએ. પોતાના હિત પરજ નહિ પણ બીજાના હિત પર લક્ષ રાખીએ, અને પોતા કરતાં બીજાને ઉત્તમ ગણીએ. **પ્રભુ, તું એમ કરવા તારું બળ આપ.** આપણા ભાઈઓના માર્ગમાં ઠેસ કે ઠોકર ન મૂકીએ. જો કોઈ આડા માર્ગે ચાલે છે કે પાપમાં પડેલો હોય તો તેને માટે પ્રાર્થના કરીએ, અને તેને પ્રભુના માર્ગમાં લાવવા પ્રયત્ન કરીએ. **પ્રભુ તું અમને એમ કરવા તારું બળ આપ.** તમે સઘળા એકબીજાની સેવા કરવા નમ્રતા પહેરી લો. **પ્રભુ તું એમ કરવા તારું બળ આપ.** ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯,૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

## ૬. આજને માટે વિચાર

" જે આજ્ઞા હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો. હવેથી હું તમને દાસ કહેતો નથી. પણ મેં તમને મિત્ર કહ્યા છે. મેં તમને પસંદ કર્યા છે અને નિમ્યા છે કે તમે જઈને ફળ આપો.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

સર્વ જ્ઞાનના ભંડાર પરમેશ્વર, સર્વ શાળાઓ, પાઠશાળાઓ, અને મહાવિદ્યાલયોમાં ભણતા બધા વિદ્યાર્થીઓને સારુ અમે તારી પ્રાર્થના કરીએ છીએ. તારું ભય એજ વિદ્યાનું મૂળ છે, એ તેઓ જાણે, સમજે તથા શીખે. તેઓ જીવનનો પાયો એવી રીતે નાખે કે તેથી આખી દુનિયાનું હિત થાય. સર્વ ખ્રિસ્તી વિદ્યાર્થીઓને અમે તારી કૃપાને સોંપીએ છીએ. ખ્રિસ્તી શાળાના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને પણ અમે ખાસ યાદ કરીએ છીએ. તારા નામમાં અમારી પ્રાર્થના માન્ય કર આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( તહેવારો, ખાસ પ્રસંગો, કાર્યો, જરૂરીયાતો વગેરે માટે ખાસ પ્રાર્થના )

હે સત્ય પ્રકાશ, જગતમાં આવીને તું હરેક માણસને પ્રકાશ આપે છે ; તારા પ્રકાશમાં અમે પ્રકાશ પામીએ અને કદી અંધકારમાં ન રહીએ. તારા તેજના પ્રતાપથી અમારા પાપ ભસ્મ કર અને તારા મુખના દર્શનથી અમને શાંતિ આપ આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

સર્વ કૃપાનો દેવ જેણે ખ્રિસ્તમાં આપણને પોતાના સર્વકાળના મહિમાને સારુ બોલાવ્યા છે, તે પોતે આપણને પૂર્ણ, સ્થિર તથા બળવાન કરશે. તેને સર્વકાળ સત્તા હોજો. ખ્રિસ્ત ઈસુમાં આપણ સર્વને શાંતિ થાઓ. આમીન.

---

# માનવસમાજ અને સુવાર્તા

## ત્રીજું અઠવાડિયું

## સોળમો દિવસ

### ૧. ગીત

યહોવાહ મારું સામર્થ્ય તથા ગીત છે; તે મારું તારણ થયો છે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું )

### ૨. શાસ્ત્રવાચન

તું બાળપણથી પવિત્ર શાસ્ત્ર જાણે છે, તે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણને સારુ જ્ઞાન આપી શકે છે તે પણ તું જાણે છે. ( શાસ્ત્રવાચન કરવું. )

### ૩. ઉપકારસ્તુતિ

તારી ઉત્તમ સૃષ્ટિ માટે હે સરજનહાર, અમે તારો આભાર માનીએ છીએ. તારાં પૃથ્વી, આકાશ, સાગર અને સરિતા, પહાડ અને વાદળ, વૃક્ષો અને પક્ષીઓ, તારી સકળ સુંદર, આનંદદાયક અને ઉપકારક કુદરતને માટે અમે તારો આભાર માનીએ છીએ. એ બધાંનો આનંદ માણતાં અમે તારું સ્મરણ કરીએ છીએ. તેં અમને જીવન અને જીવનને જરૂરના સૌ વાનાં આપ્યાં છે ; તારો સૂર્ય પ્રકાશ આપે છે, તારો વરસાદ પોષણ આપે છે, અમારા દેહ તથા આત્માની ગરજ દાતાર હાથે તું પૂરી પાડે છે, એ તારી અનેક વિધ કૃપાને માટે અમે તારો આભાર માનીએ છીએ.

### ૪. વિનંતી

હે પરમેશ્વર, તું એટલો મહાન, ઉત્તમ અને પવિત્ર છે, અને અમે એટલા બધા અધમ, નિર્બળ અને નાલાયક છીએ; છતાં અમે કૃપા મેળવવા તારી પાસે આવતાં નથી, તેની અમને ક્ષમા કર. તારી અનહદ દયા, ક્ષમા અને પાયશ્ચિત ઉપર ભરોસો કરવાને બદલે અમે પોતાના સારાપણા, પુણ્ય અને પ્રયત્ન ઉપર ભરોસો કર્યો છે, તેની અમને ક્ષમા કર.ખ્રિસ્તમાં તેં અમને જીવનનો સારો અને સંપૂર્ણ નમૂનો આપ્યો છે, પણ તેની પાછળ ચાલવાને બદલે જગતના ધોરણ પ્રમાણે અમે ચાલ્યાં છીએ. ખ્રિસ્તને અનુરૂપ ચાલવાને સારુ પવિત્ર આત્માનો પરાક્રમ આપવાનું તેં વચન આપ્યું છે, પણ તેની મદદ અમે લીધી નથી, તેની અમને ક્ષમા કર. તારી કૃપા વડે તારા મહિમાને અર્થે અમને જીવતાં શીખવ. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો, સગાંસ્નેહીઓ વગેરે માટે ખાસ વિનંતીઓ તથા માગણીઓ. )

## આખા દિવસ માટે પ્રાર્થના

હે પ્રભુ અમે તારી પ્રાર્થના કરીએ છીએ કે તારી કૃપા સર્વદા અમારી આગળ જાય, તેમજ અમારી ઉપર રહે, અને અમને સારં કામમાં જાથુ લગાડી રાખે, ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને લીધે. આમીન.

## ૫. સદાચરણ સારુ કૃપાની યાચના

તમે માંહોમાંહે શાંતિમાં રહો ; તોફાનીઓને બોધ કરો ; બીકણોને ઉત્તેજન આપો ; નિર્બળોને આશ્રય આપો. **હે પ્રભુ એમ કરવા અમને કૃપા આપ.** સઘળ ાની સાથે સહનશીલ થાઓ ; ભૂંડાઈને બદલે પાછી ભૂંડાઈ ન વાળો પણ સદા એકબીજાનું તથા સઘળાનું કલ્યાણ કરવાને યત્ન કરો. **હે પ્રભુ એમ કરવા અમને કૃપા આપ.** સદા આનંદ કરો. નિત્ય પ્રાર્થના કરો, દરેક સંજોગોમાં ઉપકારસ્તુતિ કરો. **હે પ્રભુ, એમ કરવાને અમને કૃપા આપ.** સઘળાની પારખ કરો; જે સારું છે તે ગ્રહણ કરો. દરેક પ્રકારની દુષ્ટાઈથી દૂર રહો. **હે પ્રભુ એમ કરવા અમને કૃપા આપ.** ( પ્રભુની પ્રાર્થના અને આશીર્વચન, ૯, ૧૦. ) ( સાંજે વાપરી શકાય, ૧, ૨.)

## ૬. આજને માટે વિચાર

તમે તો પસંદ કરેલી જાતિ, પવિત્ર પ્રજા, તથા પવિત્ર લોક છો કે જેથી તેના સદગુણો તમે પ્રગટ કરો. તેણે આપણે સારું પોતાનું સ્વાર્પણ કર્યું, કે જેથી સર્વ અન્યાયથી તે આપણો ઉધ્ધાર કરે, અને આપણને પવિત્ર કરીને પોતાને સારુ ખાસ પ્રજા તથા સર્વ કામ કરવાને આતુર એવા લોક તૈયાર કરે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે સર્વશકિતમાન ઈશ્વર, તારી પાસેથી સત્ય અને શાંતિના સર્વ વિચારો નીકળે છે. અમે તારી પ્રાર્થના કરીએ છીએ કે સર્વ માણસોના હૃદયમાં શાંતિનો ખરો પ્રેમ જણાવ. પૃથ્વીની દેશજાતિઓ માટે મસલત કરનારાઓને તારા શુદ્ધ અને શાંતિકારક નામ વડે દોર, કે પૃથ્વી તારા સત્યના જ્ઞાનથી ભરપૂર થઈ જાય ત્યાં સુધી તારું રાજય સલાહશાંતિમાં આગળ વધે. તારા સર્વ પુત્રો સલાહ શોધનારા અને સલાહ કરાવનારા થાય. તારા નામથી ઓળખાતી બધી પ્રજા ખ્રિસ્તના પ્રેમ અને શાંતિના નિયમોને આધિન થાય. અને પૃથ્વી પર ન્યાયપણાની વ્યવસ્થા સ્થાપન થાય. વિશેષ કરીને ભારતની લોકસભાને માટે તને નમ્રતાથી વિનવીએ છીએ. તેના સંસદ સભ્યોને તું એવી બુધ્ધિ આપ કે તેઓ પોતાનું કામ એવા ડહાપણથી, અને ન્યાયપણાથી તથા શાંત ચિત્તે ચલાવે કે તારા નામનો મહિમા તથા તારા લોકનું ભલું થાય. અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ પ્રસંગો, દિવસો, કાર્યો, જરૂરીયાતો, માંદગી વગેરે માટે ખાસ પ્રાર્થના. )

હે પ્રભુ, એવું કર કે આજનો દિવસ તારા પ્રકાશમાં ચાલીને રાત્રીનો સમય તારી શાંતિમાં પૂરો કરીએ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

સર્વસમર્થ પરમેશ્વર, પિતા પુત્રઅને પવિત્ર આત્મા, આપણને દોરવાને પ્રકાશ, ટકવાને હિંમત અને એક થવાને પ્રેમ અત્યારે અને સર્વકાળ આપો આમીન.

---

## સત્તરમો દિવસ

### ૧. ગીત

યહોવાહનો આભાર માનતાં માનતાં ગીતો ગાઓ. પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી તેનાં સ્તોત્ર ગાઓ. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચન કરવું. )

### ૨. શાસ્ત્રવાચન

યહોવાહનો નિયમ સંપૂર્ણ છે, તે આત્માને તાજો કરે છે ; યહોવાહની સાક્ષી વિશ્વાસપાત્ર છે, તે અબુદ્ધને બુદ્ધિમાન કરે છે, યહોવાહની વિધિઓ યથાર્થ છે, તેઓ હૃદયને આનંદ આપે છે; યહોવાહની આજ્ઞા નિર્મળ છે, તે આંખોને પ્રકાશ આપે છે. ( શાસ્ત્રવાંચન કરવું. )

### ૩. ઉપકારસ્તુતિ

હે પ્રભુ, તેં અમને શરીર તથા મનની તંદુરસ્તી અને સુખાકારી આપી આનંદમાં રાખ્યાં છે, તું અમારા સઘળા રોગ મટાડે છે અને અમારા સઘળા પાપ માફ કરે છે. **તેને સારુ તારો આભાર માનીએ છીએ અને તારો મહિમા કરીએ છીએ.** અમને તોફાન, લડાઈ, લૂંટફાટ મરકી, દુકાળ અને બીજી બધી આફતોથી બચાવી તેં અમને શાંતિમાં રાખ્યા છે, **તેને સારુ તારો આભાર માનીએ છીએ અને તારો મહિમા કરીએ છીએ.** અમારી બધી મુશ્કેલીઓમાં અને જરૂરીયાતોમાં પ્રભુ ઈસુ સહાય કરવાને સદા હાજરાહજૂર મદદગાર છે અને તેના મુખ તરફ જોઈને સદા સહાય પામીએ છીએ. **તેને સારુ તારો આભાર માનીએ છીએ અને તારો મહિમા કરીએ છીએ.**

### ૪. વિનંતી

હે દયાળુ અને પ્રેમી અમારા સ્વર્ગીય બાપ, અમે ઉડાઉ દીકરાની પેઠે તારાથી દૂર ગયા અને સર્વ આત્મિક સંપત દૈહિક વસનાઓમાં ઉડાવી દીધી. પણ હાલ ઉડાઉ દીકરાની પેઠે ભાનમાં આવી તારી પાસે આવ્યા છીએ. અમે અમારા દોષ કબૂલ કરીએ છીએ, કે હે બાપ, અમે આકાશ સામે તથા તારી સામે પાપ કર્યું છે. અને તારા દીકરા દીકરી કહેવાવા યોગ્ય નથી. તારું પિતાનું ઉમળકાભર્યું હૃદય અમને સ્વીકારવાને સદા તૈયાર છે. તારા વાત્સલ્યભર્યા હાથ અમને ભેટવા સદા લંબાવેલા છે. અમે તારા પગ આગળ નમીએ છીએ, તારા હાથોમાં પોતાને અર્પિ દઈએ છીએ. તારા પ્રેમમાં પોતાને ડુબાડી દઈએ છીએ. ( સર્વ હાજર તથા ગેરહાજર કુટુંબીજનો સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતી તથા અંગત માગણીઓ. )

## આખા દિવસ માટે પ્રાર્થના

આજે તું અમને એવી કૃપા આપ કે પિતા તરીકે અમે તારી સાથે ચાલીએ, ત્રાતા તરીકે અમે તારા પર ભરોસો રાખીએ, અને સ્વામી તરીકે અમે તારું ભજન કરીએ, જેથી અમારા બધા કામો તારી સ્તુતિ કરે અને અમારાં જીવન તને મહિમા આપે. આમીન.

## ૫. ઈશ્વરના ગરજવાળાં સંતાનો માટે યાચના

બધા બંદીવાનો તથા દુશ્મનના હાથમાં પડેલા લોકો પર તારી કરુણા દેખાડ, **હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ.** બધા માંદાઓ અને નાનાં બાળકોની સંભાળ કર. દયા કરીને નબળાં બાળકોનું, વિધવાઓનું નિરાધારોનું તથા જુલમ વેઠનારાઓનું રક્ષણ કર. હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ. દયા કરીને બધા લોકોને આશિર્વાદ આપીને સંભાળ અને બધી માનવજાત ઉપર દયા કર. **હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ.** તારી પવિત્ર કરુણા અમને એવા સંપૂર્ણ ગ્રહણ કરે કે જેવો તું અમારા પર પ્રેમ કરે છે તેવો અમે તારાં સંતાનો પર પ્રેમ કરીએ અને વિચાર, કામ તથા વચનથી સદા તેમનું કલ્યાણ કરીએ. હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯,૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

## ૬. આજને માટે વિચાર

રાજયાસનો કે અધિપતિઓ કે અધિકારીઓ સર્વ ખ્રિસ્તની મારફતે તથા તેને સારુ ઉત્પન્ન થયાં. તે સર્વ આદિ છે અને તેનાથી સર્વ વ્યવસ્થિત થઈને રહે છે. તે સર્વ રાજયનું તથા અધિકારનું શિર છે. સઘળાં તેણે તેના પગો તળે રાખ્યાં. તે પોતાના સર્વ શત્રુઓને પગ તળે નહિ દાબે ત્યાં સુધી તેણે રાજ કરવું જોઈએ.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પરમેશ્વર, ખ્રિસ્ત જે પ્રભુઓનો પ્રભુ તથા રાજાઓનો રાજા છે, તેના પર અમારો પ્રેમ, ભકિત, શ્રધ્ધા અને વફાદારી વધાર, અને અમને તેના સાચા સેવક અને સાચા સૈનિક બનાવ. દરેક ઘૂંટણ તેની આગળ નમે અને દરેક જીભ તેને પ્રભુ તરીકે કબૂલ કરે ; દરેક દેશ અને રાષ્ટ્ર એ સ્વામીની સંગત અને સેવામાં જોડાય; દરેક જાતી જેને તેણે ઉત્પન્ન કરી છે તે તેને આધિન થઈ ને તેનું ગૌરવ કરે ; દરેક રાજય અને પ્રજા તેને પોતાનો સર્વોપરી રાજા સ્થાપે, તેવું કર.

સર્વ પારસી ભાઈઓને માટે અમે પ્રાર્થના કરીએ છીએ, કે પૂર્વ દેશથી બાળ ખ્રિસ્તનાં દર્શને આવેલા જ્ઞાની પુરુષોની પેઠે તેઓ પોતાનું અર્પણ કરે, અને ન્યાયપણાના સૂર્ય અને જગતની ખરી જયોતિ જે ખ્રિસ્ત તેનું તેઓ ભજન કરે. તારા પોતાને લીધે અમારું સાંભળ આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ પ્રસંગ, દિવસ, કામ, જરૂરીયાતો વગેરે માટે ખાસ પ્રાર્થના )

હે પ્રભુ, દિવસ પૂરો થઈ રાત્રીની છાયા આવે છે, પરંતુ કોઈ અંધકારની છાયા અમારા આત્માને આવરી ન દે, વળી બીજાઓને મળતો પ્રકાશ અમારી ગમગીનીથી અટકાવી ના દઈએ, એવું કર. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) **ઓ આરાશમાંના અમારા બાપ.............**

## ૧૦. આશીર્વચન

ઈસુ ખ્રિસ્ત જે વિશ્વાસુ સાહેદ અને મૂએલાંમાંથી પ્રથમ જનિત અને પૃથ્વીના રાજાઓનો અધિપતિ છે તેના તરફથી આપણા પર કૃપા તથા શાંતિ હોજો. આમીન.

------------------

# અઢારમો દિવસ

## ૧. ગીત

હું યહોવાહની કૃપા વિષે ગાઈશ. મધ્યરાત્રિને સુમારે પાઊલ તથા સીલાસ પ્રાર્થના કરતા હતા તથા દેવનાં સ્તોત્રો ગાતા હતા. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું. )

## ૨. શાસ્ત્રવાચન

દેવનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તલવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે. તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજજાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારો તથા ભાવનાઓને પારખનારો છે. ( શાસ્ત્રવાંચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના પ્રભુ, હું તારી ઉપકારસ્તુતિ કરું છું, કેમકે જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રીઓથી તેં આ વાતો ગુપ્ત રાખી છે ને બાળકોની આગળ પ્રગટ કરી છે. હા, ઓ બાપ, કેમકે તને એ સારું લાગ્યું. હે પિતા, જ્ઞાનીઓને શરમાવવા સારું તેં અમ જેવા મૂર્ખોને પસંદ કર્યા છે, અને શકિતમાનોને શરમાવવા સારુ તે અમ જેવા નિર્બળોને પસંદ કર્યા છે, અને જેઓ મોટા મનાય છે તેઓને નહિ જેવા કરવા સારુ અમ જેવા જગતના અકુલીનોને અને ધિક્કારાએલાઓને તથા જેઓ કંઈ વિસાતમાં નથી તેઓને પસંદ કર્યા છે, કે કોઈ મનુષ્ય તારી આગળ અભિમાન કરે નહિ.

## ૪. વિનંતી

હે પ્રભુ, તું અમારાં સઘળાં કામોમાં તારી પરમ કૃપાળુ મહેરબાની સહિત અમારી આગળ જા, અને તારી જાથુ મદદ વડે અમને આગળ વધાર ; જેથી અમે અમારાં બધાં કામો તારામાં શરૂ કરીએ, તારામાં ચાલુ રાખીએ, અને તારામાં જ પૂરાં કરીએ, જેથી તારા પવિત્ર નામનો મહિમા અમારાથી થાય, અને છેવટે તારી દયાથી અમને સદા કાળનું જીવન મળે. અમે એકબીજા તરફ ધીરજવાન થઈએ અને પરસ્પર એકમેકનું હિત તાકીએ. અમે કઠોરતાથી એકબીજાના દોષો ના શોધીએ, એકબીજાના સારાપણાના વખાણ કરવામાં પાછા ના પડીએ. એક બીજાનો ભાર ઉપાડવા માટે પ્રેમ અને સારાં કામ કરવા સારુ એકબીજાને ઉત્તેજન આપવા અમારી મદદ કર. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે પ્રાર્થના. )

### આખા દિવસ માટે પ્રાર્થના

આજે અમે જે કંઈ વિચારીએ, બોલીએ કે કરીએ તે બધાંમાં અમે તારું

સન્માન અને મહિમા થાય એવું શોધીએ. આજ તથા દરેક દિવસ જે કંઈ લાવે તેને અમે હિંમતથી આવકારીએ એવી કૃપા તું અમને આપ. આમીન.

### ૫. પવિત્રઆત્માના ફળ માટે યાચના

પવિત્રઆત્માનું ફળ પ્રેમ. હે પવિત્ર આત્મા, તારું આ ફળ અમારામાં ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ આનંદ. હે પવિત્ર આત્મા, તારું આ ફળ અમારામાં ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ શાંતિ. હે પવિત્ર આત્મા, તારું આ ફળ અમારામાં ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ સહનશીલતા. હે પવિત્ર આત્મા .......... ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ માયાળુપણું, હે પવિત્ર આત્મા .......... ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ ભલાઈ. હે પવિત્ર આત્મા .......... ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ વિશ્વાસુપણું. હે પવિત્ર આત્મા .......... ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ નમ્રતા. હે પવિત્ર આત્મા .......... ઉપજાવ. પવિત્ર આત્માનું ફળ સંયમ. હે પવિત્ર આત્મા, તારું આ ફળ અમારામાં ઉપજાવ. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯,૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

### ૬. આજને માટે વિચાર

ઈસુએ ત્યાં આવીને તેઓને કહ્યું, કે " આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો. ............ જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું  તેને દેવે પોતાના જમણા હાથે રાજા તથા તારનાર થવાને ઊંચો કર્યો છે કે તે ( ઈસ્રાએલના ) મનમાં પાશ્ચતાપ કરાવે, તથા તેઓને પાપની માફી આપે. મેં એક બીજો દૂત અંતરીક્ષમાં ઊડતો જોયો. પૃથ્વી પર રહેનારાઓમાં એટલે સર્વ રાજય, જાતિ તથા પ્રજામાં પ્રગટ કરવાને તેની પાસે સનાતન સુવાર્તા હતી.

### ૭. મધ્યસ્થીની પ્રાર્થના

" આપણા દેવની ઘણી દયાથી અરુણોદય ઉપરથી આપણા પર આવ્યો છે કે અંધકારમાં તથા મરણની છાયામાં જેઓ બેઠેલાં છે તેઓને પ્રકાશ પમાડે અને આપણા પગોને શાંતિના માર્ગમાં દોરી જાય.  હે પ્રભુ, જેઓ બધાં અધર્મના અંધકારમાં બેઠેલાં છે તેઓના પર તારી સુવાર્તાનો પ્રકાશ ચમકાવ. દરેક દેશ માટે સુવાર્તિકો, મિશનેરીઓ, પાળકો, સેવકો અને દાકતરો ઊભા કર. પોતાનાજ લોકોમાં તારા પ્રેરિતો તરીકે જવા તૈયાર થાય એવા સૈનિકો તૈયાર કર. સમર્પણ અને સેવા માટેની તારી હાકલને અમારાં હૃદયો પ્રત્યુત્તર વાળે. અમારે શું કરવાનું છે તે અમને બતાવ. ખ્રિસ્તની પાછળ ચાલવાનો અને સેવા કરવાનો આનંદ અમે જાણી શકીએ

એવું કર. ગુજરાતના દરેક ભાગમાં તારા સુવાર્તિકો અને સેવકો મોકલી આપ ભીલલોકો, રાનીપરજ, અને આદિવાસીઓમાં જે કામ કરવામાં આવે છે તેને ફળવંત કર. દુનિયાની જંગલી આદિ જાતિઓમાં, ટાપુઓમાં, અને જંગલોમાં તારી સુવાર્તાના અને તારા શિક્ષણના કાર્યને આશિર્વાદિત કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમીન.

### ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ પ્રસંગો, તહેવારો, જરૂરીયાતો, માંદગી, વગેરે માટે ખાસ પ્રાર્થના )

સમયોમાં તું પ્રબોધકો મારફતે બોલ્યો, અને સમયની સંપૂર્ણતાએ પત્રદ્વારા તેં પોતાને પ્રગટ કર્યો ; એ પરથી હે ઈશ્વર, અમને તું એ સમજાવ કે તું સદા અમારી સાથે છે. આમીન.

### ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

### ૧૦. આશીર્વચન

હવે દેવ કે જેના પર આપણે આશા રાખીએ છીએ, તે આપણને વિશ્વાસ રાખવામાં અખંડ હર્ષ તથા શાંતિથી ભરપૂર કરો. જેથી પવિત્ર આત્માના સામર્થ્યથી આપણી આશા પુષ્કળ થાય. આમીન.

-------------------

# ઓગણીસમો દિવસ

## ૧. ગીત

હે પ્રભુ, હું લોકોમાં તારી ઉપકારસ્તુતિ કરીશ, વિદેશીઓમાં હું તારાં સ્તોત્ર ગાઈશ, ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચન કરવું. )

## ૨. શાસ્ત્રવાચન

મર્મો આપણા દેવ યવોહાના છે, પણ પ્રગટ કરેલી વાત આપણી તથા આપણાં સંતાનોની છે. એ વચન તારી પાસે, તારા મોમાં તથા તારા અંતઃકરણમાં છે. ( શાસ્ત્રવાચન કરવું. )

## ૩. ઉપકારસ્તુતિ

રોજના કામધંધા અને જીવનની ઘરેડમાં તારી સંગત અને સહાયને સારુ હે ત્રાતા, અમે તને ધન્યવાદ આપીએ છીએ.જીવન અને સંજોગોની ઉથલપાથલમાં તેં અમને તજી દીધાં નથી, તેને સારુ હે ત્રાતા, અમે તને ધન્યવાદ આપીએ છીએ. મુશ્કેલીઓમાં તું અમારો દોરનાર અને સંભાળનાર થયો છે અને અમને નિભાવી રાખીને આજ ઘડી સુધી તેં અમને આણ્યાં છે, તેને સારુ હે ત્રાતા, અમે તને ધન્યવાદ આપીએ છીએ. પરીક્ષણોમાં તું અમારો ઉદ્ધારનાર અને રક્ષક બન્યો છે, તેને સારુ હે ત્રાતા, અમે તને ધન્યવાદ આપીએ છીએ.

## ૪. વિનંતી

હે દેવ, તારી કૃપા પ્રમાણે અમારા પર દયા કર, તારી પુષ્કળ રહેમ પ્રમાણે અમારાં ઉલ્લંઘન ભૂંસી નાખ.અમારા અન્યાયથી અમને પૂરા ધો અને અમારા પાપથી અમને શુદ્ધ કર. અમને ધોજે એટલે અમે શુદ્ધ થઈશું ; અમને નવડાવ તો અમે હિમ કરતાં ધોળા થઈશું. હે સર્વશકિતમાન, પ્રભુ અને સનાતન ઈશ્વર, માણસ પોતાની નિર્બળતાને લીધે તારી રક્ષા વગર પડયા વિના રહી શકતો નથી. માટે અમારી સદા સહાય કરીને અમને બધી હાનિકારક વાતોથી બચાવી લે અને જે બધી વાતો અમારા તારણને સારુ ગુણકારી છે તેની ગમ અમને દોર. આજે કોઈપણ સ્વાર્થ અમને તારી ઈચ્છા જાણવાથી અટકાવશે નહિ, અમને કોઈપણ નબળાઈ તેને પૂરી કરવાથી રોકે નહિ, એવું કર. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે પ્રાર્થના. )

### આખા દિવસ માટે પ્રાર્થના

અમારામાં હિંમતનો આત્મા વધાર, જેથી અમે અમારા આજના કામમાં એવી આશા અને શ્રદ્ધાથી જઈએ કે આજનો દિવસ જે કંઈ લાવે તેમાંથી અમે તારી

મદદથી, કંઈ સારું ઘડી શકીશું. આમીન.

## ૫. આપત્તિમાં શાંતિની યાચના

તોફાનને દહાડે અમારી આસપાસ અને અમારી નીચે ઉછળતાં મોજાં તરફથી અમે નજર ફેરવી લઈએ ; અને જે અમને કહે છે " બી મા, એ હું છું ; જે અમારો હાથ પકડી લઈને કહે છે, " સંદેહ ન આણો ; જે બોલે છે કે " શાંતિ, તુફાન બંધ થા, તે ખ્રિસ્ત તરફ અમારી દ્રષ્ટિ લગાડીએ. દરેક આપત્તિને અમે તારી કૃપાની તક સમજીએ જેથી અમારાં હલકાં દુ:ખસહન વડે અમે ખ્રિસ્તના દુ:ખસહનના ભાગીદાર થતાં શીખીએ, અને અમે અમારા પ્રભુની આશા અને શાંતિમાં ભાગ લેનારા થઈ શકીએ. આમીન. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯,૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

## ૬. આજને માટે વિચાર

" તમે પણ સાક્ષી આપશો કેમકે તમે આરંભથી મારી સાથે છો. સઘળી પ્રજાને તેના નામમાં પસ્તાવો તથા પાપનિવારણ પ્રગટ કરાવાં જોઈએ, એ વાતના સાક્ષી તમે છો. હે પ્રભુ, તેં દૂતોને નહિ પણ પાપથી તારણ પામેલા અમારા જેવા માણસોને તારી કૃપા અને પરાક્રમની સાક્ષી આપવા સારુ તેડયા છે તેને માટે તારી સ્તુતિ થાઓ. અમને એ તેડાને લાયક બનાવ. અમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

સર્વ માનવીઓના રાજા, આકાશ તથા પૃથ્વીમાં સર્વ અધિકાર તને અપાએલો છે. તારું રાજયપદ ધારણ કર, તારા પ્રેમથી આખી દુનિયાને જીત અને પૃથ્વીના છેડા સુધી સર્વથી માન અને આરાધના પામી લે. હે દેવ, તેં તારા ધન્યવાન પુત્રને એ માટે મોકલ્યો કે જેઓ દૂર છે તેમને તથા જેઓ પાસે છે તેમને પણ તે શાંતિ પ્રગટ કરે. તું એવું થવા દે કે ભારતના, ગુજરાતના, અને અમારા ગામના લોકો તને શોધે તથા જાણે. હે આકાશમાંના અમારા બાપ, તારું વચન છે કે હું મારો આત્મા બધી મનુષ્યજાત પર રેડીશ, તે વચન તું જલદી પૂરું કર. સત્યના સર્વ શોધકોનો તું માર્ગદર્શક થા; તેઓ પર ખ્રિસ્તનો પ્રકાશ પાડ, અને તેમને દોરીને માર્ગમાં લાવ. સર્વ ધર્મ માનનારા ખ્રિસ્તનો પ્રકાશ અને મહિમા જુએ અને તેને ઓળખે એવું કર. સ્તંભ ઉપર ઊંચા કરાએલા ખ્રિસ્ત તરફ બધા ખેંચાય અને વિશ્વાસથી તને આધિન થાય એવું કર. તારા પોતાના મહિમાને અર્થે આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગ, દિવસો, કાર્ય, મુશ્કેલી, જરૂરિયાત, વગેરે માટે માંગણી.)

અમે જાગીએ ત્યાં સુધી અમારા મન અને આત્માને સંભાળી રાખ, અને ઊંઘીએ ત્યારે અમારી રક્ષા કર. અમે જાગીએ કે ઊંઘીએ પણ સદા તારી સંઘાતે જીવીએ. અમે શાંતિમાં ઊંઘીએ અને ખ્રિસ્તમાં જાગીએ એમ થવા દે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) **ઓ આકાશમાંના અમારા બાપ.............**

## ૧૦. આશીર્વચન

આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે અને દેવ આપણો બાપ જેણે આપણા પર પ્રેમ રાખ્યો, ને કૃપા કરીને આપણને સર્વકાળનો દિલાસો અને સારી આશા આપ્યાં, તેં આપણાં હૃદયોને દિલાસો ને સારી આશા આપો, ને દરેક સારા કામમાં તથા વચનમાં આપણને દ્રઢ કરો. આમીન.

---------------

## વીસમો દિવસ

### ૧. ગીત

હું ગીત ગાઈને દેવના નામનું સ્તવન કરીશ, અને હું ઉપકારસ્તુતિથી તેને મોટો માનીશ. યહોવાહની આગળ નવું ગીત ગાઓ. આખી પૃથ્વી યહોવાહની આગળ ગાઓ. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું. )

### ૨. શાસ્ત્રવાચન

તારાં વચનોના ખુલાસો પ્રકાશ આપે છે; તે ભોળાને સમજણ આપે છે. તારા વચન પ્રમાણે મને સમજણ આપ. ( શાસ્ત્રવાચન કરવું. )

### ૩. ઉપકારસ્તુતિ

ઓ આકાશમાના અમારા બાપ; જેમ બાપ પોતાના બાળકો તરફ દયાળ છે તેમ અમારા તરફ તું દયાળુ છે. તારાં દરેક સંતાન સાથે અમારું જે સગપણ છે, તે અમે યાદ રાખીએ. તારું નામ પવિત્ર મનાઓ; જે જે દ્વારા તું પોતાને પ્રગટ કરે છે, તે બધાનું સન્માન કરતાં અમને શીખવ. તારું રાજ્ય આવો; અમારા જીવનમાં અને બીજા બધાના જીવનમાં વધારે અને વધારે પ્રમાણમાં તારું રાજ્ય સ્થાપન થતું જાય, જ્યાં સુધી કે જગતનાં બધાં રાજ્યો પ્રભુ અને તેના ખ્રિસ્તનાં થાય. જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારી ઈચ્છા પૂરી થાઓ; સ્વર્ગમાં તારા સેવકો ખુશીથી તત્કાળ અને સંપૂર્ણ રીતે તારી મરજી પૂરી કરે છે તેમ અમે પણ કરીએ.

### ૪. વિનંતી

અમારી રોજની રોટલી તું અમને આપ; રોજની સાધારણ જરૂરીયાતો માટે અમારો આધાર તારા પર છે, અને તારા ભંડારમાંથી તું પૂરી પાડે છે. જેમ અમે અમારાં ઋણીઓને માફ કરીએ છીએ તેમ અમારાં ઋણો તું અમને માફ કર; અમે દયા પામ્યા છીએ તેમ અમને બીજા પર દયા કરતાં શીખવ. અમને પરીક્ષણમાં ન લાવ પણ ભૂંડાથી અમારે છૂટકો કર ; અમે સહી શકીએ તે કરતાં વધારે બોજ અમારા પડવા ન દઈશ, પણ દરેક કસોટી સાથે છૂટકાનો રસ્તો પણ કરજે. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે ખાસ પ્રાર્થના. )

### આખા દિવસ માટે પ્રાર્થના

અમે પોતાને વિસરી જઈએ અને પહેલાં તારો અને અમારા સાથી મનુષ્યોનો વિચાર કરીએ, એવું આજે અમને શિખવ, જેથી અમારા માનવબંધુઓની સેવા કરતાં કરતાં સંતાનો હોવાનો આનંદ અમે અનુભવીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૫. પ્રભુને અનુરૂપ થવા યાચના

હે પ્રભુ, તું અમને કદી ભૂલી જતો નથી; પ્રભુ, અમે તને કદી ભૂલી ન જઈએ એમ કર. પ્રભુ, તેં અમને કદી મૂકી દીધાં નથી ; પ્રભુ, અમે તને કદી મૂકી ન દઈએ એમ કર. પ્રભુ તું અમારા ભાર ઉપાડે છે ; પ્રભુ, અમે એક બીજાના ભાર ઉપાડીએ એમ કર. પ્રભુ તું અમારા અપરાધ માફ કરે છે. પ્રભુ અમે એકબીજાના અપરાધ માફ કરીએ એમ કર. હે પ્રભુ, તારા વિના અમે પ્રસન્ન કરી નથી શકતા, માટે તારી દયાથી એવું કર કે તારો પવિત્ર આત્મા બધી વાતોમાં અમારો અધિકારી તથા આગેવાન થાય. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામથી આમીન.( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ ; ૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

## ૬. આજને માટે વિચાર

જુઓ, સર્વ દેશમાંથી આવેલા સર્વ કુળના, લોકના તથા ભાષાના કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા ! તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી. જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે. તેઓએ પોતાનાં વસ્ત્રો ધોયાં અને હલવાનના રકતમાં ઉજળાં કર્યાં માટે તેઓ દેવના રાજયાસનની આગળ છે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પ્રભુ, એવું કર કે તારા સત્યને માટે સાક્ષી પૂરતાં આ પૃથ્વી પર જે દુઃખો અમારા પર પડે તે બધામાં અમે આકાશ તરફ ધારીને જોતાં રહીએ, અને જે મહિમા પ્રગટ થનાર છે તેને વિશ્વાસ વડે નિહાળીએ. તારા પરના વિશ્વાસને લીધે જેઓની સતામણી થાય છે, અને તારું નામ કબૂલ કરવાને લીધે જેઓની મશ્કરી કે ધીક્કાર કરવામાં આવે છે, તે સૌને તારો આશિર્વાદ આપ. હે સ્વામી, તારું તારણ જે તેં સિધ્ધ કર્યું છે તે વિદેશીઓને પ્રકાશ આપવા સારુ તથા ઈસ્ત્રાએલી લોકોનો મહિમા થવા સારુ પ્રકાશ રૂપ થાઓ. સર્વ ઈસ્ત્રાએલીઓ ( યહુદીઓ ) પોતાના મસિહાને ઓળખે અને તેને આધીન થાય એવી દયા કર. તેઓની હાલની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં તેઓ દેવના રાજય તથા તેના ન્યાયપણાને શોધે અને ખ્રિસ્ત જે બાપ અને પવિત્ર આત્માની ઐકયતામાં એક દેવ યુગોયુગ જીવે છે અને રાજ કરે છે તેના પુણ્યને લીધે. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ પ્રસંગો, જરૂરીયાતો, તહેવારો, કાર્યો કે માંદગી, માટે પ્રાર્થના )

દિવસની વસમી વાટોમાંથી અને પરીશ્રમથી સૌ કોઈ રાતે નિવાસ્થાન શોધે છે અને તેની છાયા તળે ભેગા થાય છે. હે પ્રભુ, તું અમારું અંતિમ ધ્યેય અને શાશ્વત

નિવાસસ્થાન છે; તારાં સર્વ સંતાનોને તારી છાયા નીચે ભેગા કર. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) **ઓ આકાશમાંના અમારા બાપ.............**

## ૧૦. આશીર્વચન

હવે શાંતિનો દેવ, આપણને દરેક સારા કામમાં એવા સંપૂર્ણ કરે કે, આપણે તેની ઈચ્છા પ્રમાણે સઘળું કરીએ અને તેની કૃપાદ્રષ્ટિમાં જે સંતોષકારક છે તે ઈસુ ખ્રિસ્તદ્વારા આપણી પાસે કરાવે ; તેને સદાસર્વકાળ ગૌરવ હો. આમીન.

---

# એકવીસમો દિવસ

## ૧. ગીત

તારા વિધિઓ આ મારી જીવનયાત્રામાં મારાં ગીત થયાં છે. ગીત ગાયા પછી (ઈસુ તથા તેના શિષ્યો) જૈતુન પહાડ પર ગયા. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું. )

## ૨. શાસ્ત્રવાચન

હે મારા દેવ, તારી ઈચ્છા પ્રમાણે કરવાને હું રાજી છું ; તારો નિયમ મારા હ્રદયમાં છે. મેં તારાં સાક્ષ્યોને મારો સદાકાળનો વારસો માન્યા છે ; કેમકે તેઓ મારા હ્રદયનો આનંદ છે. ( શાસ્ત્રવાચન કરવું )

## ૩. ઉપકારસ્તુતિ

પૃથ્વીના રાજાઓ, તથા સર્વ લોકો, તમે તેની સ્તુતિ કરો. હાકેમો તથા પૃથ્વીના ન્યાયાધીશો, તમે તેની સ્તુતિ કરો. જુવાનો તથા કન્યાઓ, તમે તેની સ્તુતિ કરો. વૃદ્ધો તથા બાળકો, તમે તેની સ્તુતિ કરો. અમે ઉચ્ચારી શકીએ કે વિચારી શકીએ તે કરતાં વિશેષ ધન્યતા, માન, ઉપકાર અને સ્તુતિ તું પવિત્ર અને મહિમાવંત ત્રિ–એક દેવ, પિતા, પુત્ર અને પવિત્ર આત્માને સર્વ દૂતો, સર્વ મનુષ્યો, અને સર્વ પ્રાણીઓ તરફથી સદાસર્વદા થાઓ. આમીન.

## ૪. વિનંતી

“ આપણે શુદ્ધ હ્રદયથી દેવની સંનિદ્ધ જઈએ. હે પ્રભુ અમે જે ખોટું કર્યું છે. તેની અમને માફી આપ ; અને જે જે સારું કરવાનું રહેવા દીધું છે તેની ક્ષમા કર. હે તારનાર, જે પાપ અમે ઈચ્છીને કરીએ છીએ તેનાથી અમને છોડાવ ; અને જે પાપ અમને ઘેરીને વારંવાર બંધનમાં લાવે છે તેનાથી અમને મુકત કર. અમારા જે પાપ બીજા લોકો જાણતા નથી તેને તારી કૃપાથી ઢાંકી દે ; અને જે પાપ જાણીતાં છે તેની લોકલજજા કરતાં તેની દુષ્ટતા માટે અમારામાં ધિક્કાર ઉપજાવ. પાપનું ભાન થયું ન હોય તો અમને જાગૃત કર ; અને જે પાપનો પસ્તાવો કર્યો નથી તેને સારુ તારી ઈચ્છા પ્રમાણે ખેદ ઉપજાવ. જે પાપ અમ તારા લોકને અમારાં બધા પાપથી તાર. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ માગણીઓ અને વિનંતીઓ . )

## આખા દિવસ માટે પ્રાર્થના

**આજે અમે જે જીવન જીવીએ તેને તું શુદ્ધ તથા બળવાન બનાવ જેથી અમારું જીવન તારા પવિત્ર નામને માન અપાવે. હે પ્રભુ, જેની પાસેથી સર્વ સારાં વાંનાં આવે**

છે, તારી પવિત્ર પ્રેરણાથી જે સારું છે તેનો અમે વિચાર કરીએ. અને તારી કૃપાવંત દોરવણીથી તેને કાર્યમાં ઉતારીએ એવું થવા દે. આમીન.

### ૫. આત્મિક જીવનમાં ઈશ્વર સહાય માટે યાચના

હે પ્રભુ, અમે પસ્તાવો કરીએ છીએ; અમારા અપસ્તાવિકપણા માટે અમારી મદદ કર. હે પ્રભુ, અમે વિશ્વાસ કરીએ છીએ; અમારા અવિશ્વાસ માટે અમારી મદદ કર. હે પ્રભુ, અમે તારા પર પ્રેમ કરીએ છીએ; અમારા અપ્રેમ માટે અમારી મદદ કર. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ ; ૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

### ૬. આજને માટે વિચાર

મેં આકાશ ઉઘાડેલું જોયું, તો જુઓ એક શ્વેત ઘોડો અને તેના પર એક જણ બેઠેલો છે. તેનું નામ વિશ્વાસુ તથા સાચો છે; તે પ્રામાણિકપણે ન્યાય તથા લડાઈ કરે છે, તેની આંખો અગ્નિની જવાળા જેવી છે, અને તેના માથા પર ઘણા મુગટો છે. તેણે રકતથી છંટાએલો ઝભ્ભો પહેરેલો છે; તેનું નામ દેવનો શબ્દ છે. આકાશમાંનાં સૈન્યો શ્વેત ઘોડા પર સવાર થઈને તેની પાછળ પાછળ ચાલ્યાં, તેના મોમાંથી ધારવાળી તલવાર નીકળે છે. તેના ઝભ્ભા પર તથા જાંગ પર રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ એવું નામ લખાયેલું છે.

### ૭. મધ્યસ્થીની પ્રાર્થના

દયા કરીને ભારતના વડાપ્રધાન, તેની ન્યાય સભા તથા સભ્યો, પ્રધાનો, મંત્રીસભા, અને કાયદા ઘડનાર સભાને આશિર્વાદ આપ, કે તેમનાં સઘળાં કામોથી તારી મરજી મુજબ આ દેશનું હિત થાય. હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ. દયા કરીને સર્વ ગવર્નરો, મુખ્ય પ્રધાનો, રાજપુરુષો અને કાયદા ઘડનારાઓને આશિર્વાદ આપ, કે તેમના પ્રયત્નો વડે બધી વાતો નિયમસર ચાલીને ઉત્તમ તથા નિશ્ચિત પાયા પર રચાય. હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ. દયા રીને સઘળા ન્યાયાધીશો તથા મેજિસ્ટ્રેટોને આશિર્વાદ દે, અને તેમની સંભાળ કર; અને તેઓ પર એવી કૃપા મોકલ કે તેઓ સાચો અને યોગ્ય ન્યાય કરે અને સત્યને જાળવી રાખે. હે દયાળુ પ્રભુ, અમારું સાંભળ. અમારી પ્રજાનું રાજતંત્ર ચલાવનાર સર્વેને તારા સ્વર્ગીય ડહાપણ વડે દોર, તેઓને તારું દર્શન અને ન્યાયબુદ્ધિ આપ કે જે વ્યાજબી હોય તે તેઓ જોઈ શકે અને જે ભૂંડું હોય તેનો ત્યાગ કરે. તારા પવિત્ર તારા પવિત્ર આત્માના દાનથી તેમને એવા સમૃદ્ધ કર કે તેમનાં કાર્ય અમારી પ્રજા કલ્યાણને અર્થે અને માનવતાના હિતને અર્થે થાય. તારા નામમાં અમારું સાંભળ આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ પ્રસંગો, તહેવારો, કાર્યો, જરૂરીયાતો, વગેરે માટે પ્રાર્થના )

યહોવાહ દેવ જે બોલે તે હું સાંભળીશ કેમકે તે પોતાના લોકો તથા પોતાના ભકતોની સાથે શાંતિની વાત કરશે. સવાર તથા સાંજનો અને રાતનો શાંત સમય તે સારું સાંભળવાનો સમય થાય. અમારે માટે તારી જે ઈચ્છા. ઈરાદા અને આજ્ઞા હોય, અમારી પાસે તું જે કરાવવા માગતો હોય તે અમને કહે આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

દેવની શાંતિ જે સર્વ સમજણ કરતાં અધિક છે તે આપણાં હૃદયો તથા મનોને દેવ તથા તેના પુત્ર ઈસુ ખ્રિસ્ત આપણા જ્ઞાન તથા પ્રેમમાં સંભાળો ; અને સર્વશકિતમાન દેવ, પિતા, પુત્ર તથા પવિત્ર આત્માનો આશિર્વાદ આપણા ઉપર થાઓ, તથા સર્વદા આપણી સાથે રહો આમીન.

-----------------

## બાવીસમો દિવસ

### ૧. ગીત

હું આત્માથી ગાઈશ અને સમજશકિતથી પણ ગાઈશ. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું. )

### ૨. શાસ્ત્રવાચન

ધર્મલેખો સમજવા સારુ તેણે તેઓનાં મન ખોલ્યાં. ( શાસ્ત્રવાચન કરવું )

### ૩. ઉપકારસ્તુતિ

પવિત્ર, પવિત્ર, પવિત્ર, પ્રભુ દેવ, સર્વશકિતમાન જે હતો, જે છે અને જે આવનાર છે, તેને સદાકાળ સ્તુતિ થાઓ. ઈસુ ખ્રિસ્ત, જે ગઈ કાલે, આજે તથા સદા સર્વકાળ તેવોને તેવો જ છે, તેને સદાકાળ સ્તુતિ થાઓ. સંબોધક એટલે સત્યનો આત્મા જે બાપની પાસેથી નીકળે છે અને આપણી પાસે સદા રહેવા માટે આવે છે, તેને સદાકાળ સ્તુતિ થાઓ.

### ૪. વિનંતી

હે પરમેશ્વર, અમે તારી સ્તુતિ કરીએ છીએ કે દુનિયાના અંધકાર અને ગુંચવણોમાં તારા તરફથી અમને એક શબ્દ સંભળાયો છે, એટલે ઈસુ ખ્રિસ્ત જે તારો અનાદિ શબ્દ છે તે. તે જીવન અમ માણસોનું અજવાળું છે ; માટે સર્વ ગુંચવણોમાં જે જ્ઞાન ઉપરથી આવે છે તેનો પ્રકાશ અમને આપ ; સંદેહના સર્વ સંજોગોમાં તારી હાજરીથી અમારો અંધકાર દૂર કર. અમારો વિશ્વાસ એટલો વધાર કે કોઈ વાતમાં અમે તારાથી જૂદા ન પડીએ. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે વિનંતીઓ . )

### આખા દિવસ માટે પ્રાર્થના

અમારા કામધંધામાં અમને તારી દોરવણી આપ અને ચલાવ. આજે અમે દેહ તથા આત્મામાં તૈયાર રહીને જે કામો તું અમારી પાસે કરવવા માગે છે તેને આનંદથી પૂરા કરીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને લીધે આમીન.

### ૫. નાનાઓની સેવા સારુ કૃપાની યાચના

રાજા તેઓને ઉત્તર દેશે, હું તમને ખચિત કહું છું કે આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું. હું ભૂખ્યો હતો ત્યારે તમે મને ખવડાવ્યું, હે પ્રભુ, એવું કરવા તું અમને કૃપા આપ. હું તરસ્યો હતો ત્યારે તમે મને પાણી પાયું, હે પ્રભુ, એવું કરવા તું અમને કૃપા આપ. હું પરકો હતો ત્યારે

તમે મને પરોણો રાખ્યો. હે પ્રભુ, એવું કરવા તું અમને કૃપા આપ. હું નાગો હતો ત્યારે તમે મને વસ્ત્ર પહેરાવ્યાં, હે પ્રભુ, એવું કરવા તું અમને કૃપા આપ. હું માંદો હતો ત્યારે તમે મને જોવા આવ્યા, હે પ્રભુ, એવું કરવા તું અમને કૃપા આપ. હું કેદમાં હતો ત્યારે મારી ખબર લીધી, હે પ્રભુ, એવું કરવા તું અમને કૃપા આપ.

( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ ; ૧૦.) ( સાંજે વાપરી શકાય, ૧,૨ )

## ૬. આજને માટે વિચાર

વિશ્વાસ કરનારાઓનું મંડળ એક મનનું એક જીવનું હતું; અને પોતાનાં જે વાનાં હતાં, તેમાંનું કંઈ મારું પોતાનું છે એવું કોઈ કહેતું નહિ ; પણ સઘળી વસ્તુઓ તેઓ સર્વને માન્ય હતી. પ્રેરિતોએ મહા પરાક્રમથી પ્રભુ ઈસુના પુનરુત્થાનની સાક્ષી આપી અને તેઓ સર્વેના ઉપર ઘણી કૃપા હતી. તેઓમાંના કોઈને કશાની અછત નહોતી ............ જેની જેને અગત્ય હતી. તે પ્રમાણે તેને વહેંચી આપવામાં આવતું હતું. હે ઈશ્વર, તું અમારો પિતા છે અને અમે તારું કુટુંબ છીએ. પણ સંયુકત કુટુંબ તરીકે જીવતાં અમે શીખ્યાં નથી. અમને ક્ષમા કર અને સહકારથી રહેતાં શીખવ.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે શાંતિના દેવ, દુનિયા ઉપરથી લડાઈ, ઝગડા, રાગદ્વેષ અને સ્પર્ધાનો અંત આણ. અરસપરસ બીક, અવિશ્વાસ, ચડસાચડસી, લોભ અને સ્વાર્થ દૂર કર. પ્રજાઓ ભાઈઓ તરીકે રહે એવું શીખવ. માણસો અને રાષ્ટ્રો વેપારઉદ્યોગથી, સત્તા કે બળ જોરીથી એકબીજાનું શોષણ કરવાનું, લૂંટવાનું, ઠગવાનું, લાભ ઉઠાવવાનું છોડી દે અને એકબીજાની ગરજ પૂરી પાડનાર તથા સેવાની વૃત્તિવાળાં થાય. ઉદ્યોગધંધો, વેપાર, અર્થકારણ રાજકારણમાં ચડસાચડસી અને ધનપ્રાપ્તિને અર્થે થતી અનીતિ બંધ પાડ. વર્ણ કે રંગભેદના, દ્વેષ, ધર્મ કે કોમ અને નાતજાતના વેરભાવ, પ્રજા, દેશ, જાતિ, જન્મ, વર્ગ કે વર્ણથી થતા ભેદભાવ, દ્વેષ કે ઈર્ષા દુર કર. અસ્પૃશ્યતા, ગુલામી, જુલમ, સર્વ પ્રકારની લડાઈ અને લડાયક વતાવરણનો અંત લાવ, અને પ્રેમ, શાંતિ અને એકતા સ્થાપન થાય એવું કર. હિંદુ ધર્મ માનનાર બધાં ભાઈબહેનોને ખ્રિસ્તની ઓળખ પમાડ કે તેઓ તેને ખરા અવતાર અને તારનાર તરીકે જાણીને તેનાથી મોક્ષ પામે. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થનાં

( ખાસ દિવસો, તહેવારો, પ્રસંગો, જરૂરીયાતો, મુશ્કેલી, માંદગી, વગેરે માટે પ્રાર્થના ) અમે દુનિયાની ધાંધલ અને ઘોંઘાટ, તથા બનાવોના વાવંટોળ અને

કટાકા સાંભળ્યાં. પણ તારો શાંત ધીમો અવાજ અમે સાંભળી શકયા નહિ. હે પ્રભુ, જગતનો ઘોંઘાટ બંધ થાય ત્યારે નિવૃત્તિની નીરવશાંતિમાં તારો મંદમંદ અવાજ સાંભળી શકીએ અને તેના કહેવા પ્રમાણે ચાલીએ, એવી કૃપા તું અમને કૃપા આપ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

આપણને દ્રઢ કરવાને જે શકિતમાન છે તે એકલા જ્ઞાની દેવને ઈસુ ખ્રિસ્ત દ્વારા સર્વકાળ સુધી મહિમા હો. આમીન.

---

# ચોથું અઠવાડિયું
# ઈશ્વરનું રાજ્ય
## તેવીસમો દિવસ
### ૧. ગીત

હે સર્વ ભૂવાસીઓ, ઈશ્વરની આગળ હર્ખના ગીત ગાઓ ; તેના નામના ગૌરવથી સ્તુતિ ગાઓ. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું. )

### ૨. શાસ્ત્રવાચન

આ મારાં વચનો તમે તમારા હૃદયોમાં સંઘરી રાખો. જે વાતો મેં તમને કહી છે તે આત્મા તથા જીવન છે. ( શાસ્ત્રવાચન કરવું. )

### ૩. ઉપકારસ્તુતિ

આકાશો દેવનું ગૌરવ પ્રસિધ્ધ કરે છે અને અંતરિક્ષ તેના હાથોનું કામ દર્શાવે છે, દહાડો દહાડાને તેના વિષે કહે છે અને રાત રાતને તેનું જ્ઞાન પ્રગટ કરે છે. જગતના છેડા સુધી તેની સાક્ષી પ્રસરેલી છે, **માટે હું તારી ઉપકારસ્તુતિ કરીશ.** મારી માના પેટમાં તેં મારી રચના કરી છે. ભય તથા આશ્ચર્ય પમાડે તેવી રીતે મને રચવામાં આવ્યો છે, **માટે હું તારી ઉપકારસ્તુતિ કરીશ.** તેં મનુષ્ય પુત્રને દેવ કરતાં થોડોજ ઊતરતો સજર્યો છે, અને તું તેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકે છે, **માટે હું તારી ઉપકારસ્તુતિ કરીશ.** યહોવાહના કૃત્યો મહાન છે, તેથી આનંદ માનનારાઓ તેઓને શોધી કાઢે છે. તેણે પોતાનાં ચમત્કારિક કામોથી પોતાને સારુ સ્મારક કર્યું છે, **માટે હું તારી ઉપકારસ્તુતિ કરીશ.**

### ૪. વિનંતી

હે યહોવાહ, તું અમારા બધા માર્ગોનો માહિતગાર છે, તું અમારા વિચાર વેગળેથી સમજે છે. તું અમારી જીભની વાતો પૂરેપૂરી જાણે છે. અંધકાર પણ અમને તારાથી સંતાડતો નથી. તારી આગળ અંધારું અને અજવાળુ બેઉ સરખાંજ છે. મારું અંતઃકરણ તેં ઘડયું છે. હે ઈશ્વર મારી પરીક્ષા કર, અને મારું અંતઃકરણ ઓળખ. મને પારખ અને મારા વિચારો જાણી લે. મારામાં કઈ દુરાચાર હોય તો તે તું જોજે અને મને સનાતન માર્ગમાં ચલાવજે. હે સર્વશકિતમાન ઈશ્વર, તું જાુએ છે કે અમારા પોતામાં પોતાને સંભાળવાની કશી શકિત નથી; બહારથી અમારા દેહની અને માહેથી અમારા મનની સંભાળ કર. જેથી દેહ પર આવતી બધી વિપત્તિઓ અને મન પર ચઢી આવી તેને નુકશાન કરતા સઘળા દુષ્ટ વિચારોથી અમે બચાવ પામીએ.

( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ માગણીઓ. )

## આખા દિવસ માટે પ્રાર્થના

અત્યારે તારો પવિત્ર આત્મા અમને આપ, જેથી આજના દિવસના જીવનને માટે અમે બળ પામીએ, ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૫. ધન્યતા માટે યાચના

આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે ; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. જેઓ શોક કરે છે તેમને ધન્ય છે કેમકે તેઓ દિલાસો પામશે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે કેમકે તેઓ પૃથ્વીનું વતન પામશે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. દયાળુઓને ધન્ય છે કેમકે તેઓ દયા પામશે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. જેઓને ન્યાયપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ ધરાશે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. મનમાં જેઓ શુદ્ધ છે તેઓને ધન્ય છે કેમકે તેઓ દેવને જોશે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. સલાહ કરાવનારાઓને ધન્ય છે, કેમકે તેઓ દેવના દીકરા કહેવાશે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. ન્યાયપણાને લીધે જેઓની સતામણી કરાઈ છે, તેઓને ધન્ય છે કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાઓ. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ ; ૧૦.) ( સાંજે વાપરી શકાય ).

## ૬. આજને માટે વિચાર

જંગલમાં યહોવાહનો માર્ગ તૈયાર કરો. અરણ્યમાં આપણા દેવને સારુ સડક સીધી કરો. સર્વ નીચાણ ઊંચુ કરવામાં આવશે, ને સર્વ પર્વત તથા ડુંગર નીચા કરવામાં આવશે. ખરબચડી જગાઓ સરખી અને ખાડા ટેકરા સપાટ મેદાન થઈ જશે. વાંકું સીધું કરવામાં આવશે, ને ખાડાટેકરાવાળા માર્ગ સપાટ થશે. યહોવાહનું ગૌરવ પ્રગટ થશે, ને સર્વ માણસો તે જોશે. કેમકે એ યહોવાહના મુખનું વચન છે. બધી માનવ જાતના પિતા, તેં વચન આપ્યું છે કે આ પૃથ્વીના રાજયો તે તારા પ્રિય પુત્રનું સામ્રાજય થશે ; બધી પ્રજાઓમાંથી તું ભ્રમણા અને સડાને સાફ કર, પાપની સત્તા ને ઉથલાવી પાડ, અને દરેક દેશમાં તારી કૃપાનું સામ્રાજય સ્થાપન કર.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પ્રભુ, બધા કાયદા ઘડનારાઓ, રાજદ્વારીઓ, સત્તાધિશો તથા આગેવાનો અને બધી સરકારોને ખ્રિસ્તના ભાવ તથા આત્માથી પ્રેરે, કે તેઓ ઈશ્વરનું રાજ્ય લાવવામાં સહાયરૂપ થાય. જે બધાને અધિકાર, જુમ્મેદારી અને જવાબદારી

સોંપાયેલી છે, તેઓ તારા સાચા અને સારા કરભારીઓની પેઠે લોકોની સેવા કરે, અને તેને સંતોષી કરે. તારો ડર રાખીને ન્યાય, નીતિ અને સત્યથી પોતાની ફરજ બજાવે. તેમની મારફતે તું શાંતિ અને સુખાકારી સ્થાપન કર. અમે દરેક પોતપોતાના સ્થાનમાં અને પોતપોતાના કામમાં તારું રાજય તથા ન્યાયપણું શોધીએ કે જેથી છેવટે તેના વારસદાર થઈએ. સર્વ મુસ્લીમ ધર્મ માનનારાઓના હકમાં પ્રાર્થના કરીએ છીએ કે તેઓ ઈસા રુહ અલ્લાહને પૂરેપૂરી રીતે ઓળખે. ઈસુ ખ્રિસ્ત જે સર્વનો રાજા,છે, તેના નામમાં આમીન.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ દિવસ, પ્રસંગ, જરૂરિયાત, કાર્ય, વગેરે માટે પ્રાર્થના.) રાત એ પણ તેજસ્વી સૂર્યથી પડતો પડછાયો છે. નિરાશા, દિલગીરી, શોક અને મરણ એ શાશ્વત અરુણોદયના પડછાયા છે. અમે પ્રકાશની દિશામાં જોઈએ અને પડછાયા તરફ નહિ એવી શ્રદ્ધા તું અમને આપ. આમેન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) **ઓ આકાશમાંના અમારા બાપ.............**

## ૧૦. આશીર્વચન

હવે શાંતિનો પ્રભુ પોતે સર્વસમયે તથા સર્વ પ્રકારે આપણને શાંતિ આપો પ્રભુ આપણ સર્વની સાથે રહો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા આપણ સર્વે પર થાઓ. આમીન.

---

# ચોવીસમો દિવસ

## ૧. ગીત

હા, તેઓ યહોવાહના માર્ગો વિષે ગાશે ; કેમકે યહોવાહનો મહિમા મહાન છે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું. )

## ૨. શાસ્ત્રવાચન

જેઓ દેવની વાત સાંભળે છે અને પાળે છે તેઓને ધન્ય છે, મેં તારી આજ્ઞાઓ પાળવાને ઉતાવળ કરી છે, અને વાર લગાડી નથી. (શાસ્ત્રવાચન કરવું)

## ૩. ઉપકારસ્તુતિ

પરમ ઊંચામાં દેવને મહિમા, પૃથ્વી પર શાંતિ, તથા માણસોમાં પ્રસન્નતા થાઓ. પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય છે ! આકાશમાં શાંતિ તથા પરમ ઊંચામાં મહિમા થાઓ ! પ્રભુને નામે જે આવે છે તે આશિર્વાદિત છે ; પરમ 'ઊંચામાં હોસાના. જે ધન્ય તથા એકલો સ્વામી છે, જે રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે, તેને એકલાને અમરપણું છે, અગમ્ય પ્રકાશમાં રહે છે, તેને સદાકાળ ગૌરવ તથા સામર્થ્ય હો. આમીન.

## ૪. વિનંતી

તું જે સઘળું નવું કરે છે, તે અમારા સ્વામી ઈસુ ખ્રિસ્તનો સંદેશો નવા યુગના શુભ સમાચાર લોકો સ્વીકારી લે એવું કર. હે સ્વામી, ખ્રિસ્તી સેવા અને કતવ્યનું અમને નવું દર્શન આપ. અમારાં જીવનો રોજ રોજ વધારે ને વધારે ખ્રિસ્ત જેવા બનાવ. તારું રાજ્ય અમારામાં સ્થાપન થાય અને અમારી મારફતે અમારા સાથીઓમાં ફેલાય એ ને માટે અમને કૃપા, શકિત, અને હિંમત આપ. આ પૃથ્વીનાં રાજ્ય પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં રાજ્ય થશે, એ તારું વચન પૂરૂં કર. એ મહાન દિવસોમાં અમારો પણ ભાગ હોય, જેથી અમે છેવટે એ સાંભળવાને લાયક ઠરીએ કે "સારા તથા વિશ્વાસુ સેવક તું તારા પ્રભુના આનંદમાં પેસ. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતીઓ. )

## આખા દિવસ માટે પ્રાર્થના

તારા રાજ્યનું દર્શન અમારામાં જગાવ, જેથી આજે આખો દિવસ અમે તારા રાજ્યનાં વાનાં શોધીએ. આમીન.

## ૫. મધ્યસ્થીની પ્રાર્થના

જેટલાંએ તેનો અંગીકાર કર્યો એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે

છે, તેટલાંને તેણે દેવનાં છોકરા થવાનો અધિકાર આપ્યો. તેઓ ......દેવથી જન્મ પામ્યા. જે દેહથી જન્મેલું છે તે દેહ છે, અને જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે. **હે દેવ, તું અમને તારાં દિકરા દિકરીઓ બનાવ.** જેટલા દેવના આત્માથી દોરવાય છે તેટલા દેવના દીકરા છે. જે કોઈ દેવથી જન્મેલો છે તે પાપ કરતો નથી. કેમકે તેનું બીજ તેનામાં રહે છે. જે કોઈ દેવથી જન્મેલું છે, તે જગતને જીતે છે, અને ભૂંડો તેને અડકતો નથી. **હે દેવ, તું અમને તારાં દિકરા દિકરીઓ બનાવ.** જે પ્રેમ કરે છે તે દરેક દેવથી જન્મેલો છે અને દેવને ઓળખે છે. જન્મ આપનાર પર જે પ્રેમ રાખે છે તે તેનાથી જન્મેલા પર પણ પ્રેમ રાખે છે. **હે દેવ, તું અમને તારાં દિકરા દિકરીઓ બનાવ.** હે સર્વસમર્થ દેવ, તું એવું કર કે અમે નવો જન્મ અને દત્તકપુત્રપણું પામીને દિન પ્રતિ દિન તારા પવિત્ર આત્મા વડે નવા બનતાં જઈએ. આમીન. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦.) ( સાંજે વાપરી શકાય ).

## ૬. આજને માટે વિચાર

તેના ભારની ઝૂંસરીને, તેની ખાધ પરની કાઠીને, તેના પર જુલમ કરનારની લાકડીને તેણે ભાંગી નાખી છે. સૈનિકોના ધમકારા કરતા જોડાં ને રકતમાં બોળેલાં વસ્ત્ર તે સર્વ બળતણની પેઠે અગ્નિમાં બાળી નાખવામાં આવશે. કેમકે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે. તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે. તેને અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે. તેના રાજયાસન ઉપર તેને ઈન્સાફ તથા ન્યાયીપણું તે સમયથી તે સર્વકાળ સ્થાપવા તથા દૃઢ કરવા સારુ તેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ. સૈન્યોના દેવ યહોવાહની ઉત્કંઠાથી એ થશે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે ઈશ્વર, જેઓ લોકોની સુખાકારી અને તંદુરસ્તીને માટે પ્રયત્નો તથા કામ કરે છે તેઓને તારી ખાસ કૃપા અને આશિષ આપ. જેઓ શહેર તથા ગામ અને શેરીઓની સફાઈનું કામ કરે છે, જેઓ વ્યાયામ અને રમતો તથા બીજી રીતે આરોગ્ય વધારવા પ્રયત્ન કરે છે, તેઓના કામને સફળ કર. સુધરાઈ, સફાઈ અને આરોગ્યનાં ખાતાં અને સંસ્થાઓમાં કામ કરનારાઓને, શહેર સુધરાઈ તથા મ્યુનિસિપાલીટીના કાર્યકારો અને અધિકારીઓને બળ, બુદ્ધિ અને દોરવણી આપ, કે આ તારી સેવા છે એમ સમજીને તેઓ લોકની સેવા કરે. મદ્યનિષેધ, માદકપદાર્થોનો અટકાવ, તથા દારુબંધીના કામને સફળ બનાવ, અને સર્વ પ્રકારના વ્યસનો, જુગાર અને બીજી બદીઓમાંથી લોકો મુકત થાય અને શેતાનની ગુલામીમાંથી છૂટે એવું કર.

## ૮. ખાસ માગણીઓ અને સાંજની પ્રાર્થના

(ખાસ પ્રસંગો, તહેવારો, કાર્યો, જરૂરિયાત માટે પ્રાર્થના.)

અમે અજવાળાના દીકરા તથા દહાડાના દીકરા છીએ, રાતના તથા અંધકારના નથી. માટે અમે ઊંઘીએ નહિ પણ જાગીએ, અને સાવધ રહીએ એવી કૃપા તું અમને આપ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

(બધાં સાથે બોલે ) ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

દેવ બાપ તરફથી તથા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી આપણને કૃપા તથા શાંતિ હો. તેણે આપણા પાપને સરુ પોતાનું સ્વાર્પણ કર્યું એ માટે કે તે આપણને હાલના ભૂંડા જગતમાંથી છોડાવે. તેને સદાસર્વકાળ મહિમા હોજો. આમીન.

-----------------

# પચ્ચીસમો દિવસ

## ૧. ગીત

કૃપા તથા ન્યાય વિષે હું ગાયન કરીશ ; હે યહોવાહ હું તારી સ્તુતિ કરીશ. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું. )

## ૨. શાસ્ત્રવાચન

ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે. જે વચન તમારા આત્માઓને તારવાને શકિતમાન છે તેને નમ્રતાથી ગ્રહણ કરો. ( શાસ્ત્રવાચન કરવું.)

## ૩. ઉપકારસ્તુતિ

દેવનાં અનિર્વાચ્ય દાનને સારુ તેની સ્તુતિ થાઓ. મારો જીવ પ્રભુને મોટો માને છે અને દેવ મારા તારનારમાં મારો આત્મા હરખાયો છે ; કેમકે પરાક્રમીએ મારે સારુ મહાન કૃત્યો કર્યા છે. તેનું નામ પવિત્ર છે. જેઓ તેનું ભય રાખે છે તેઓ પર પેઢી દર પેઢી તેની દયા રહે છે. હે સર્વ લોકો, તમે પરમેશ્વરની આગળ તમારા હૃદયો રેડો. અમે અમારા વિચાર, ઈચ્છા અને ઈરાદા તારી આગળ ઠાલવીએ અને તારાથી કંઈ છૂપાવીએ નહિ. અમે અમારા મનનો ભાવ, લાગણી અને ઉર્મિઓ તારી આગળ ઠાલવીએ છીએ. તે બધાનો તું સ્વીકાર કર. આમીન.

## ૪. વિનંતી

અમારા સ્વર્ગીય બાપ, અમારા આત્માનું તું સાચું નિવાસ્થાન છે. અમારા ઘર અને કુટુંબમાં તું અમને રોજ ખ્રિસ્તના ભાવથી રહેતાં શીખવ. પ્રભુ ઈસુ, નાઝરેથના ઘરમાં તું ઉછર્યો તેમ હમારું ઘર અને દરેક ઘર તારે રહેવાને લાયક થાઓ. જેમ બેથાનીના કુટુંબમાં તેમ અમારા કુટુંબમાં તું રહેવા આવ અને તેને તારુ પ્રેમધામ બનાવ. જેમ નાઝરેથમાં તેં સુથારનો ધંધો કર્યો તેમ અમારા કામધંધામાં તું અમારી પડખે રહે, કે બધું તારા મહિમાને અર્થે થાય. અમારી મંડળીમાં તું હાજર રહે, અને તારી આખી મંડળીને એવી દૃઢ કર, કે તેના વડે બધી પ્રજાઓ અને રાષ્ટ્રો એક કુટુંબનાં ભાંડુઓ તરીકે રહેતાં શીખે. ( બધાં હાજર તથા ગેરહાજર કુટુંબીજનો તથા સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતીઓ. )

### આખા દિવસ માટે પ્રાર્થના

હે ખ્રિસ્ત, તારા આત્મા અને ભાવથી અમારાં માનવી જીવનોને ભર જેથી તારા લોકોનાં ઘર અને કુટુંબોમાં આજ તથા રોજ તારું રાજય પ્રદર્શિત થાય. આમીન.

## ૫. પ્રભુ ઈસુ જેવું મન પામવા યાચના

તમે ઈસુ ખ્રિસ્તને પહેરી લો અને દેહને માટે એટલે તેની દુષ્ટ વાસનાઓને અર્થે ચિંતન ન કરો. ખ્રિસ્ત ઈસુનું જે મન હતું તેવું તમે પણ રાખો. હે પ્રભુ, અમને તારું મન આપ. તમે દેહને દૈહિક વાસનાઓ સુદ્ધાં ઉતારી મૂકયો છે. આ જગતનું રૂપ તમે ન ધરો પણ તમારા મનની નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે તે તમે પારખી શકો. હે પ્રભુ, અમને તારું મન આપ. તમે ખ્રિસ્ત ઈસુને અનુસરીને માંહોમાંહે એક જ મનના થાઓ. તમારું મન મોટી મોટી બાબતો પર ન લગાડો પણ નમ્ર ભાવે દીનોની કાળજી રાખો. હે પ્રભુ, અમને તારું મન આપ. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦.) ( સાંજે માટે વાપરી શકાય ).

## ૬. આજને માટે વિચાર

ન્યાયીપણાથી તે નિરાધારનો ઈન્સાફ કરશે ને નિષ્પક્ષપાતે તે દીનોના લાભમાં યથાર્થ નિર્ણય કરશે. પોતાના મોંની સોટીથી તે જુલમીને મારશે, ને પોતાના હોઠોના શ્વાસથી તે દુષ્ટોનો સંહાર કરશે. તે વખતે વરુ તથા હલવાન સાથે રહેશે, ચિત્તો લવારા સાથે સૂશે. વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે ; અને નાનું છોકરું તેઓને દોરશે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

તારું રાજય પૃથ્વી પર આવશે એવી મહાન આશા તેં અમારી આગળ મૂકી છે, અને તે રાજય આવે તેને માટે પ્રાર્થના કરવાનું અમને શીખવ્યુ છે. એ રાજયના ઉદયની નિશાની જયારે જયારે જણાય ત્યારે તારો ઉપકાર માનવાને અમે તત્પર રહીએ. જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તારી ઈચ્છા પૂરી થાય એવો પૂર્ણ દિવસ જોવા માટે અમે પ્રાર્થના તથા કામ કરતાં રહીએ.

હે સ્વામી, દરેક દેશમાં અને પ્રજામાં જેઓ શાંતિ, ન્યાય, અને સ્વતંત્રતાને અર્થે મહેનત કરે છે તેઓના હાથ તું બળવાન કર અને તેઓનાં કામ તું સ્થાપિત કર. પૃથ્વી પર તારા જન્મને માટે સ્થાન નહોતું અને માથું મૂકવાને ઠામ નહોતું. તું નિરાશ્રિત, ઘરબાર વગરના પરદેશી, ગરીબ તથા બેકાર, બધાં પર દયા કર. તેઓની સાથે નિવાસ કરીને તેઓને દિલાસો અને ધીરજ દે અને તારી ગરીબાઈથી તેઓને ધનવાન કર. સર્વે કચડાયેલા, દલિતો, પતિતો, અસ્પૃશ્યોને તું ઉઠાડ, અને તારી નમ્રતાથી તેઓની ઉન્નતિ કર. સર્વ ભટકેલાઓ, માર્ગ ભૂલેલાઓ અને પતિતા સ્ત્રીઓનો ઉદ્ધાર કર, અને તેમને અર્થે થતાં સર્વ પ્રયત્નોને સફળ કર. તારા પોતાના નામને ખાતર એ કર. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ દિવસો, તહેવારો, પ્રસંગો, જરૂરીયાતો, માંદગી, વગેરે માટે પ્રાર્થના )

દયાળુ તારનાર અમારો વિશ્વાસ બળવાન કર, રખે અમે અંત સુધી ટકવામાં નિષ્ફળ થઈએ. તારા વચનને વિલંબ થાય કે તેને આવતાં વાર લાગે તો પણ અમે ટકી રહીએ. રાત લાંબી થાય તોયે પરોઢની વાટ જોતાં રહીએ, માટે મદદ કર. આમીન.

## ૯. પ્રભુની પ્રાર્થના

**ઓ આકાશમાંના અમારા બાપ.............**

## ૧૦. આશીર્વચન

દેવ જેણે આપણને અંધકારમાંથી પોતાના આશ્ચર્યવાન પ્રકાશમાં તેડયા છે, અને જે પોતે રસ્તો, સત્ય તથા જીવન છે તેના પગલામાં ચાલવાને જેણે આપણને બોલાવ્યા છે, તેને સદાસર્વકાળ સ્તુતિ થાઓ. આમીન.

----------------

# છવ્વીસમો દિવસ

## ૧. ગીત

હું તારા સામર્થ્યનું ગાયન કરીશ; હું સવારમાં તારી કૃપા વિષે હર્ષનાદ કરીશ; હે મારા સામર્થ્ય, હું તારાં સ્ત્રોતો ગાઈશ કેમકે ઈશ્વર મારો ઊંચો ગઢ છે અને મારા પર કૃપા કરનાર દેવ છે, ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું. )

## ૨. શાસ્ત્રવાચન

મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; મારા માર્ગને સારુ તારું વચન અજવાળારૂપ છે. ( શાસ્ત્રવાચન કરવું. )

## ૩. ઉપકારસ્તુતિ

મનુષ્યો આગળ તારા પોતાને પ્રગટ કરવા સારુ તેમની પાસે યુગેયુગ તેં તારા સંદેશિયાઓ મોકલ્યા છે તેને માટે હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ. સુવાર્તાનો સંદેશો આખી દુનિયામાં પ્રગટ કરવાને મોકલેલા તારા પ્રથમ પ્રેરીતોને સારુ હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ. અંધકારના યુગોમાં જેમણે સુવાર્તાની જયોતને જલવંત રાખી, અને બેપરવાઈના જમાનામાં જેઓ પોતાના પ્રભુના ફરમાનને વિશ્વાસુ રહ્યા તેમને માટે હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ. અમારા જમાનામાં તારા પ્રેમના છડીદારો પેઠે જેઓ પૃથ્વીના છેડા સુધી ગયા છે, વળી જેઓ અમારા દેશમાં, અમારા પ્રાંતમાં, અમારા ગામમાં તારી સુવાર્તાનો સંદેશો લાવ્યા તેમને સારુ હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ. તેમની સાક્ષીથી ઈશ્વરના રાજયમાં આવેલા દરેક લોક, પ્રજા અને ભાષાના અસંખ્ય સમૂહ અને સ્વર્ગમાંની સમસ્ત સભાની સાથે અમે તારુ ભજન કરીએ છીએ અને હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ.

## ૪. વિનંતી

તું જે ઉચ્ચ અને પવિત્ર સ્થાનમાં વસે છે અને જે નમ્ર હૃદયના તેમનાં હૃદયમાં પણ વસે છે, અમે પૂરી નમ્રતાથી તારી પાસે આવ્યાં છીએ, તું અમારી પાસે આવ અને અમારામાં વસ. હે પ્રભુ, અમારા બધાં કામોમાં તારી અત્યંત કૃપા વડે અમારી સંભાળ કર. તારી નિરંતર સહાય વડે અમને આગળ વધાર. અમે પોતાના બધા કામોનો આરંભ તારાથી કરીએ, અમારાં કામો તારામાં કરતાં રહીએ, અને તારામાં પૂરાં પણ કરીએ જેથી તારા પવિત્ર નામનો મહિમા થાય; અને અમે છેવટે અનંત

જીવન પ્રાપ્ત કરીએ. હે પિતા, આજના દિવસની દરેક ઘડી અમે એવી રીતે જીવીએ કે જયારે દિવસ પૂરો થાય, ત્યારે શરમાયા વગર શાંત મનથી તારી પાસે આવી શકીએ.

(સર્વે હાજર તથા ગેરહાજર કુટુંબીજનો, અને સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતીઓ.)

## આખા દિવસ માટે પ્રાર્થના

આજે એકબીજા સાથેના અમારાં કામકાજ અને લેવડદેવડમાં અમે અમારું ભ્રાતૃત્વ દેખાડીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે માગીએ છીએ. આમીન.

## ૫. પૃથ્વી પર ખ્રિસ્તનું કામ

પ્રભુનો આત્મા મારા પર છે, કારણકે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારુ તેણે મારો અભિષેક કર્યો છે. ભગ્ન હૃદયવાળાને સાજા કરવા સારુ, બંદિવાનોને છૂટકારાની તથા કેદીઓને કેદખાનું ઉઘાડવાની ખબર પ્રસિદ્ધ કરવા સારુ તેણે મને મોકલ્યો છે. હે ખ્રિસ્ત, એને સારુ તને ધન્યવાદ આપીએ છીએ. આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા તથા ઘાયલ થએલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવાને સારુ તેણે મને મોકલ્યો છે. હે ખ્રિસ્ત, એને સારુ તને ધન્યવાદ આપીએ છીએ. સર્વ શોક કરનારાઓને દિલાસો આપવા સારુ, શોક કરનારાઓને રાખને બદલે મુગટ, શોકને બદલે હર્ષનું તેલ, ખિન્ન આત્માને બદલે સ્તુતિરૂપ વસ્ત્ર આપવા સારુ તેણે મને મોકલ્યો છે. હે ખ્રિસ્ત, એને સારુ તને ધન્યવાદ આપીએ છીએ. (પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯, ૧૦.) (સાંજને માટે વાપરી શકાય, ગીત અને શાસ્ત્રવાચન, ૧,૨.)

## ૬. આજને માટે વિચાર

તેણે પોતાને ભૂજે બળ દેખાડયું છે; અને ગર્વિષ્ટોને તેઓના હૃદયની કલ્પનામાં વિખેરી નાખ્યા છે. તેણે સરદારોને રાજયાસનો ઉપરથી ઉતારી નાખ્યા છે, અને તેણે દીન જનોને ઊંચા કર્યા છે. તેણે ભૂખ્યાઓને સારાં વાનાંથી તૃપ્ત કર્યા છે; અને શ્રીમંતોને ખાલી હાથે પાછા કાઢયા છે. પરાક્રમી પુરુષોના ધનુષ્યો ભાંગી નાખ્યાં છે; અને લથડિયાં ખાનાર બળથી વેષ્ટિત કર્યા છે. જે તૃપ્ત હતા તે રોટલીને સારુ મજૂરી કરે છે; અને જેઓ ભૂખ્યા હતા તેઓ એશઆરામ ભોગવે છે. તે દરિદ્રીઓને ધૂળમાંથી ઉઠાડે છે, ભિખારીઓને સરદારોની સાથે બેસાડવાને તે તેમને ઉકરડામાંથી ઊભા કરે છે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે સર્વ માનવજાતના ઉત્પન્ન કરનાર, સંભાળનાર અને ન્યાયાધીશ, અમે બધી પછાત જાતિઓ અને લોકો જેઓ અજ્ઞાન, અણસુધરેલી, અને જંગલી ગણાય છે, તેમને માટે પ્રાર્થના કરીએ છીએ. જે સત્ય પ્રકાશ અને જીવન ઈસુ ખ્રિસ્તની મારફતે આવ્યું છે. તે વડે તારા પવિત્રાત્માની મારફતે તેઓને સાચો પ્રકાશ આપ અને અંધકારની સત્તા તળેથી છોડાવ અને તેઓને સાચી પ્રગતી કરાવ. જેઓ ગુના કરનાર જાત કે લોકો ગણાય છે તેમને શેતાનના હાથમાંથી છોડાવ. તેમના હિતમાં જે જે પ્રવૃત્તિ કરવામાં આવે છે તેને ફળવંત કરાવ. નાની વયનાં જે બાળકો અને છોકરાં છોકરીઓ ગુના કરે છે તેમના લાભમાં પણ અમે પ્રાર્થના કરીએ છીએ. જેઓ કેદ ખાનામાં પડેલા છે, અને સજા ભોગવે છે તેમને દિલાસો, ધીરજ શાંતિ આપ તથા નીતિ અને ધર્મનો પ્રકાશ પમાડ. તેમના રખેવાળો, દેખરેખ રાખનારાઓને ઉપરી અમલદારોને પ્રેમ, સેવા અને નમ્રતાનો આત્મા આપ. કેદખાનાઓની મુલાકાત લેનાર તથા સુધારા કરનારાઓને દોરવણી આપ અને સહાય કર. બધા કેદીઓની આંતરિક તથા બાહ્ય સ્થિતિ સુધાર કે તેઓ પાપની ગુલામીમાંથી છૂટીને પરમેશ્વરના દાસ બને. ખ્રિસ્તના નામે. આમીન.

૮.(ખાસ દિવસો, તહેવારો, પ્રસંગો, જરૂરીયાતો, મુશ્કેલીઓ, વગેરે માટે પ્રાર્થના)

હે પ્રભુ, ખ્રિસ્તની ધીમી અને ધીરજવાળી રીતોથી અમે નિરાશ ના થઈએ કે થાકી ના જઈએ પણ છેલ્લા પહોર સુધી કામ ચાલુ રાખીએ. આખી રાત મહેનત કરીને નાસીપાસ થયાં હોઈએ. તો પણ તારા વચનથી ફરી કામે લાગીએ. રાત અંધારી હોય અને પવન પલટો હોય તો પણ હલેસાં મારીને હોડી આગળ ચલાવતા રહીએ ઈસુ ખ્રિસ્તની ધીરજને ખાતર. આમીન.

## ૯. પ્રભુની પ્રાર્થના

**ઓ આકાશમાંના અમારા બાપ............**

૧૦. ઈસુ ખ્રિસ્ત જે વિશ્વાસુ શાહેદ અને મૂએલાંમાંથી પ્રથમ જનિત અને પૃથ્વીના રાજાઓનો અધિપતિ છે તેના તરફથી આપણા પર કૃપા તથા શાંતિ હોજો. આમીન.

# સત્તાવીશમો દિવસ

# ઈશ્વરનું રાજય

## ૧. ગીત

મેં આ લોકોને મારા પોતાના બનાવ્યા છે, તેઓ મારી સ્તુતિ ગાશે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું.)

## ૨. શાસ્ત્રવાચન

મારી પાસે શીખો, કેમકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો. મરિયમ ઈસુના ચરણ આગળ બેસીને તેની વાતો સાંભળતી હતી. ( શાસ્ત્રવાચન કરવું. )

## ૩. ઉપકારસ્તુતિ

જે હલવાનને મારી નાખવામાં આવ્યું હતું તે પરાક્રમ સંપતિ, જ્ઞાન, સામર્થ્ય, માન, મહિમા તથા સ્તુતિ પામવાને યોગ્ય છે. હે સર્વશકિતમાન પ્રભુ દેવ, તારાં કામો મહાન તથા અદ્દ્ભૂત છે. હે યુગોના રાજા, તારા માર્ગ ન્યાયી તથા સત્ય છે. હે પ્રભુ, તારાથી કોણ નહિ બીશે, અને તારા નામની સ્તુતિ કોણ નહિ કરશે? કેમકે એકલો તું જ પવિત્ર છે; હા, સઘળી પ્રજાઓ તારી આગળ આવશે ને તારી આરાધના કરશે; કેમકે તારાં ન્યાયી કૃત્યો પ્રગટ થયાં છે.

## ૪. વિનંતી

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો દેવ, મહિમાવાન પિતા, પોતાના વિષેના જ્ઞાનને સારુ બુદ્ધિનો તથા પ્રકટીકરણનો આત્મા આપણને આપો. તે આપણા જ્ઞાનચક્ષુ પ્રકાશિત કરો, કે જેથી તેના નહોતરાની આશા શી છે તે આપણે જાણી શકીએ. પવિત્રોમાં તેની વરસાની સંપતિ શી છે તે આપણે જાણી શકીએ. તેની મહાન શકિતના સામર્થ્ય પ્રમાણે આપણા વિશ્વાસ કરનારાઓમાં તેની શકિતનું મહત્વ શું છે તે આપણે જાણી શકીએ. આહા! દેવની બુદ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે! તેના ઠરાવો કેવા ગૂઢ છે! ને તેના માર્ગો કેવા અગમ્ય છે !

હે પવિત્ર ઈશ્વર, તારા પવિત્ર શાસ્ત્રના પ્રકાશને સારુ અને તેમાંનાં સર્વ વચનો, વરદાનો અને દિલાસાને સારુ તારો ઉપકાર માનીએ છીએ. તારું પવિત્ર શાસ્ત્ર અમને સહેલાઈથી અને અમને અમારી પોતાની ભાષામાં મળી શકે છે તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ. તારા પવિત્ર શાસ્ત્રના ફેલાવા માટે થતા બધા પ્રયત્નોને સારુ તથા તારાં વચનો સમજાવવા સારુ જે ઉપદેશકો, બોધકો, અને શિક્ષકો

તેં આપ્યા છે તેને સારુ તારો ઉપકાર માનીએ છીએ. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતિ. )

## આખા દિવસ માટે પ્રાર્થના

અમે વિશ્વાસુપણે તને શોધીએ અને આનંદસહિત તને પામીએ અને તને પામીને તારામાં સદા રહીએ એવું કર; તારા પોતાના નામમાં આમીન.

## ૫. જગતમાં ખ્રિસ્તી જીવન જીવવા માટે યાચના

હાલના જમાનામાં ઠાવકાઈથી, પ્રમાણિકપણે તથા ભકિતભાવ રાખીને વર્તવું. તમે જગતમાં છો પણ જગતના નથી. જગતથી પોતાને ડાઘ વગરના રાખો. અવિશ્વાસીઓની સાથે નાલાયક સંગત ન રાખો. જે બહાર છે તેઓની સાથે ડહાપણથી વર્તો, હે **પ્રભુ, એને સારુ અમને કૃપા આપ.** ભૂંડાથી તું હારી ન જા પણ સારાથી ભૂંડાનો પરાજય કર. કુટિલ તથા આડી પ્રજામાં તમે નિર્દોષ તથા સાલસ દેવનાં નિષ્કલંક છોકરા થાઓ, હે **પ્રભુ, એને સારુ અમને કૃપા આપ.** સઘળા માણસોની નજરમાં શોભે તે કરવા કાળજી રાખો. જે ભૂંડું છે તેને ધિક્કારો સારુ છે તેને વળગી રહો. હે **પ્રભુ, એને સારુ અમને કૃપા આપ.** જે કંઈ સત્ય, જે કંઈ સન્માનપાત્ર જે કંઈ ન્યાયી, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકીર્તિમાન છે ; જો કોઈ સદ્‌ગુણ ને જો કોઈ પ્રશંસા હોય તો તે બાબતનો વિચાર કરો. હે **પ્રભુ, એને સારુ અમને કૃપા આપ** . ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦.) ( સાંજને માટે વાપરી શકાય, ગીત, શાસ્ત્રવાચન, ૧,૨. )

## ૬. આજને માટે વિચાર

આપણી નાગરિકતા આકાશમાં છે, ખ્રિસ્તે આપણને સ્વતંત્રતાને સારુ સ્વતંત્ર કર્યા; માટે દૃઢ રહો, અને ફરીથી દાસત્વની ઝૂંસરી તળે ન જોડાઓ. તમારી સ્વતંત્રતા શારીરિક વિષયભોગને અર્થે ન વાપરો, પણ પ્રેમથી એકબીજાની સેવા કરો. સ્વતંત્ર હોવા છતાં દુષ્ટતાને છાવરવાને માટે તમારી સ્વતંત્રતાનો ઉપયોગ કરો, પણ દેવના સેવકોને શોભે એમ વર્તો.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે ધન્યવાદ પ્રભુ, તેં આખું પવિત્ર શાસ્ત્ર અમારા શિક્ષણને માટે લખ્યું છે, તું એવું કર કે અમે તે એવી રીતે સાંભળીએ, વાંચીએ, તેનું મનન કરીએ, તેને શીખીએ, અને મનમાં ઠસાવીએ કે તારા પવિત્ર વચનથી ધીરજ અને દિલાસો પામીને અનંતજીવનની જે ધન્યવાદ ભરેલી આશા અમારા તારનાર ખ્રિસ્ત ઈસુમાં તેં અમને આપી છે, તેને ધારણ કરીએ અને તેને સદા વળગી રહીએ. બાઈબલ સોસાયટીના

કામ પર તારે આશીર્વાદ મોકલ. પવિત્ર શાસ્ત્ર સુવાર્તાઓ તથા બીજા શાસ્ત્રભાગો વેચનાર તથા વહેંચનારાઓને તારા સામર્થ્યથી ભર. જેઓ પવિત્રશાસ્ત્ર અને સુવાર્તાઓ વાંચે છે તેમની અંતર્ચક્ષુ ઉઘાડ, કે તેમાં તેઓ તને જોઈ શકે. તારા પવિત્ર વચનના આદર્શ અને તારા પવિત્ર ઈરાદાઓ પ્રમાણે સમાજ, રાજયો તથા આંતરરાષ્ટ્રની વ્યવસ્થા ઘડાય અને પૃથ્વી પર તારી ઈચ્છા પરિપૂર્ણ થાય એવું કર. ઈસુ ખ્રિસ્ત અમારા તારનારને નામે સાંભળ અને અંગીકાર કર. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ પ્રસંગો, દિવસો, જરૂરીયાતો, મુશ્કેલીઓ, માંદગી વગેરે માટે પ્રાર્થના. )

અમે અનુભવથી જાણીએ છીએ. અને વિશ્વાસ કરીએ છીએ કે રાતના અંધકાર પછી પહો ફાટશે અને સૂર્ય ફરી પ્રકાશશે. અમે વિશ્વાસથી ચાલીએ દૃષ્ટિથી નહિ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના પ્રાર્થના

ઓ આકાશમાંના અમારા બાપ............

## ૧૦. આશીર્વચન

પ્રભુ પિતાનો આશિર્વાદ દરેક દેશ અને દરેક ભાષાના તેના લોક ઉપર રહો; જેઓ પ્રભુને શોધે છે તેઓને કૃપાસહિત તે મળો ; અને આપણને તથા તેના સર્વ લોકોને અત્યારે સર્વ પ્રકારે શાંતિ આપો. આમીન.

# અઠ્ઠાવીસમો દિવસ

## ૧. ગીત

હે યહોવાહના ભકતો, તેનાં સ્તેત્રો ગાઓ અને તેના પવિત્ર નામની ઉપકારસ્તુતિ કરો. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચવું.)

## ૨. શાસ્ત્રવાચન

કયે માર્ગે તારે ચાલવું, તે હું તને શીખવીશ તથા બતાવીશ ; મારી નજર તારા પર રાખીને હું તને બોધ આપીશ. સંબોધક સર્વ સત્યમાં તમને દોરી જશે. ( શાસ્ત્રવાચન કરવું. )

## ૩. ઉપકારસ્તુતિ

હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન, તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા, તે તારાં સઘળા પાપ માફ કરે છે ; અને તારા સર્વ રોગ મટાડે છે. તે તારો જીવ નાશથી બચાવે છે અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. તે ઉત્તમ વસ્તુઓથી તારા મોઢાને તૃપ્ત કરે છે જેથી ગરુડની પેઠે તારી જુવાની તાજી કરાય છે. યહોવાહની કૃપા તેના ભકતો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે.

## ૪. વિનંતી

હે મનવજાતના ઈશ્વર અને પિતા, અને દરેક આત્માના પ્રેમી, અમે તારું ભજન કરીએ છીએ. ઈસુ ખ્રિસ્તમાં તારા આગમને અને ઉધ્ધારક પ્રેમે અમારા જીવનને પવિત્ર બનાવ્યું છે. વધસ્તંભ પરના બલિદાનને માટે તારી ઉપકારસ્તુતિ કરીએ છીએ, કેમકે ત્યાં અમારા જૂના જીવનનો અંત આવે છે અને નવા જીવનનો આરંભ થાય છે. ત્યાં અમે અમારી મૂરખાઈ અને આડાઈનું પરિણામ જોઈએ છીએ અન અમારા માટે તારા અજબ પ્રેમનું દર્શન પામીએ છીએ. વધસ્તંભના સ્વાર્પણમાં અમે જગતને માટે એકજ આશા જોઈએ છીએ. એ પ્રેમનો સંદેશો પતિત માનવ દુનિયાને પહોંચાડીએ અને પોતાનો વધસ્તંભ ઊંચકીને ખ્રિસ્તને પગલે ચાલીએ એવી કૃપા આપ. તું ગઈકાલનો ખ્રિસ્ત નથી, પણ આજનો ખ્રિસ્ત છે, અને સદાકાળને માટે તું અમારી આશા તું થા. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે ખાસ વિનંતિ. )

### આખા દિવસ માટે પ્રાર્થના

તારી પ્રતિમા અમારામાં સંપૂર્ણ થાય ત્યાં સુધી હે પ્રભુ, અમારા મનના વિચારો, અમારા મુખના શબ્દો, અમારા હાથનાં કામો, અને અમારા હૃદયની

અભિલાષાઓ ઉપર તું સત્તા ચલાવ. આજે અમે જે બાંધીએ તે રેતી પર ન બંધાય પણ તે અનંતકાળ ટકે એવું થાય, અમે ઘાસ કે ખૂપરાંથી ન બાંધીએ, પણ તે અગ્નિ પરીક્ષામાં ટકી રહે એવું હોય. આમીન.

## ૫. ધન્યતા માટે યાચના

સીધે માર્ગે જનારાઓને તથા યહોવાહના નિયમ પ્રમાણે ચાલનારાઓને ધન્ય છે. જેઓ યહોવાહથી ડરે છે અને તેના માર્ગમાં ચાલે છે તે સર્વને ધન્ય છે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું કર. હે પ્રભુ તું જેને શિક્ષા કરે છે અને જેને તું નિયમશાસ્ત્ર શીખવે છે તેને ધન્ય છે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું કર. જે માણસ યહોવાહનો ભકત છે અને તેની આજ્ઞાઓ પાળવામાં બહુ ખુશી થાય છે તેને ધન્ય છે. જે માણસનું સામર્થ્ય તારામાં છે, જે તારા માર્ગો ધ્યાનમાં રાખે છે તેને ધન્ય છે. હે પ્રભુ, આ ધન્યતા અમારી થાય એવું કર. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦.) ( સાંજને માટે વાપરી શકાય, ગીત, શાસ્ત્રવાચન, ૧,૨.)

## ૬. આજને માટે વિચાર

દરેક માણસે મુખ્ય અધિકારીને આધીન રહેવું. દરેકને તેના જે હક હોય તે આપો. તમે સર્વને માન આપો. દેવનું ભય રાખો, રાજાનું સન્માન કરો. રાજયસત્તાને આધીન રહેવું, અધિકારીઓના હુકમો માનવા અને સર્વ સારા કામમાં તત્પર રહેવું. નમ્ર રહીને સર્વ માણસો સાથે પૂરેપૂરા વિનયથી વર્તવું. સર્વ બાબતોમાં વિશ્વાસપાત્ર થાઓ, જેથી સર્વ વાતે આપણા તારનાર દેવના સુબોધને દીપાવો. સત્યની વિરુધ્ધ અમે કંઈ કરી શકતા નથી. પણ સત્યને સારુ કરીએ છીએ.

ઈશ્વર, તેં અમને તારા સ્વર્ગીય રાજયનાં દર્શન કરાવીને ધન્ય કર્યા છે; અમે ધીરજથી તે દર્શનને અનુસરીએ અને જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારું રાજય સ્થાપન થાય ત્યાં સુધી વિપત્તિ કે નિરાશાથી અમે પાછા ન હઠીએ એવી કૃપા તું અમને આપ. આમીન.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

પ્રભુ ઈસુ, તેં કહ્યું છે કે જે સાજા છે તેમને વૈદની અગત્ય નથી, પણ જે માંદા છે તેને છે. બધા માંદા, રોગીઓ અને બિમારોને અમે તારે શરણે લાવીએ છીએ. તું આત્મા તથા શરીરનો સાચો વૈદ છે માટે એ સર્વ તારી રક્ષા અને સારવાર તળે લે. જેઓ માંદાની સારવાર, માવજત અને દવા કરે છે તે સૌને, ડોકટરો, વૈદો, હકીમો, નર્સો, કંપાઉન્ડરો અને સેવિકાઓને તારો સેવાનો આત્મા આપ અને બિમારોના હકમાં તેમના હાથને આશીર્વાદરૂપ બનાવ. બધી હોસ્પિટલો, દવાખાનાઓ,

આરોગ્યભુવનો, સુવાવડખાતાં પર તારી કૃપાનો આરોગ્યકારક આશિર્વાદ મોકલ. રક્તપિત્તિયા, ગાંડા, ઘરડાં, અપંગ અને અશકતોના આશ્રમો અને તેમની સેવા કરનારાઓને આશીર્વાદ આપ. જગત પર તારા નિવાસ દરમિયાન તેં આંધળાઓને દેખતા કર્યા, મૂગાઓને બોલતા કર્યાં, બહેરાઓને સાંભળતા કર્યાં; આજે પણ તેઓના ઉપચારો અને સેવાને માટે જે જે કરવામાં આવે છે તેને આશીર્વાદિત કર. તેમને માટેની સંસ્થાઓને તથા કામ કરનારાઓને તારી શકિતથી વેષ્ટિત કર, ને તારું કામ ચાલુ રાખ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ દિવસો, તહેવારો, પ્રસંગો, કાર્યો, જરૂરીયાતો, મુશ્કેલીઓ, માટે પ્રાર્થના.)

રસ્તો સૂઝતો ન હોય એવા અંધકારમાં થઈને અમારે પસાર થવાનું હોય ત્યારે અમે વિશ્વાસથી માનીએ કે તું અમને અંધારી ખીણમાંથી દોરીને પ્રકાશના પ્રદેશમાં લઈ જાય છે. બદલાતા સંજોગો પર નહિ પણ તું જે અવિચળ છે, તે તારા પર અમે નજર રખીએ. મરણના અંધકારની પાર પણ તારો પ્રકાશ અમને વધાવવા ઊભો છે એ વિશ્વાસથી અમે અમારી મુસાફરીમાં આગળ વધ્યા કરીએ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના પ્રાર્થના

( બધાં સાથે બોલે ) **ઓ આકાશમાંના અમારા બાપ............**

## ૧૦. આશીર્વચન

પ્રભુ આપણા આત્માની સાથે થાઓ અને આપણા પર તેની કૃપા થાઓ. આમીન.

# ઓગણત્રીસમો દિવસ

## ૧. ગીત

પ્રજાઓ આનંદ કરે, અને હર્ખથી ગાય ; કેમકે તું લોકોનો અદલ ઈન્સાફ કરશે, અને પૃથ્વી પરની પ્રજાઓ પર રાજ કરશે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું.)

## ૨. શાસ્ત્રવાચન

હું દુઃખી થયો હતો તે મને ગુણકારક થઈ પડયું છે, કેમકે હું તારા વિધિઓ શીખ્યો. ( શાસ્ત્રવાચન કરવું. )

## ૩. ઉપકારસ્તુતિ

રાજયાસન પર બેઠેલો છે તેને તથા હલવાનને સ્તુતિ, માન, મહિમા તથા સત્તા સદા સર્વકાળ હો. તેને મારી નાખવામાં આવ્યો હતો, ને તેં તારા રકતથી દેવને સારુ સર્વકુળોના, પ્રજાના, તથા દેશોના લોકોને વેચાતા લીધા છે; અને અમારા દેવને સારુ તેમને રાજય તથા યાજકો કર્યા છે ; અને તેઓ પૃથ્વી પર રાજ કરે છે.

પવિત્રતાની શોભાએ યહોવાહને ભજો. હે ઈશ્વર, પવિત્રતા એ તારું સૌન્દર્ય પવિત્રતા ની શોભા છે, તેમ અમારી પણ સાચી શોભા થાઓ.

## ૪. વિનંતી

હે પ્રભુ, તારા ધન્ય પુત્ર વડે અમે નમ્રતાથી તારી વિનંતી કરીએ છીએ કે જેઓ અહીં અને બીજી જગ્યાઓમાં તારા પવિત્ર નામને હાંક મારે છે તે સર્વ તારા ઉપકારો માટે નિરંતર અમારું આભારીપણું પ્રગટ કરતા રહીએ. અમે તારા વિષેના તથા તારા પુત્ર વિષેના જ્ઞાન તથા વિશ્વાસમાં પવિત્ર આત્મા વડે દિનપ્રતિ દિન વૃદ્ધિ પામીને આગળ વધતાં જઈએ એવું તું કર ; એ માટે કે તારા પવિત્ર નામનો મહિમા સદા થતો રહે, તથા તારા ધન્ય રાજયનો વિસ્તાર વધતો જાય. પ્રભુનો ધન્ય આશીર્વાદ આપણી સાથે રહો અને આપણે સર્વને આપણાં પાપની માફી આપો. પ્રભુ કૃપાવંત થઈને સર્વ દૃષ્ટતાથી આપણું રક્ષણ કરો અને સર્વ સારાપણામાં દયાવંત થઈને આપણને સંભાળી રાખો. જેણે આપણને બનાવ્યા અને તાર્યાં તે અંત સુધી આપણને પોતાને સારુ નિષ્કલંક જાળવી રાખો. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો, સગાંસ્નેહીઓ, માટે ખાસ વિનંતિઓ. )

## આખા દિવસ માટે પ્રાર્થના

અમે પોતાને તથા અમારા સર્વ વહાંલાઓને તારી સંભાળ તળે મૂકીએ

છીએ, જેથી અમે અમારી જિંદગીના બધા દિવસ અમે શાંતિ અને ભરોસા સહિત તારી સંન્મુખ ચાલીએ. બદલાતા જમાનામાં અને મુશ્કેલ દિવસોમાં હે યુગોના રાજા, તું અમારી મદદ કર. આમીન.

## ૫. ખ્રિસ્તમાં જય પમાડવા યાચના

જે જીતે છે તેને દેવના પારાદેશમાંના જીવનના ઝાડ પરનું ફળ હું ખાવાને આપીશ, જે જીતે છે તેને બીજા મરણનું દુઃખ ભોગવવું પડશે નહિ. **હે પવિત્ર આત્મા, અમને તું ખ્રિસ્તમાં જીત પમાડ.** જે જીતે છે તેને ઉજળાં વસ્ત્ર પહેરાવવામાં આવશે. **હે પવિત્ર આત્મા, અમને તું ખ્રિસ્તમાં જીત પમાડ.** જે જીતે છે તેને મારા દેવના મંદિરમાં સ્તંભ કરીશ, જે જીતે છે તેને હું મારા રાજ્યાસન પર મારી સાથે બેસવા દઈશ, **હે પવિત્ર આત્મા, અમને તું ખ્રિસ્તમાં જીત પમાડ.**( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦.) ( સાંજને માટે વાપરી શકાય, ગીત, શાસ્ત્રવાચન, ૧,૨.)

## ૬. આજને માટે વિચાર

હે સ્વામી, રકત અને માંસના બનેલા માનવીઓની સામે અમારું યુદ્ધ નથી; પણ જગત, દેહ અને શેતાનની સામે અમારું યુદ્ધ છે. **હે પ્રભુ, અમને ટકાવી રાખ.** અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે છે. આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક લશ્કરો સામે છે. **હે પ્રભુ, અમને ટકાવી રાખ.** શેતાનની કુયુકિતઓની સામે અમે દૃઢ રહી શકીએ માટે હે સ્વામી, દેવનાં હથિયારોથી તું અમને સુસજ્જ કર. સત્યથી અમારી કમર કસાવીને ન્યાયપણાનું બખ્તર પહેરાવીને **પ્રભુ, અમને ટકાવી રાખ.** શાંતિની સુવાર્તારૂપી જોડાં પહેરાવીને **પ્રભુ, અમને ટકાવી રાખ.** દુષ્ટના બળતા ભાલા હોલવવાને વિશ્વાસની ઢાલ ધારણ કરાવીને **પ્રભુ, અમને ટકાવી રાખ.** તારણનો ટોપ પહેરાવીને અને દેવના વચનરૂપી આત્માની તરવાર ગ્રહણ કરાવીને **પ્રભુ, અમને ટકાવી રાખ.**

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

હે પ્રભુ, ખ્રિસ્તી માસિકો, વર્તમાન પત્રો, સામાયિકો, ચોપાનિયાંઓ, ટ્રેકટો અને ચોપડીઓ મારફતે તારી સુવાર્તાના સંદેશાનો સુવાસ ફેલાવ, અને તારો મહિમા પ્રગટ કર. તારી મંડળી, ખ્રિસ્તી સમાજ, તારા રાજ્ય તથા સુવાર્તાને માટે એ બધું અસરકારક નીવડો. ટ્રાકટ એન્ડ બુક સોસાયટી તથા ખ્રિસ્તી જ્ઞાનપ્રસારક મંડળીના કાર્ય અને બધા સામુદાયિક અને ખાનગી સાહિત્ય માટેના પ્રયત્નો પર તારો

આશીર્વાદ રેડ. ખ્રિસ્તી લેખકોને તારી કૃપાથી ભર અને દોર. બધાં વર્તમાનપત્રો, ન્યુસપેપરો, સામાયિકો ચલાવનારાઓને તું દોર તથા ચલાવ કે તેઓ સત્ય, સદ્ભાવ, સહકાર, નિતિ અને પ્રીતિનો ફેલાવો કરે. બધા લેખકો ભાષણકર્તાઓ અને સાહિત્યકારો સુરાજ્ય, સુવ્યવસ્થા નિતિ અને શાંતિના જ્યોતિર્ધરો બને. ચલચિત્રો, સિનેમા, રેડિયો, લાઈબ્રેરીઓ, વાંચનાલયો અને બીજી જે જે રીતે જ્ઞાનનો પ્રચાર થાય છે તે બધાનું તારી પવિત્રતાથી નિયમન કર, અને તે દ્વારા લોકોને સત્ય અને પવિત્રતાનું શિક્ષણ મળે એમ કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને નામે માગીએ છીએ. આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ તહેવારો, પ્રસંગો, કાર્યો, જરૂરીયાતો, પ્રવૃત્તિઓ, માટે પ્રાર્થના.)

આખા દિવસનાં પોતાના કામ અને વહીવટનો સાંજે હિસાબ આપવા આવનાર કરભારી પેઠે જયારે અમે દિવસને અંતે તારી પાસે આવીએ ત્યારે અમારો બધો હિસાબ ચોખ્ખો હોય અને અમને શરમાવવાનું કંઈ કારણ ન રહે ; પણ તારા મુખથી સાંભળીએ કે શાબાશ, સારા તથા વિશ્વાસુ કારભારી, તું તારા પ્રભુના વિશ્રામમાં પેસ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના

**ઓ આકાશમાંના અમારા બાપ.............**

## ૧૦. આશીર્વચન

હવે શાંતિનો દેવ પોતે આપણને પૂરા પવિત્ર કરો; અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના આવતાં સુધી આપણો આત્મા, પ્રાણ તથા શરીર સંપૂર્ણ તથા નિર્દોષ રાખવામાં આવો. આમીન.

# ત્રીસમો દિવસ

## ૧. ગીત

લોકો તારા પુષ્કળ પરોપકારનું સ્મરણ કરીને તારી કીર્તિ ગાજવશે. અને તારા ન્યાયપણા વિષે ગાયન કરશે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાચન કરવું.)

## ૨. શાસ્ત્રવાચન

મેં તારા સાક્ષ્યોને મારા સદાકાળનો વારસો માન્યો છે. કેમકે તેઓ મારા હૃદયનો આનંદ છે. ( શાસ્ત્રવાચન કરવું )

## ૩. ઉપકારસ્તુતિ

દેવ જે આપણને સુખાનુભવ સારૂ ગર્વ આપે છે તેની સ્તુતિ થાઓ. દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને વિજય અપાવે છે તેને ધન્યવાદ હો. દેવ બાપ જેણે આપણને પ્રકાશમાંના સંતોના વારસાના ભાગીદાર થવાને યોગ્ય કર્યા છે તેની ઉપકારસ્તુતિ કરો.

## ૪. વિનંતી

હે પ્રભુ સર્વ પવિત્રોના સતસંગને માટે અમે તારી સ્તુતિ કરીએ છીએ. જે સંતો તારી પવિત્ર હજુરમાં ઊભા રહે છે તેઓને સારુ અને જે જયોતો તેમનાં પવિત્ર જીવને સળગાવી તેને સારુ તારી સ્તુતિ કરીએ છીએ, અને છેવટે અમે પણ તેઓની સાથે ગણતરીમાં ગણાઈએ તેને માટે તારી પ્રાર્થના કરીએ છીએ. જેમણે વિશ્વાસુ જીવન ગાળ્યું અને જે વિશ્વાસુપણે મરણ પામ્યાં તે બધાંને અમે યાદ કરીએ છીએ. અને અમને એવી કૃપા આપ કે અમે તેમના સારા નમૂના લઈને એવી રીતે ચાલીએ કે તેમની સાથે અમે તારા આકાશી રાજયના ભાગિયા થઈએ. તું જીવનનો સ્વામી અને મરણનો વિજેતા છે. તારી હજૂરમાં વસતાં અમારાં વ્હાલાઓની કોમળ યાદગીરીને સારુ તારી સ્તુતિ કરીએ છીએ. તેઓ બધાં તારી પાસે સહીસલામતીમાં વસે છે. તેમની પેઠે અમે પણ અહીં તારી સેવા પૂરી કરીએ, જેથી અમે ફરી સ્વર્ગમાં એક સંયુકત કુટુંબ તરીકે મળીએ. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાંસ્નેહીઓ માટે પ્રાર્થના. )

### આખા દિવસ માટે પ્રાર્થના

આજના દિવસનું અજવાળું અમને આપ્યું છે ત્યાં સુધી હે સ્વામી, અમે તારાં કામ કરીએ. તારી ઈચ્છા પૂરી કરવી એ અમારું અન્ન અને જળ થાઓ. આમીન.

## ૫. પવિત્ર નગર

નગરનો રસ્તો ચોખ્ખા સોનાનો નિર્મળ કાચના જેવો હતો. તેમાં મેં મંદિર જોયું નહિ કેમકે સર્વ શકિતમાન પ્રભુ દેવ તથા હલવાન એજ તેનું મંદિર છે. **હાલેલુયાહ સ્તુતિ કરો.** નગરમાં સૂર્ય કે ચંદ્રના પ્રકાશની જરૂર નથી કેમકે દેવનો મહિમા તેને પ્રકાશિત કરે છે અને હલવાન તેનો દીવો છે. **હાલેલુયાહ સ્તુતિ કરો.** તેના પ્રકાશમાં સર્વ પ્રજાઓ ચાલશે અને પૃથ્વીના રાજાઓ પોતાનો ગૌરવ તેમાં લાવશે. **હાલેલુયાહ સ્તુતિ કરો.** દિવસે તેના દરવાજા કદી બંધ થશે નહિ. કેમકે ત્યાં રાત પડશે નહિ. તેઓ સર્વ પ્રજાઓનો ગૌરવ તથા કીર્તિ તેમાં લાવશે, **હાલેલુયાહ સ્તુતિ કરો.** જે કોઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે તે તેમાં કદી પ્રવેશ કરશે જ નહિ. **હાલેલુયાહ સ્તુતિ કરો.** ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦.) સાંજને માટે વાપરી શકાય. ગીત, શાસ્ત્રવાચન, ૧,૨.

## ૬. આજને માટે વિચાર

દ્રવ્યનો લોભ સઘળી ભૂંડાઈનું મૂળ છે, દ્રવ્યલોભ જે મૂર્તિપૂજા છે તેને મારી નાખો. **હે પ્રભુ, એને સારુ અમારી સહાય કર.** જયાં અમારું દ્રવ્ય છે ત્યાં જ અમારું ચિત્ત પણ રહેશે. દેવની તથા દ્રવ્યની સેવા તમે કરી શકો નહિ. પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ન કરો. **હે પ્રભુ, એને સારુ અમારી સહાય કર.** પામવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે. દ્રવ્યની અસ્થિરતા પર નહિ પણ જે દેવ આપણા ઉપભોગને સારુ ઉદારતાથી સર્વ આપે છે, તેના પર આશા રાખો. **હે પ્રભુ, એને સારુ અમારી સહાય કર.** ઉદ્યોગમાં આળસુ ન થાઓ, પ્રભુની સેવા કરો. **હે પ્રભુ, એને સારુ અમારી સહાય કર.**

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

જેટલા આ ક્ષણભંગુર જીવનમાં કલેશ, શોક, અડચણ, રોગ અથવા વિપત્તિમાં પડેલા હોય તેઓ બધાને હે પ્રભુ, દયા કરીને દિલાસો દે તથા સહાય કર. જેઓ માનવી મદદની હદ બહાર ગયેલાં છે, જેમને આશા જ રહી નથી, જેમના મંદવાળ માટે ઉપાય નથી, તેમના પર દયા દૃષ્ટિ કર અને તેમને તારું બળ આપ. ઘડપણ, અશકિત, અપંગતાને લીધે અથવા લડાઈ વગેરેમાં ઘાયલ થવાથી કે બીજા કોઈ કારણે જેઓને વરસ પછી વરસ એવી સ્થિતિમાં પડયા રહેવું પડે છે તે બધાની પાસે રહે. તેમના શરીરની નિર્બળતામાં તેઓના આત્માને તાજા કર અને બળવાન બનાવ, કે તેઓ પોતાનું દર્દ અને કંટાળાભર્યું જીવન ધીરજથી વહી શકે અને બીક વગર મોતને ભેટવા તૈયાર થાય. ખ્રિસ્તના પુનરુત્થાનથી તેં અમને અનંતજીવનની ખાતરી ભરી આશા આપી છે ; જેઓ પોતાનાં પ્રિયજનો માટે શોક કરે છે તેમને

ખ્રિસ્તના વિજયમાં પ્રવેશ કરાવ અને તેમના દુઃખને ઈશ્વરપુત્રોના આનંદમાં ફેરવી નાખ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને નામે આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( ખાસ દિવસ, તહેવાર, પર્વ, કે પ્રસંગ, જરૂરીયાતો, મુશ્કેલી કે માંદગી, માટે પ્રાર્થના ) અમારી આંખોને આંજી નાખતું સૂરજનું તેજ બંધ પડે છે ત્યારે અગણિત તારા, નિઃસીમ બ્રહ્માંડ અને આકાશની શોભા અમે જોઈ શકીએ છીએ. તેમજ જગતના વાનાંઓનું આકર્ષણ દૂર થતાં આકાશી રાજયની વાતો સ્પષ્ટ થાય છે અને તારી હાજરી વધારે ખરી થાય છે. અના દર્શન અમને કરાવ. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના પ્રાર્થના

ઓ આકાશમાંના અમારા બાપ.............

## ૧૦. આશીર્વચન

દેવ પોતાના મહિમાની સંપત્ત પ્રમાણે આપણી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે. અપણા દેવ તથા બાપને સર્વકાળ મહિમા હો. આમીન.

# ( વિષય ) ઈશ્વરનું રાજય

## એકત્રીસમો દિવસ

### ૧. ગીત

હું યહોવાહ આગળ ગાયન કરીશ કેમકે તેણે મહાભારત ફતેહ મેળવી છે. ( ગીત ગાવું અથવા ગીતશાસ્ત્રમાંથી વાંચવું.)

### ૨. શાસ્ત્રવાચન

મેં સર્વ સંપૂર્ણતાની સીમા જોઈ છે ; પણ તારી આજ્ઞાની સીમાજ નથી. આકાશ તથા પૃથ્વી ટળી જશે પણ મારી વાતો ટળી જશે નહિ. (શાસ્ત્રવાચન કરવું)

### ૩. ઉપકારસ્તુતિ

હે પ્રભુ દેવ, આકાશના રાજા, સર્વ શકિતમાન દેવ પિતા, અમે તને વખાણીએ છીએ, અમે તને ધન્યવાદ આપીએ છીએ, અમે તારું ભજન કરીએ છીએ, અમે તારો મહિમા કરીએ છીએ, તારા મહાન ગૌરવ માટે તારો ઉપકાર માનીએ છીએ. અમે તારી સ્તુતિ કરીએ છીએ કે વિપત્તિ, કે સતામણી, દુકાળ કે નગ્નતા, જોખમ કે તરવાર, મરણ કે જીવન, અધિકારીઓ કે પરાક્રમીઓ, વર્તમાનનું કે ભવિષ્યનું ખ્રિસ્તની પ્રીતિથી અમને જુદા પાડી શકે એમ નથી.

### ૪. વિનંતી

તારો ભકત કહે છે, કે '' યહોવાહની વાટ જો. અમે ધીરજથી યહોવાહની વાટ જોઈએ. હે ઈશ્વર, જેઓ તારો ભરોસો કરે છે તે બધાંનો સંભાળનાર તું છે, તારી આગેવાની તથા દોરવણી વડે અમે નાશવંત વસ્તુઓથી એવી રીતે પાર થઈએ કે છેવટે અક્ષય વાનાંઓ ખોઈએ નહિ. તું દયા કરીને અમારાં મન અને શરીર બંન્નેની તારા નિયમના માર્ગમાં અને તારી આજ્ઞાઓ પ્રમાણે ચાલવામાં દોરવણી કર ; અને તેમને તારા અધિકાર તળે રાખ, કે જેથી આ લોકમાં તેમજ પરલોકમાં તારી સમર્થ રક્ષા થકી દેહ અને આત્મા સહિત રક્ષાએલાં રહીએ. ( હાજર તથા ગેરહાજર કુટુંબીજનો અને સગાં સ્નેહીઓ માટે ખાસ વિનંતિ. )

### આખા દિવસ માટે પ્રાર્થના

આજના દિવસ દરમિયાન અમે વારંવાર તારા તરફ વળીએ, જેથી આજના કામને સારુ અમે બળ પામીએ, અને શાંત હૃદયથી મુશ્કેલીઓ અને પ્રલોભનોનો સામનો કરી શકીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૫. પ્રભુની ઈચ્છા પ્રમાણે થાય એ યાચના

હું જેટલા પર પ્રેમ રાખું છું તે સર્વને ઠપકો આપું છું તથા શિક્ષા કરું છું. માટે તું ઉત્સાહી થા. તું જાગૃત થા. અને બાકીના જે મરવાની અણી પર છે. તેઓનો દઢ કર. **હે પ્રભુ, તારી ઈચ્છા પ્રમાણે થાઓ.** જુઓ, તારી આગળ મેં બારણું ઉઘાડું મૂક્યું છે, તેને કોઈ બંધ કરી શકે તેમ નથી. તારે જે સહન કરવું પડશે તેથી બીતો ના. તમારી પાસે જે છે તેને હું આવું ત્યાં સુધી વળગી રહો. **હે પ્રભુ, તારી ઈચ્છા પ્રમાણે થાઓ.** પ્રભુ, તેં અમારી ખાતર મશ્કરી અને વધસ્તંભની શરમ વેઠી છે. અમારી બધી અંગત સગવડો કરતાં તારા નામને માન આપવું એને અમે અધિક ગણીએ, એને સારુ અમને શકિત આપ. તારા પરના વિશ્વાસને સારુ જે બધા સતામણી પામે છે તેમના પર તારો આશિર્વાદ રેડ. **હે પ્રભુ, તારી ઈચ્છા પ્રમાણે થાઓ.** આમીન. ( પ્રભુએ શીખવેલ પ્રાર્થના અને આશીર્વચન, ૯ , ૧૦, ) ( સાંજને માટે વાપરી શકાય, ગીત, શાસ્ત્રવાચન, ૧,૨.)

## ૬. આજને માટે વિચાર

જે મહિમા આપણને પ્રગટ થનાર છે તેની સાથે આ વખતનાં દુઃખો સરખાવવા જોગ નથી. સૃષ્ટિની ઉત્કંઠા દેવનાં છોકરાંના પ્રગટ થવાની વાટ જોયાં કરે છે, તે એવી આશાથી કે સૃષ્ટિ પોતે પણ દાસત્વમાંથી મુકત થઈને દેવનાં છોકરાંના મહિમા સાથે મુકિત પામે. જુઓ દેવનો મંડપ માણસોની સાથે છે. દેવ તેઓની સાથે વાસો કરશે, તેઓ તેના લોક થશે, અને દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે. તેના દાસ તેની સેવા કરશે ; તેઓ તેનું મુખ નિહાળશે, અને તેઓ સદા સર્વકાળ રાજ કરશે.

## ૭. મધ્યસ્થીની પ્રાર્થના

જેમની મહેનતને લીધે અમને ખોરાક, કપડાં, રહેવાનું ઘર અને બીજાં સાધનો મળે છે તે બધા મહેનત કરનારાઓને હે પ્રભુ, અમે તારો આભાર માનીએ છીએ. ખેતર, વાડી અને કારખાનાઓમાં મહેનત કરનારા, જમીન અને પાણી ઉપર વહેવાર ચલાવનારા અને ટાઢ તડકો વેઠીને શ્રમ કરનારા બધા શ્રમજીવીઓને પ્રભુ, તારો આશીર્વાદ દે. જેઓ ખાણોમાં, દરિયાપર, વિમાનો અને બીજા વાહનોમાં જોખમ ભરી સ્થિતિમાં મજૂરી કરે છે, જેઓ ચોકી અને રક્ષાના કામમાં લાગેલા છે, બધાની પ્રભુ તું રક્ષા કર. જેઓ હસ્તઉદ્યોગ અને કૌશલ્યથી તથા મગજથી કામ કરે છે તેઓને તારી કૃપા આપ કે તેઓ પોતાનું કામ ખંતથી કરે અને તેમાં આનંદ અનુભવે. બધા ધંધાદારીઓ, કુશળ કારીગરો અને કળાકારોને તારા દાનથી નવાજ, કે તેઓ અમારા સામાન્ય જીવનોને સમૃદ્ધ બનાવે અને એ રીતે તારો મહિમા કરે.

ઈસુ પ્રભુના નામમાં આમીન.

## ૮. ખાસ માગણીઓ અને રાત માટે પ્રાર્થના

( તહેવાર, ખાસ દિવસ, પ્રસંગ, કાર્ય, જરૂરીયાત, મુશ્કેલી, વગેરે માટે પ્રાર્થના.)

દિવસ પૂરો થાય ત્યારે તારી શાંતિ અમારા ઉપર અને અમારાં ઘર ઉપર ઊતરો. ભરોસા સહિત રક્ષા તળે અમે પોતાને સોંપી દઈએ, અને કહીએ કે " હું શાંતિમાં સૂઈશ અને ઊંઘી પણ જઈશ, કારણ કે હે યહોવાહ, તું મને સલામત રાખે છે. આમીન.

## ૯. પ્રભુએ શીખવેલ પ્રાર્થના પ્રાર્થના

ઓ આકાશમાંના અમારા બાપ............

## ૧૦. આશીર્વચન

તેનામાંથી તથા તેના વડે તથા તેને અર્થે સર્વસ્વ છે, તેને સર્વકાળ મહિમા હો. આમીન.

# પ્રાસંગિક પ્રાર્થનાઓ

## ૧. નવા મહિના, નવા વરસ અથવા નવા અઠવાડીયા માટે પ્રાર્થના

હે સનાતન પ્રભુ પરમેશ્વર, તેં તારા દાસોને એક બીજા મહિના ( વરસ, અઠવાડિયા ) ની શરૂઆતે આણ્યા છે. ગયા આખા મહિના ( વરસ, અઠવાડીયા ) દરમિયાન તારી ભલાઈ, તારી મદદ અને તારા આશીર્વાદોને માટે તારો આભાર માનીએ છીએ. અમે નમ્રતાથી તને વિનવીએ છીએ કે ગત કાળનાં અમારાં પાપ તથા ભૂલચૂકોની માફી આપ. કૃપા કરીને આ આખો મહિનો ( આખું વરસ, અઠવાડિયું અને ) અમારા જીવનના બધા દિવસો સુધી તું અમારી સાથે રહે. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને લીધે આમીન.

## ૨. વરસગાંઠ, જન્મદિવસે પ્રાર્થના

સર્વસમર્થ અને સદા જીવંત ઈશ્વર, તારા જે દાસ ( દાસી )નો આજે જન્મદિવસ ( વરસગાંઠ ) છે તેને તું બીજા ઘણાં સુખી વારસોનું દાન આપ.અત્યાર સુધી તેં તેને જે જિંદગી બક્ષી છે તેને માટે અમે તારો આભાર માનીએ છીએ. તારા બાળકને શોભે એવી રીતે તે પોતાનું આખું જીવન ગાળે અને તારી ઈચ્છા અનુસાર આ પેઢીના લોકોની સેવા કરે એવું કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૩. પ્રભુના વાર ( રવિવાર ) અંગે પ્રાર્થના

હે સર્વ શકિતમાન દેવ, તેં તારા લોકને વિશ્રામનો દિવસ આપ્યો છે. અને મંડળીમાં તારા આત્મા વડે અઠવાડીયાના પ્રથમ દિવસને તારા દીકરાના પુનરુત્થાનની જાથુ યાદગીરી થવા સારુ જુદો કર્યો છે. તું એવું કર કે અમે એ દાન ને એવી રીતે વાપરીએ કે અમે શરીર અને આત્મામાં તાજગી અને બળ પામીને અમારા જીવનના બધા દહાડા વિશ્વાસુપણાએ સેવા કરતા રહીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૪. પ્રભુભોજન ( પવિત્રસંગત ) માટે અગાઉથી પ્રાર્થના

હે ઈશ્વર, અમે અમારાં તારનાર અને ઉદ્ધારક ઈસુ ખ્રિસ્તના સ્મરણનો સંસ્કાર પાળવાના છીએ, તેથી અમારા વિશ્વાસને સ્થિર કરવા માટે, અમારી આશાને સ્થાપન કરવા માટે અમારા પ્રેમને વિશાળ બનાવવા માટે એ સંસ્કારનો ઉપયોગ કર, અને તારા પ્રિય પુત્રના મરણને અમારા ઉદ્ધાર માટે અસરકારક બનાવ. અમારા અંતઃકરણ પર છંટકાવ પામીને પરમપવિત્રસ્થાનમાં પ્રવેશ કરવાને, તારી મહાન ઉન્નત વેદી આગળ ઊભા રહેવાને, અને તને બુદ્ધિયુકત અને આત્મિક યજ્ઞ

ચઢાવવાને અમે લાયક ગણાઈએ એવું દાન અમને આપ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

### ૫. લગ્ન પ્રસંગે અથવા લગ્નની તારીખે પ્રાર્થના

હે પરમેશ્વેર, તારાં જે સેવકો આજે ( અથવા, આ તારીખે ) પવિત્ર લગ્ન ગ્રંથિથી જોડાયાં છે તેઓને તારો આશીર્વાદ આપ. તારી સંરક્ષક કાળજીથી તેમને ઘેરી લે. તેમનું ઘર અને કુટુંબ તું બાંધ, કે તેમાં પ્રેમ અને પ્રકાશનો નિવાસ થાય અને એની છાયા તળે સર્વ કંઈ શુદ્ધ, કોમળ અને સત્ય ખિલી નીકળે એવું કર. પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં આમીન.

### ૬. મુશ્કેલ સંજોગો પ્રસંગે પ્રાર્થના

ઓ અકાશી પિતા, તારા લોકોનાં દુઃખ તરફ જો. અમે જે ( મોંઘવારી, દુષ્કાળ, મરકી, રોગ, તુફાન, હુલ્લડ, લડાઈ,......) અમારા પાપોને લીધે વ્યાજબી રીતે સહીએ છીએ તેને તારી દયાથી દૂર કર. તારી રક્ષાથી સજ્જ થઈને તારો મહિમા કરવા માટે અમે બધાં જોખમોથી સદા જળવાઈ રહીએ એવું કર. તારા એકાકી પુત્ર ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

### ૭. ભોજન સમયની પ્રાર્થના

પ્રભુ ઈસુ, ખોરાક ઉપર ઉપકારસ્તુતિ કરીને આશીર્વાદ આપવાની તારી રીત છે, તે પ્રમાણે આ ભોજન પર તારે આશીર્વાદ આપ. સર્વ ભૂખ્યાઓને ભોજન આપ. તું જીવનની રોટલી છે; અમારા આત્મા તથા શરીરને તૃપ્ત કર આમીન.

### ૮. સ્નેહીજનની યાદગીરી માટે ( મૃત્યુ તારીખે ) પ્રાર્થના

અમારા જે વહાલા ( નામ .... ) ને તું તારી હજૂરમાં રહેવા લઈ ગયો છે તેને અમે આજે યાદ કરીએ છીએ અને માગી એ છીએ કે તેની પેઠે અંત સુધી ખ્રિસ્તના પગલામાં ચાલવાને અમને કૃપા આપ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

### ૯. મૃત્યુ પ્રસંગે મરણથી વિયોગ ભોગવનાર માટે પ્રાર્થના

..................ના દુઃખદ મૃત્યુથી સગાસ્નેહીઓને ખેદ થાય છે તેમાં તારાં એ સેવકોને ધીરજ આપ કે તેઓ શાંત થાય અને તારી ઈચ્છા સમજી શકે. તેમને હિંમત આપ કે જે હાથ કદી નુકશાન કરતા નથી તે હાથમાં પોતાન સોંપી દે; સર્વજ્ઞ ડહાપણને તેઓ આધીન થાય અને જે પ્રેમ દુઃખી કરે છતાં અમારે માટે સૌથી સારું શું છે તે પૂરી રીતે સમજે છે તેનો અંગીકાર કરે. ઈસુ ખ્રિસ્ત, જે જીવતા તથા મરેલાઓનો પણ પ્રભુ છે, તેના નામમાં માગીએ છીએ. આમીન.

## ૧૦. માંદાને માટે પ્રાર્થના

પ્રભુ, જો જેના પર તું પ્રેમ કરે છે તે માંદો ( માંદી ) છે. તું આવીને તેના પર તારો હાથ મૂક એટલે તે સાજો ( સાજી ) થશે. વહાલા પ્રભુ, તારી ડહાપણભરી વ્યવસ્થા પ્રમાણે તું કોઈ વાર તારા વિશ્વાસુ સેવકો પાસે કષ્ટ સહનનો વધસ્તંભ ઊંચકાવવાનું યોગ્ય ધારે છે. પરંતુ તેને સારુ તું પોતે તેને લાયક અને તૈયાર કર્યા વગર તેના પર તે કષ્ટ આવવા દઈશ નહિ. વળી તેને ખમવાની તું શકિત આપે તે કરતાં વિશેષ બોજ તેના પર પડવા દઈશ ના. તારા દાસ ( તારી દાસી ) ને તારી ધીરજ આપ અને તેના પર પવિત્રઆત્માનાં સર્વ કૃપાદાન અને દિલાસા પુષ્કળ વધાર. ધન્ય પ્રભુ ઈસુ તારા નામમાં. આમીન.

## ૧૧. માંદગીમાંથી ઉઠયા બદલ ઉપકાર સ્તુતિ

હે ઈશ્વર, જે તારો દાસ માંદો હતો ( તારી દાસી માંદી હતી ) તેને તેં ફરી તંદુરસ્તી આપી, એ તારી અકથ્ય દયાને સારુ અમે તને ધન્યવાદ અને સ્તુતિ અર્પીએ છીએ. માંદગીમાં તું ખરેખર અમારા પર કૃપાવંત થયો છે. શિક્ષા કરનાર હાથ પણ પ્રેમાળ હાથ જ હતો. જે મારે છે તે જ ફરી છાતી સરસાં ચાંપે છે. તારી આંતરિક હાજરીથી અમને દિલાસો દે. એ ભાઈ ( બહેન ) અને અમે બધાં કેવળ તારા મહિમાને અર્થે જીવીએ એવું અમને ઈસુ ખ્રિસ્તને લીધે બક્ષ. આમીન.

## ૧૨. ખાસ દાન અથવા લાભ માટે ઉપકારસ્તુતિ

સર્વ પ્રકાશના પિતા, હરેક ઉત્તમ અને સંપૂર્ણ દાન તારી પાસેથી આવે છે. તારાં ............. દાન ( ઉપકાર ) ને સારુ દયા કરીને અમારા આ ઉપકારાર્થ અર્પણ અને સ્તુતિનો સ્વીકાર કર. અમે અમારા શરીર તથા આત્મામાં અમારા પૂરા બળ અને સામર્થ્યથી સદા તારી સેવા કરીએ અને તારી આપેલી બંક્ષિસને તારા મહિમા અર્થે અને બીજાંઓના હિત માટે વાપરીએ એવું કર. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૧૩. અનુકૂળ ઋતુ અને પાકને સારુ પ્રાર્થના

ઓ દેવ, આકાશી પિતા, જેઓ બધાં તારા રાજયને અને તેનાં ન્યાયપણાને શોધનારાં છે તેમનાં પોષણને માટે જે બધી વસ્તુઓ જોઈએ તે તારા દીકરા ઈસુ ખ્રિસ્ત વડે આપવાનું તેં વચન દીધું છે. અમે તારી વિનંતી કરીએ છીએ કે અનુકૂળ ઋતુઓ અને વરસાદ એવી રીતે મોકલ કે અમે અમારા સુખ અને તારા મહિમાને માટે ભૂમિની ઉપજ મેળવીએ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૧૪. નવાં કામ કે પ્રવૃત્તિને સારુ પ્રાર્થના

હે પ્રભુ, તારા પવિત્ર પ્રેરિતો મારફતે તેં અમને શીખવ્યું છે કે અમે જે કંઈ કરીએ તે પ્રભુ ઈસુને નામે અને તારા મહિમાને અર્થે કરીએ. અમે પ્રાર્થીએ છીએ કે જે કામ અમે હાથ ધરીએ છીએ તેને આશિર્વાદ આપ. તે પ્રભુને અર્થે થાય એમ વિશ્વાસથી અને પૂરા દીલથી અમે તે કરીએ. અમે પોતાને અને આ કામને તારા હાથમાં સોંપીએ છીએ; તું દોર, ચલાવ અને પ્રગતિ કરાવ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૧૫. કાર્યક્રમને આરંભે પ્રાર્થના

પ્રભુ, તને વિનવીએ છીએ કે અમારી સર્વ વિચારણા અને કામ ઉપર તું સત્તા ચલાવ. તારા પવિત્રઆત્માથી અમને દોરવણી આપ, અને તારી હાજરીથી અમને પવિત્ર કર. આમીન.

## ૧૬. મુસાફરીએ નીકળતી વખતે પ્રાર્થના

સ્વામી ખ્રિસ્ત, અમે મુસાફરીમાં જઈએ છીએ. તેમાં તું અમારી સાથે ચાલ. દોરવા સારુ તારો પ્રકાશ અને બળ આપવા સારુ તારી હાજરી સિવાય અમે કોઈપણ કામ, પ્રયત્ન કે શોધમાં હાથ ન લગાડીએ. મુસાફરીમાં જનાર હે પ્રભુ, અમે તારી પિતાતુલ્ય રક્ષાને સોંપીએ છીએ. તેમની સંભાળ કર, દોર અને આશીર્વાદ આપ. ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુના નામમાં આમીન.

## ૧૭. અભ્યાસ અંગે કે શાળા–પાઠશાળામાં જતી વખતે પ્રાર્થના

સર્વશકિતમાન પ્રભુ પરમેશ્વર, તારી વિનંતી કરીએ છીએ કે જેઓ વિદ્યાભ્યાસ માટે જાય છે તેમને તારી આશિષ આપ. આત્મા તથા શરીરના સર્વ જોખમોથી તેમને બચાવજે. વિચાર, વચન અને કામમાં તમને સંપૂર્ણ સત્યતા અને શુધ્ધતા આપજે. તારી અને માણસોની પ્રસન્નતામાં તેઓ રોજ વધતા જાય અને પોતાની જિંદગીના સર્વ દિવસો સુધી વિશ્વાસુપણે તારી સેવા કરવાને તૈયાર થાય એવું કર.ઈસુ ખ્રિસ્ત અમારા પ્રભુને નામે આમીન.

## ૧૮. હોનારતમાં આવી પડેલાંઓ માટે પ્રાર્થના

હે ઈશ્વર, જેઓ રેલ ( કે ધરતીકંપ, મરકી, અકસ્માત, કે એવાં કારણો ) ને લીધે દુઃખમાં આવી પડયાં છે તેમના હકમાં અમે વિનંતી કરીએ છીએ કે તેમની આ વિટંબણામાં તારી પિતાતુલ્ય રક્ષા વડે તેમની સહાય કર અને તેમની સેવા માટે મદદ કરવાનું મન બધાંને આપ. ઈસુ પ્રભુના નામમાં આમીન.

# કેટલાક ખ્રિસ્તી તહેવારો

## જાન્યુઆરી

૧લી નવું વરસ
ખ્રિસ્તની સુન્નતનો દિવસ
૬ઠી, એપિફની ( જ્ઞાનીઓ, વિધર્મીઓ આગળ ખ્રિસ્તના પ્રગટ થવાનો દિવસ
૨૫, પ્રેરિત પાઉલના પરિવર્તનનો દિવસ

## ફેબ્રુઆરી

૨૪, પ્રેરિત અને શહીદ માત્થી

## માર્ચ

૨૫, કુમારીકા મરિયમને શુભ સમાચાર મળવાનો દિવસ

## એપ્રિલ

૨૫મી, સુવાર્તિક અને શહિદ માર્ક

## મે

૧લી, પ્રેરિતો અને શહીદ ફિલિપ અને યાકુબ

## જૂન

૫મી, પ્રેરિત અને શહીદ બાર્નાબાસ
૨૯, પ્રેરિત અને શહીદ પિતર

## જુલાઈ

૫મી, પ્રેરિત અને શહીદ યાકુબ.

## ઓગસ્ટ

૬ઠ્ઠી, પ્રભુ ઈસુનું રૂપાંતર
૨૪, પ્રેરિત અને શહીદ બારથલ્મી.

## સપ્ટેમ્બર

## ઓકટોમ્બર

૧૮, સુવાર્તિક લુક
૨૮, પ્રેરિતો અને શહિદો સીમોન અને યહુદા

## નવેમ્બર

૧લી, બધા સંતોનો દિવસ
૩૦મી, પ્રેરિત અને શહીદ આંદ્રિયા.

## ડિસેમ્બર

૨૧મી, પ્રેરિત અને શહીદ થોમા
૨૫, નાતાલ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મદિવસ
૨૬મી, પ્રથમ શહીદ સ્તેફન''બોકસિંગ ડે ગરીબો માટે દાનનો દિવસ ૨૭મી, પ્રેરિત અને સુવાર્તિક યોહાન ૨૮મી, નિર્દોષ બાળકોનો દિવસ

માર્ચની ૨૧મીએ કે તે પછીની પૂનમની પછીનો રવિવાર તે ઈસ્ટર, પુનરુત્થાનનો દિવસ. ઈસ્ટર પછી ૪૦મો દિવસ તે સ્વર્ગારોહણનો દિવસ. ઈસ્ટર પછી ૭ અઠવાડિયે ( પેન્ટેકોસ્ટ ) પવિત્રાત્મા ઉતરવાનો દિવસ. ઈસ્ટર પછી ૮ અઠવાડિયે ( ટ્રિનિટિ ) ત્રિએકતા ( ત્રય ) નો રવિવાર.

## પ્રાર્થનાના વિષયોની કક્કાવારી


| આંકડા | દિવસ અને ( વિભાગ ) બતાવે છે | | પૃષ્ટ |
|---|---|---|---|
| અજવાળાના દીકરા થવા માટે ૨૪ (૮) | ..... | ..... | ૫૫ |
| અણસુધરેલી અને ગુના કરનારી જાતો માટે | ૨૬(૭) | ..... | ૫૯ |
| અદ્રશ્ય દુનિયા ૩૦ (૮) | ..... | ..... | ૬૭ |
| અધિકારીઓ માટે ૨૩ (૭) | ..... | ..... | ૫૩ |
| અનુકૂળ ઋતુને સારુ પ્રાસં. (૧૩) | ..... | ..... | ૭૨ |
| અભ્યાસ માટે જતી વખતે પ્રાસં. (૧૭) | ..... | ..... | ૭૩ |
| અર્પણ થવા માટે ૧૨ (૪) | ..... | ..... | ૩૦ |
| અસ્થિર અવસ્થાવાળા માટે ૮ (૫,૭) | ..... | ..... | ૨૨,૨૩ |
| અંત સુધી ટકી રહેવા માટે ૨૫ (૮) | ..... | ..... | ૫૭ |
| અંધકારમાં બેઠેલાને સુવાર્તાનો પ્રકાશ ૧૮ (૭) | ..... | ..... | ૪૩ |
| આગળ ચાલવા માટે ૨૮ (૮) | ..... | ..... | ૬૩ |
| આગળ વધવા માટે ૧ (૪ બ ) | ..... | ..... | ૮ |
| આજના કામ માટે ૧૮ (૪ બ ) જુઓ “ રોજ | | ..... | ૪૨ |
| આત્માનાં ફળ ૧૮ (૫) | ..... | ..... | ૪૨ |
| આત્મિક યુદ્ધ માટે ૨૯ (૬) | ..... | ..... | ૬૫ |
| આધ્યાત્મિક જ્ઞાનને સારુ ૨૭ (૪) | ..... | ..... | ૬૦ |
| આપત્તિમાં ૯ (૪), ૧૯ (૫) | ..... | ..... | ૨૪,૪૪ |
| આભારનાં અર્પણ ૯, (૩) | ..... | ..... | ૨૪ |
| આરોગ્ય અને સફાઈ માટે ૨૪, (૭) | ..... | ..... | ૫૫ |
| આશાની વૃધ્ધિ માટે ૫ (૧૦), ૧૮ (૧૦) | ..... | ..... | ૧૭,૪૩ |
| આશીર્વાદ માટે ૫ (૧૦) | ..... | ..... | ૧૭ |
| આશીર્વાદ માટે આભાર ૧૩ (૩) | ..... | ..... | ૩૨ |
| આજ્ઞાપાલન માટે ૨ (૫) ૭ (૫) | ..... | ..... | ૧૦,૨૦ |
| આંતરિક અને બાહ્ય રક્ષા માટે ૨૩ (૪) | ..... | ..... | ૫૨ |
| ઈશ્વરનો અવાજ સાંભળવા માટે ૧ (૪) | ..... | ..... | ૮ |
| ઈશ્વરનાં કામ ૨૬ ( ૬ ) | ..... | ..... | ૫૯ |
| ઈશ્વરના રાજયની તૈયારી માટે ૨૩ ( ૬ ) | ..... | ..... | ૫૩ |
| ઈશ્વર પરાયણતા ૧૨ ( ૫ ) | ..... | ..... | ૩૦ |

આંકડા દિવસ અને ( વિભાગ ) બતાવે છે પૃષ્ટ


| | |
|---|---|
| ઈશ્વર પ્રેમ માટે સ્તુતિ ૧ ( ૫ ) ..... ..... | ૮ |
| ઈશ્વરવિદ્યાના વિદ્યાર્થીઓ માટે ૧૧ ( ૭ ) ..... ..... | ૨૯ |
| ઈશ્વર સમીપ રહેવા માટે ૩ (૪ બ) ..... ..... | ૧૨ |
| ઈશ્વર સ્તુતિ ૭ ( ૩ ), ૧૪ ( ૩ ) ..... ..... | ૨૦,૩૪ |
| ઈસુ જેવા મન માટે ૨૫ ( ૬ ) ..... ..... | ૫૭ |
| ઈસ્ત્રાએલ માટે ૨૦ ( ૭ ) ..... ..... | ૪૭ |
| ઊંઘતાં ને જાગતાં ૧૯ ( ૮ ) ..... ..... | ૪૫ |
| ઉત્તેજના માટે, ( મનોનાં ) ૧૩ (૪ બ) ..... ..... | ૩૨ |
| ઊઠતી વેળાએ પ્રાર્થના ૩ ( ૪ ), ૮ (૪ બ) ..... ..... | ૧૨,૨૨ |
| એક ટોળુ થવા માટે ૮ ( ૭ ) ..... ..... | ૨૩ |
| એકતા માટે ૨ ( ૬ ), ૧૨ ( ૬ ) જેઓ " મંડળીની એકતા | ૧૧,૩૧ |
| એકબીજાને મદદ કરવા માટે ૧૫ ( ૫ ), ૧૮ ( ૪ ) ..... | ૩૬,૪૨ |
| ઐક્ય માટે ( જુઓ એકતા માટે ) ..... ..... | |
| ઓ આકાશમાંના અમારા બાપ ૨૦ ( ૩,૪ ) ..... ..... | ૪૬ |
| કષ્ટ પામનારાં માટે ૬ ( ૫ બ ) ..... ..... | ૧૯ |
| કસોટીમાં ૯ ( ૪ ) ..... ..... | ૨૪ |
| કામને માટે ૨૬ ( ૪ ); કાર્યકરો માટે ૧૦ ( ૫ ) ..... ..... | ૫૮,૨૬ |
| કારભારનો હિસાબ ૨૯ ( ૪ ) ..... ..... | ૬૫ |
| કાર્યક્રમને આરંભે પ્રાસં ( ૧૫ ) ..... ..... | ૭૨ |
| કુટુંબના બધાં માણસો માટે ૫ ( ૪ ) ..... ..... | ૧૬ |
| કુટુંબની સુખશાતા માટે સ્તુતિ ૩ ( ૩ ) ...... ..... | ૧૨ |
| કુટુંબો માટે ( બધાં ) ૬ ( ૫ ) ..... ..... | ૧૮ |
| કુદરતના દાનો માટે સ્તુતિ ૧૬ ( ૩ ) ..... ..... | ૩૮ |
| કુદરતમાં તેની સાક્ષી માટે સ્તુતિ ૧૦ ( ૩ ) ..... ..... | ૨૬ |
| કૃપા અને શાંતિ માટે ૧૭ ( ૧૦ ) ( જુઓ શાંતિ માટે ) | ૪૧ |
| કૃપાના સાધનો માટે ૧૪ ( ૪ ) ..... ..... | ૩૪ |
| કૃપાને વાસ્તે સ્તુતિ ૧૧ ( ૩ ) ..... ..... | ૨૮ |
| કૃપાસન આગળ જવા માટે સ્તુતિ ૫ ( ૩ ) ..... ..... | ૧૬ |
| કેદીઓને માટે ૨૬ ( ૭ ) ..... ..... | ૫૯ |
| ખરું અજવાળું ૧૫ ( ૮ ) ..... ..... | ૩૭ |

| આંકડા | દિવસ અને ( વિભાગ ) બતાવે છે | પૃષ્ટ |
|---|---|---|
| ખાસ દાન માટે ઉપકારસ્તુતિ પ્રાસં. | ( ૧૨ ) | ૭૨ |
| ખ્રિસ્તને અનુસરવા માટે | ૨૫ ( ૧૦ ) | ૫૭ |
| ખ્રિસ્તનાં કામ | ૨૫ ( ૬ ) | ૫૭ |
| ખ્રિસ્તનાં કામ માટે ધન્યવાદ | ૨૬ ( ૬ ) | ૫૯ |
| ખ્રિસ્તના જેવા થવા માટે | ૧૫ ( ૪ ) | ૩૬ |
| ખ્રિસ્તનાં દુઃખ સહનનાં લાભ માટે | ૫ ( ૫ ) | ૧૬ |
| ખ્રિસ્ત પરાયણતા | ૧૧ ( ૪ ) | ૨૮ |
| ખ્રિસ્તનું પ્રતિબિંબ | ૯ ( ૮ ) | ૨૫ |
| ખ્રિસ્તના ભાઈ બહેન થવા માટે | ૩ ( ૬ ) | ૧૩ |
| ખ્રિસ્તનું મન | ૨૫ (૫ ) | ૫૬ |
| ખ્રિસ્તનો ચમત્કાર | ૪ ( ૬ ) | ૧૫ |
| ખ્રિસ્તી વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે | ૧૫ ( ૭ ) | ૩૭ |
| ખ્રિસ્તી સમાજની એકતા માટે | ૧૨ ( ૭ ) | ૩૧ |
| સામાજિક સંસ્થાઓ માટે | ૬ ( ૭ ) | ૧૯ |
| ગરજો માટે | ૩૦ ( ૧૦ ) જુઓ જરૂરીયાત ગરજવાનો માટે ૮ (૫) | ૬૭,૨૨ |
| ગુના કરનારા માટે | ૨૬ (૭) | ૫૯ |
| ઘરોમાં ખ્રિસ્તનો વાસ | ૧૧ (૪ **બ** ), ૨૫ (૪) | ૨૮,૫૬ |
| ઘેટાંપાળકને પ્રાર્થના | ૮ ( ૪ ) | ૨૨ |
| છાયા સંબધી | ૧૭ ( ૮ ) | ૪૧ |
| છૂટકારા માટે | ૯, ( ૫ ) | ૨૪ |
| છૂટાછવાયાં વસતા ખ્રિસ્તીઓ માટે | ૭ ( ૭ ) | ૨૧ |
| છોકરાંઓમાં થતાં કામ માટે | ૧૪ ( ૭ ) | ૩૫ |
| જગતમાં રહેતાં ખ્રિસ્તી જીવન જીવવા અંગે | ૨૭ ( ૫ ) | ૬૦ |
| જગતથી બચવા માટે | ૯ ( ૬ ) | ૨૫ |
| જન્મદિવસ માટે પ્રાસં, | ૧૦ ( ૨ ) | ૭૧ |
| જરૂરીયાતો માટે | ૨ ( ૪ ), ૧૦ ( ૪ **બ** ), ૩૦ ( ૧૦ ) | ૧૦,૨૬,૬૭ |
| જરૂરીયાતો અને તેની તૃપ્તિ | ૭ ( ૪ ) | ૨૦ |
| જાળવી રાખવા માટે | ૨૯ ( ૪ ) | ૬૪ |
| જીત માટે | ૨૯ (૫ ) | ૬૪ |
| જુવાનો અને તેમની સંસ્થા માટે | ૪ ( ૭ ) | ૧૫ |

| આંકડા | દિવસ અને ( વિભાગ ) બતાવે છે | પૃષ્ટ |
|---|---|---|
| જૈન ધર્મ માનનારા માટે | ૧૯ ( ૭ ) | ૪૫ |
| ઝનાના મિશન માટે | ૧૪ ( ૭ ) | ૩૫ |
| ટકાવી રાખવા માટે | ૪ ( ૪ બ ) | ૧૪ |
| તૈયારી માટે ( ઈશ્વરના રાજ્યની ) | ૨૩ ( ૬ ) | ૫૩ |
| તોફાનને દહાડે | ૧૯ ( ૫ ) | ૪૪ |
| ત્રીએક ઈશ્વરની સ્તુતિ | ૨ ( ૧૦ ), ૧૨ ( ૩ ) | ૧૧,૩૦ |
| ત્રીએક ઈશ્વરની રક્ષા માટે | ૩ ( ૧૦ ) | ૧૩ |
| દર્દીઓને માટે | ૨૮ ( ૭ ) | ૬૩ |
| દશ આજ્ઞાઓ પાળવા માટે | ૨ ( ૫ ) | ૧૦ |
| દ્રવ્ય વિશે | ૩૦ ( ૬ ) | ૬૭ |
| દારુબંધી માટે | ૭ ( ૧૦ ) | ૫૫ |
| દિલાસા માટે | ૭ ( ૧૦ ) | ૨૧ |
| દુઃખીતો માટે | ૩૦ ( ૭ ) | ૬૭ |
| દુનિયા ( જુઓ પૃથ્વી ) | | |
| દૂર વસતાં વહાલાંઓ માટે | ૭ ( ૭ ) | ૨૧ |
| દૃઢ થવા માટે | ૭ (૧૦), ૧૩ (૧૦) ૧૫ (૧૦), ૧૯ (૧૦) | ૨૧,૩૩,૩૭,૪૫ |
| દેશના લોકો માટે | ૧૯ ( ૭ ) | ૪૫ |
| દેશી મિશનો માટે | ૧૩ ( ૭ ) | ૩૩ |
| દેવના દીકરા દીકરી થવા વિશે | ૨૪ ( ૫ ) | ૫૪ |
| ધન્યતા પ્રાપ્ત કરવા માટે | ૪ (૫),૧૧ (૫), ૨૩ (૫), ૨૮(૫) | ૧૪,૨૮,૫૩,૬૧ |
| ધીરજ માટે | ૨૬ ( ૮ ) | ૬૦ |
| નાલાયકોની પસંદગી માટે સ્તુતિ | ૧૮ ( ૩ ) | ૪૨ |
| નવાં કામ કે પ્રવૃત્તિને સારુ પ્રાસં. | ( ૧૪ ) | ૭૨ |
| નવા જન્મ અને જીવન માટે સ્તુતિ | ૨ ( ૩ ) | ૧૦ |
| નવા દિવસ માટે સ્તુતિ | ૧ ( ૩ ), ૬ ( ૬ ) | ૮,૧૮ |
| નવા મહિના ( વરસ, અઠવાડિયા ) માટે પ્રાસં. | ( ૧ ) | ૭૦ |
| નવા શોધક અને નવા શિષ્યો માટે | ૩ ( ૭ ) | ૧૩ |
| નાગરિક | ૨૮ ( ૬ ), ૨૭ ( ૫, ૬ ) | ૬૩,૬૦,૬૧ |
| નાના ભાઈઓની સેવા | ૨૨ ( ૫ ) | ૫૦ |
| નિવાસ્થાન | ૨૦ ( ૮ ) | ૪૭ |

આંકડા દિવસ અને ( વિભાગ ) બતાવે છે પૃષ્ટ

નિરાશ્રિત અને દલીતો માટે ૨૫ ( ૭ બ ) ..... ..... ૫૭
નિશ્ચિત શબ્દ ૨૨ ( ૪ ) ..... ..... ..... ..... ૫૦
પગધોવા માટે ૧૧ ( ૮ ) ..... ..... ..... ..... ૨૯
પરદેશમાં વસતા ખ્રિસ્તીઓ માટે ૭ ( ૮ ) ..... ..... ૨૧
પરસ્પર લૂંટ અને લડાઈ ૨૨ ( ૭ ) ..... ..... ..... ૫૧
પરસ્પર સહાય માટે ૧૮ ( ૪ ) ૧૫ ( ૫) ..... ..... ૪૨,૩૬
પવિત્રઆત્માની સ્તુતિ ૪ ( ૩ ) ..... ..... ..... ૧૪
પવિત્ર નગર ૩૦ (૫ ) ..... ..... ..... ૬૬
પવિત્ર સંસ્કાર પહેલા પ્રાસં. ( ૪ ) ..... ..... ..... ૭૦
પવિત્ર શાસ્ત્રને સારુ ૨૭ ( ૪,૭ ) ..... ..... ..... ૬૦,૬૧
પસ્તાવો ૪ ( ૪ ) ..... ..... ..... ..... ૧૪
પ્રકાશ તરફ દૃષ્ટિ માટે ૨૩ ( ૮ ) ..... ..... ..... ૫૩
પ્રચાર કાર્યો માટે ૨૯ ( ૭ ) ..... ..... ..... ..... ૬૫
પ્રભુ ઈસુ ૧૨ ( ૧૦ ) ..... ..... ..... ..... ૩૧
પ્રભુ કરે છે તેમ કરવું ૨૦ ( ૫ ) ..... ..... ..... ૪૬
પ્રભુની ઈચ્છા પ્રમાણે થાય ૩૧ ( ૫ ) ..... ..... ..... ૬૮
પ્રભુ ભોજન પહેલા પ્રાસં. ( ૪ ) ..... ..... ..... ૭૦
પ્રભુ વાર અંગે પ્રાસં. ( ૪ ) ..... ..... ..... ૭૦
પ્રભુની પ્રાર્થના ૨૦ ( ૩,૪ ) ..... ..... ..... ..... ૪૬
પ્રભુનું સાંભળવા માટે ૨૧ ( ૮ ) ..... ..... ..... ૪૯
પ્રાર્થના સાંભળવા બદલ સ્તુતિ ૮ ( ૩ ) ..... ..... ૨૨
પ્રિતિ માટે ૧૩ ( ૫ ) ..... ..... ..... ..... ૩૨
પ્રેરિતોનું વિશ્વાસ નામું ૩ ( ૫ ) ..... ..... ..... ૧૨
પાકને સારુ પ્રાસં. ( ૧૩ ) ..... ..... ...... ...... ૭૨
પાઠશાળામાં જતી વખતે પ્રાસં. ( ૧૭ ) ..... ..... ૭૩
પાદરીઓ માટે ૧૦ ( ૭ ) ..... ..... ..... ..... ૨૭
પાળકો માટે ૧૦ ( ૭ ) ..... ..... ..... ..... ૨૭
પાપ ક્ષમા ૨૧ ( ૪ ) ..... ..... ..... ..... ૪૮
પાપથી બચવા માટે ૯ ( ૬ ) ..... ..... ..... ૨૫
પારસીઓ માટે ૧૭ (૭) ..... ..... ..... ..... ૪૧

આંકડા દિવસ અને ( વિભાગ ) બતાવે છે પૃષ્ટ


પૃથ્વી પર સ્વર્ગનું રાજય ૨૮ ( ૭ अ ) ..... ..... ૬૩
પોતા પર આધાર માટે પશ્ચત્તાપ ૧૬ ( ૪ ) ..... ..... ૩૮
બચાવી રાખવા માટે ૬ ( ૧૦ ) ..... ..... ..... ૧૯
બધાં કુટુંબો માટે ૬ ( ૫ ) ..... ..... ..... ..... ૧૮
બધાં પર દયા માટે ૧૭ ( ૫ ) ..... ..... ..... ૪૧
બાઈબલ ૨૭ ( ૪,૭ ) ..... ..... ..... ..... ૬૦,૬૧
બાઈબલ સોસાયટીનાં કામ માટે ૭ ( ૭ ) ..... ..... ૬૧
બાઈબલ વુમનો માટે ૧૪ ( ૭ ) ..... ..... ..... ૩૫
બાળકો માટે ૪ ( ૭ ) ..... ..... ..... ..... ૧૫
બાઈબલમાં સુવાર્તિક કામ માટે ૧૪ ( ૭ ) ..... ..... ૩૫
બુદ્ધ ધર્મ માનનારા માટે ૧૯ ( ૭ ) ..... ..... ૪૫
ભકિત સભાઓ માટે ૨ ( ૭ ) ..... ..... ..... ૧૧
ભટકેલા માટે ૮ ( ૭ ) ..... ..... ..... ..... ૨૩
ભય માટે ૯ ( ૧૦ ) ..... ..... ..... ..... ૨૫
ભાર વહેનાર ખ્રિસ્ત ૯ ( ૪ ) ..... ..... ..... ૨૪
ભોજન સમયની પ્રાર્થના પ્રાસં. ( ૭ ) ..... ..... ૭૧
મદ્યનિષેધ વગેરે માટે ૨૪ ( ૭ ) ..... ..... ..... ૪૮
મરણ પામેલાની યાદગીરી ૩૦ ( ૪ ) ..... ..... ૬૬
મરણથી વિયોગ ભોગવનાર માટે પ્રાસં. ( ૯ ) ..... ..... ૭૧
મદદની માગણી ૨૧ ( ૫ ) ..... ..... ..... ૪૮
મહેનત મજૂરી કરનાર માટે ૩૧ ( ૬ ) ..... ..... ૬૯
મંડળીની એકતા ૧૨ ( ૭ ) ..... ..... ..... ૩૧
મંડળીનાં કામ અને કામ કરનારા માટે ૧૦ ( ૫,૭ ) ..... ૨૬,૨૭
મંદ અવાજ સાંભળવા માટે ૨૩ ( ૮ ) ..... ..... ૫૩
માંગણીમાંથી સ્તુતિ ૯ ( ૪ ब ) ..... ..... ..... ૨૪
માગવા કરતાં અધિક ૧૨ ( ૪ ), ૧૧ ( ૧૦ ) ..... ..... ૩૦,૨૯
માંદાને માટે પ્રાસં. (૧૦) ..... ..... ..... ..... ૭૧
માંદગી પછી ઉપકાર સ્તુતિ પ્રાસ. ( ૧૧ ) ..... ..... ૭૨
મિશનરીઓ માટે ૧૩ ( ૭ ) ..... ..... ..... ૩૩
મુખ્ય આજ્ઞાઓ પાળવા માટે ૭ ( ૫ ) ..... ..... ૨૦

| આંકડા | દિવસ અને ( વિભાગ ) બતાવે છે | પૃષ્ટ |
|---|---|---|
| મુશ્કેલ સંજોગો માટે પ્રાસં | ..... ..... ..... ..... | ૭૧ |
| મુસ્લિમ ધર્મ માનનારા માટે ૨૩ (૭) | ..... ..... ..... | ૫૩ |
| મુસાફરીએ નીકળતી વખતે પ્રાસ. ( ૧૬ ) | ..... ..... | ૭૩ |
| મૃત્યુ તારીખે પ્રાસં. ( ૮ ) | ..... ..... ..... | ૭૧ |
| મૃત્યુ પ્રસંગે પ્રસં. ( ૯ ) | ..... ..... ..... | ૭૧ |
| યહુદીઓ માટે ૨૦ ( ૭ ) | ..... ..... ..... | ૪૭ |
| યહોવાહ મારો પાળક છે ૧૪ ( ૫ ) | ..... ..... | ૩૪ |
| યાદગીરી ( મરેલાની ) પ્રાસં. ( ૮ ) | ..... ..... | ૭૧ |
| યુવકો અને તેમની સંસ્થાઓ માટે ૪ ( ૭ ) | ..... ..... | ૧૫ |
| રવિવાર અંગે પ્રાસં. ( ૩ ) | ..... ..... ..... ..... | ૭૦ |
| રક્ષણ માટે ૨ ( ૪ ), ૩ ( ૪ ), ૧૯ ( ૧૦ ) | ..... ..... | ૧૦,૧૨,૪૫ |
| રક્ષા અને સહાય સ્તુતિ માટે ૧૭ ( ૩ ) | ..... ..... | ૪૦ |
| રાજયસભા માટે ૧૬ ( ૭ ) | ..... ..... ..... ..... | ૩૯ |
| રાજયાધિકારીઓ માટે ૨૧, ૭ | ..... ..... ..... | ૪૯ |
| રાજાઓનો રાજા ૨૧ ( ૬ ), ૧૦ ( ૧૦ ) | ..... ..... | ૪૯,૨૭ |
| રાજા તરીકે આધીનતા ૧૭ ( ૭ ) | ..... ..... | ૪૧ |
| રાજા તરીકે સેવા ૨૨ ( ૫ ) | ..... ..... | ૫૦ |
| રાજા તરીકે સ્તુતિ ૨૫ ( ૩ ), ૨૭ ( ૩ ) | ..... ..... | ૫૬,૬૦ |
| રાતની પ્રાર્થના ૩ બ ( ૮ ), ૭ ( ૮ ) જુઓ સૂતી વખતની પ્રાર્થના | | ૧૩,૨૧ |
| રોજના કામ માટે ૧૮ ( ૪ ) | ..... ..... ..... | ૪૨ |
| રોજના કામમાં સહાય માટે ૧૫ ( ૪ બ ) | ..... ... | ૩૬ |
| રોજની રક્ષા માટે સ્તુતિ ૧૭ ( ૩ ) | ..... ..... | ૪૦ |
| લગ્ન પ્રસંગે, લગ્નની તારીખે પ્રાસં. ( ૫ ) | ..... ..... | ૭૧ |
| લાભ માટે ઉપકાસ્તુતિ પ્રાસં. ( ૧૨ ) | ..... ..... | ૭૨ |
| વધસ્તંભ ૨૮ ( ૪ ) | ..... ..... ..... ..... | ૬૨ |
| વરસગાંઠ માટે પ્રાસં. (૨) | ..... ..... ..... ..... | ૭૦ |
| વિદ્યાર્થીઓ માટે ૧૫(૭) | ..... ..... ..... ..... | ૩૨,૪૮ |
| વિશુદ્ધિ માટે ૧૩ (૪), ૧૯ (૪) | ..... ..... | ૧૨ |
| વિશ્વાસ નામું ૩ ( ૫ ) | ..... ..... ..... ..... | ૬૧ |
| વિશ્વાસથી ચાલવા માટે ૨૭ ( ૮ ) | ..... ..... | ૩૫ |

| આંકડા દિવસ અને ( વિભાગ ) બતાવે છે | પૃષ્ટ |
|---|---|
| શબ્દના પ્રકાશમાં રહેવા માટે ૧૪ ( ૮ ) ..... ..... | ૩૫ |
| શહીદો ૨૦ ( ૬ ) ..... ..... ..... ..... | ૪૭ |
| શાળામાં જતી વખતે પ્રાસં. ( ૧૭ ) ..... ..... | ૭૩ |
| શાંતિને માટે ૧૬ (૭), ૨૧ (૧૦), ૨૩ (૧૦), ૨૭ (૧૦) ..... | ૩૯,૯૦,૬૨ |
| શિક્ષણ સંસ્થાઓ માટે ૫ ( ૭ ) ..... ..... | ૧૭ |
| શિક્ષકો માટે ૫ ( ૭ ), ૧૫ ( ૭ ), ૧૧ ( ૭ ) ..... ..... | ૧૭,૩૭,૨૯ |
| શુદ્ધતા માટે ૧૩ ( ૪ ), ૧૯ ( ૪ ) ..... ..... ..... | ૩૨,૪૪ |
| શોક કરનાર માટે ૩૦ ( ૭ ) ..... ..... ..... | ૬૭ |
| સતાવણી પામનારા માટે ૨૦ (૭) ..... ..... ..... | ૪૭ |
| સતાવણી માટે ૯ ( ૭ ), ૩૧ ( ૫ ) ..... ..... | ૨૫,૬૮ |
| સત્યના શોધકો માટે ૧૯ ( ૭ ) ..... ..... ..... | ૪૫ |
| સદા આપણી સાથે ૧૮ ( ૮ ) ..... ..... ..... | ૪૩ |
| સદાચરણ સારુ બળ માટે ૧૫(૫) ..... ..... ..... | ૩૬ |
| સદાચરણ સારુ કૃપા માટે ૧ (૫) ..... ..... ..... | ૩૮ |
| સફાઈને આરોગ્ય ૨૪ ( ૭ ) ..... ..... ..... | ૫૫ |
| સર્જનથી ઈશ્વરની સ્તુતિ ૨૩(૩) ..... ..... ..... | ૫૨ |
| સવાર અને સાંજની પ્રાર્થના ૨૧ ( ૮ ) ..... ..... | ૪૯ |
| સર્વ કુટુંબો માટે ૬ ( ૫ ) ..... ..... ..... | ૧૮ |
| સંતોને અર્થે સ્તુતિ ૩૦ ( ૪ ), ૧૫ ( ૩ ) ..... ..... | ૬૬ |
| સન્ડે સ્કૂલ માટે ૩ (૭) ..... ..... ..... ..... | ૧૩ |
| સંસ્કાર લેનાર માટે ૨ ( ૭ ) ..... ..... ..... | ૧૧ |
| સારા કામને માટે ૧૩ ( ૪ બ ), ૨૦ ( ૧૦ ) ..... ..... | ૩૨,૪૭ |
| સાબ્બાથ શાળા માટે ૩ ( ૭ ) ..... ..... ..... | ૧૩ |
| સાર્વત્રિક મંડળી માટે ૧ ( ૭ ) ..... ..... ..... | ૯ |
| સારી ઈચ્છાઓ માટે ૧૪ (૪ બ) ..... ..... | ૩૪ |
| સારુ જીવન જીવવા માટે ૬ ( ૪ ) ..... ..... ..... | ૧૮ |
| સાહિત્યથી પ્રચાર માટે ૨૯ ( ૭ ) ..... ..... ..... | ૫૫ |
| સાંજની પ્રાર્થન ૨,૫,૪,૧૦,૧૨,૧૩, (૮) ..... ..... | ૧૧,૧૭,૧૫,૨૭,૩૧,૩૩ |
| સુવાર્તિક ઉમેદવાર માટે ૧૧ ( ૭ ) ..... ..... ..... | ૨૯ |
| સુવાર્તિકોની મદદ માટે ૧૪ ( ૭ ) ..... ..... ..... | ૩૫ |

આંકડા દિવસ અને ( વિભાગ ) બતાવે છે પૃષ્ટ

સુવાર્તા પ્રચાર માટે ૧૩ ( ૭ ), ૧૪ ( ૭ ) ..... ..... ૩૩,૩૫
સુવાર્તિકો માટે સ્તુતિ ૨૬( ૩ ) ..... ..... ..... ૬૮
સ્તુતિ ૧૪ (૩), ૨૧ : ૩ (૩), ૩૧ ( ૩ ) ..... ..... ૯,૬૯
સૂતી વખતની પ્રાર્થના ૧,૬,૭,૮,૧૧,૧૯,૩૧ (૮) ૯,૧૯,૨૧,૨૩,૨૯,૪૫,૬૯
સ્થાપન કરવા માટે ૧૪ (૧૦), ૧૫ (૧૦) ..... ..... ૩૫,૩૭
સ્થાયી કામ માટે ૨૯ (૪ બ) ..... ..... ..... ૬૪
સ્થાનિક મંડળી માટે ૧ ( ૭ ) ..... ..... ..... ૯
સ્ત્રી સુવાર્તિકો માટે ૧૪ ( ૭ ) ..... ..... ..... ૩૫
સ્વર્ગીય નગર વિશે ૩૦ ( ૫ ) ..... ..... ..... ૬૬
સ્વર્ગીય રાજયના કામ ૨૬ ( ૬ ) ..... ..... ૫૯
સ્વર્ગીય વલણ માટે ૧૧ ( ૪ ) ..... ..... ..... ૨૮
હિંદના પ્રમુખ અને મંત્રી સભા માટે ૨૧ (૭) ..... ..... ૪૯
હિંમત માટે ૧૯ ( ૪ ) ..... ..... ..... ..... ૪૪
હિંદુ ભાઈ બહેનો માટે ૨૨ ( ૭ ) ..... ..... ૫૧
હોનારતમાં આવી પડેલા માટે પ્રાસં. ( ૧૮ ) ..... ..... ૬૭
જ્ઞાનને સારુ ૨૭ ( ૪ ) ..... ..... ..... ..... ૬૦